કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ
તંત્રી · બચુભાઈ રાવત

પથ્થરની જેમ લાકડાનું કોતરકામ કાળના ઘસારા સામે
બહુ ટકી શકતું ન હોવાથી આજે ભુલાતી
અને નાશ પામતી જતી આપણી કાષ્ઠશિલ્પ-કલાના
માત્ર છેલ્લાં ત્રણસો-સાડાત્રણસો વર્ષજૂના
નમૂના જ હવે મળી શકે છે.
તેનો પરિચય કરાવતા આ અંકમાંના વિદ્વત્તાપૂર્ણ અને
ચિત્રપ્રચુર લેખમાંનું એક ઉદાહરણ અહીં આપ્યું છે.
પ્રાચીન ઘરોમાં ડેલીની ઉપરના માઢમાં વચ્ચે દીવાલમાં
કોતરણીવાળા મદલથી ટેકવેલા
રૂપસુંદર ગવાક્ષ કાઢવામાં આવતા.
આ નીચે આપેલા એવા એક દોઢસો વર્ષજૂના
ઝરૂખાના તળિયાના ચિત્રમાં પણ આપણા
એ સમયના કલાસમૃદ્ધ રસજીવનની ઝાંખી થાય છે.

બારીક કોતરણીયુક્ત મદલવાળો દોઢસો વર્ષજૂનો **ખંભાતનો ઝરૂખો**



આવતી કાલનાં
નાગરિકો માટે
જ્ઞાન-સંસ્કારનું માસિક
વર્ષ ૪૧મું · અંક ૯મો
સપ્ટેમ્બર ૧૯૬૪ · સળંગ અંક ૪૮૯



ભાઈ મારો

ચિત્રકાર · શ્રી વિનાયક માસોજી

કુમાર

ચિત્રો

કાવ્યો

ચરિત્ર


વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૨; પરદેશમાં રૂ. ૧૫ અથવા શિ૦ ૨૪; છૂટક નકલ: રૂ. ૧-૨૫



‘કુમાર’માં આવતા, શ્રી રવિશંકર રાવળના ‘જીવનપટનાં સ્મૃતિચિત્રો’ અને શ્રી પારાશર્યની સત્યકથાઓ વિષેના લેખો માટેના શ્રી બળવંત જોષીના અભિપ્રાય સાથે ‘કુમાર’ના ઘણા ઓછા વાચકો સહમત થશે. શ્રી રાવળનું આત્મકથન તે જમાનાના સામાજિક ઇતિહાસનું શબ્દોમાં આલેખન કરે છે, એટલું જ નહિ પણ આબેહૂબ રેખાચિત્રો દ્વારા તેને જીવંત કરે છે. શ્રી રાવળ જેવા મહાન ચિત્રકાર જ આ કરી શકે. આ ઉપરાંત, શ્રી રાવળ જેવા જે મહાનુભાવોએ જીવનમાં સિદ્ધિ પ્રાપ્ત કરી, તેમનાં જીવનચરિત્રો ઊગતી પેઢીને સંસ્કાર અને પ્રેરણા આપે છે, શ્રી પારાશર્યની સ્મરણીય વ્યકિતઓની સત્યકથાઓમાં કરુણા, ત્યાગ અને ઉદાત્તતાની ભાવનાઓથી સંપૃક્ત જે પવિત્ર વ્યક્તિઓનાં ચરિત્રોનું નિરૂપણ છે તે વ્યક્તિઓ જ્ઞાતિ પ્રાંત કે દેશથી પર, વિશ્વવંદ્ય છે. શ્રી પારાશર્યનો હેતુ તો માનવહૃદયની ઉન્નતતાનું દર્શન કરાવવાનો છે, પરંતુ સ્વાનુભવ ને માહિતીની મર્યાદાને લીધે તેમણે તે માટેની વ્યક્તિઓ એક નાના વર્તુલમાંથી વીણવાનું પસંદ કર્યું. ‘કુમાર’ના લેખોનું મૂલ્ય રસની દૃષ્ટિએ નહિ પણ જ્ઞાન, સંસ્કાર ને પ્રેરણાની દૃષ્ટિએ આંકવું જોઇએ.

શ્રી રાવળને અને શ્રી પારાશર્યને તેમના લેખો માટે હું ધન્યવાદ આપું છું અને આશા રાખું છું કે તેમનો શુભ પ્રયત્ન તેઓ ચાલુ રાખે. વિશેષ ધન્યવાદ હું ‘કુમાર’ને આપું છું કે તેણે આવી સુંદર સામગ્રી મેળવી, પ્રસિદ્ધ કરી ને શ્રી બળવંત જોષીનો ટીકાત્મક પત્ર પણ પ્રસિદ્ધ કર્યો. ‘કુમાર’ પ્રત્યેની શુભ લાગણીથી પ્રેરાઈ શ્રી જોષીએ પોતાનો અભિપ્રાય ‘કુમાર’ને લખી મોકલ્યો તે માટે તેમને પણ ધન્યવાદ ઘટે છે. ‘કુમાર’ને ઝીણવટથી વાંચીને, જાગૃત વાચકો તેની ભૂલો સુધારવા તથા તેનું ઉચ્ચ ધોરણ જાળવવા સતત પ્રયત્નશીલ રહે છે તે ‘કુમાર’નું સદ્ભાગ્ય છે.

(વડોદરા) —(ડૉ.) ન. મા. ભટ્ટ

ઑગસ્ટઅંકમાં શ્રી બળવંત જોષીનો અભિપ્રાય વાંચી દુ:ખ થયું. કેવી રીતે સમજાવવું એ સૂઝતું નથી. જે કંઈ કહેવાનું હતું તે તો આપે જ કહી નાખ્યું છે. છતાં એમણે ‘કુમાર’ના વાચક થઈને જે શબ્દો વાપર્યા છે તે તો અસહ્ય છે. એ જીવનચરિત્રનાં ચિત્રો તો પ્રેરણારૂપ છે. સ્મરણીય વ્યક્તિઓની સત્યકથામાળા વાંચીને ગૌરવ અનુભવાય છે, જ્યારે ભાઇને એમાં રસહીનતા જણાય છે.

(અમદાવાદ) —જયંતીલાલ ડી. પંચાલ

છેલ્લા ‘કુમાર’ના અંકમાં શ્રી પુ. ગોકાણીની ‘તેર નંબરની રૂમ’ નામની વાર્તા, ઘણા વખત પહેલાં શ્રી ધનસુખલાલ મહેતાના નામે લખાએલી મેં વાંચેલી છે ને તે પરભાષામાંથી રૂપાંતરિત હોવાને ઉલ્લેખ હતો. એ વાર્તામાં ઘટનાસ્થળ દિલ્હી હતું, આમાં અમદાવાદ છે. ઘણું કરીને ‘ગુજરાત’ (મુનશીના)ના કોઈ અંકમાં વાંચેલી હતી. ઉપર્યુક્ત શ્રી ગોકાણીની લખેલી ‘ત્રિમૂર્તિ’ નામની વાર્તા પણ ‘કુમાર’-ના અંકમાં થોડા વખત પહેલાં વાંચી હતી તે જ વાર્તા, મૂળ વિદેશી પાત્રનામો સાથે ગુજરાતીમાં શ્રી ધનસુખલાલ મહેતાના એક સંગ્રહમાં ‘ભૂરા વાઝનો ભેદ’ એ નામે વાંચી હતી. તે વાર્તા પણ રૂપાંતરિત હોવાનો શ્રી મહેતાનો ઉલ્લેખ હોવાનું યાદ છે. આ અકસ્માત હોય તેમ જણાતું નથી. આશા છે કે આપ શ્રી ગોકાણી પાસેથી ખુલાસો મેળવી તે ‘કુમાર’માં પ્રસિદ્ધ કરાવવા તકલીફ લેશો.

(ગઢ) —અમૃતલાલ શાહ

[*દોષ અમારો છે. શ્રી ગોકાણીએ તો ‘રૂપાંતર’ લખી મોકલેલું, પરંતુ સંપાદન ખાતાની સરતચૂકથી મથાળું બાંધતી વખતે રહી ગયું છે.]

ઑગસ્ટ અંકમાં પાના ૩૩૮ ઉપર અનેકાર્થી શબ્દના ફકરામાં ‘ભાવ’નો એક અર્થ ‘જ્યોતિષમાં જન્મ સમયનું નક્ષત્ર’ આપ્યો છે. મારી અલ્પ સમજ પ્રમાણે કુંડલી બાર ભાગમાં વહેંચવામાં આવે છે અને આ દરેક ભાગને ‘ભાવ’ કહે છે. આ બાર ‘ભાવ’નાં નામ: દેહ, ધન, બંધુ, માતા, પુત્ર, રોગ, પત્ની, આયુ, ધર્મ, કર્મ, લાભ અને વ્યય આમ સમજાય છે. તો ખુલાસો મેળવશો.

વળી, પૃ. ૩૦૧ ઉપર શ્રી દત્તાત્રેય મો. ફાટક લખે છે કે ઈ. ૧૯૫૦માં ગીરના સિંહોની વસ્તી ૨૧૯ (સરકારી ગણતરી પ્રમાણે હશે) હતી. આ આંકડો બરાબર લાગતો નથી.

જૂન ૧૯૬૪ના અંકનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. એક સંવેદનશીલ

હૃદય જિંદગીમાં એક પ્રતિભાશીલ વ્યક્તિના ધબકાર ઝીલે છે તેનું ચિત્રણ છે. એ અંક બધાંને ખૂબ ગમ્યો.

(મુંબાઈ) —ગોપાલકૃષ્ણ મોદી

પ્રખર ભાષાશાસ્ત્રી શ્રી હરિવલ્લભ ભાયાણીના મત અનુસાર 'મૂછનું મૂળ અસ્પષ્ટ છે.' (શબ્દકથા : અંક ૪૭૨) કલાગુરુ શ્રી રવિશંકર રાવળ લખે છે: 'શ્રી ભાયાણીએ મૂછનું મૂળ અસ્પષ્ટ હોવાનું જણાવ્યું ત્યારે નવાઇ લાગી કે રાતદિવસ પ્રયોજાતા આ શબ્દ પર વિચાર કરવાનું કોઇને કેમ નહિ સૂઝયું હોય!' શ્રી રવિભાઈ 'મૂછ' માંના 'મૂ' ને 'मुह'(मुख) પરથી વ્યુત્પન્ન થયાનું સૂચવીને પુચ્છ, પિચ્છ, પછવાડે જેવા શબ્દોમાં જેમ 'છ' છે તેમ 'मुख' સાથે 'छ'નું ઉચ્ચાર-સામ્ય કલ્પી તેની વ્યુત્પત્તિ સૂચવે છે. શ્રી ભાયાણી આને રમૂજી કલ્પના ગણે છે.

મને લાગે છે કે 'મૂછ' શબ્દ 'मुखच्छद' (સંસ્કૃત), 'मुहछअ' (પ્રાકૃત), 'મૂછ' (ગુજરાતી) એમ વ્યુત્પન્ન થયો હશે. આ શક્ય ખરું કે નહિ? શુદ્ધ સંસ્કૃત શબ્દો 'पुच्छ' (પૂછડું), 'कच्छ' (કછોટો) અનુક્રમે 'पृष्ठच्छद' અને 'कटच्छद' ઉપરથી ઉચ્ચાર સૌષ્ઠવ માટે બનેલા લઘુશબ્દો હોય તો નવાઈ નહિ.

(દ્વારકા) —લક્ષ્મીશંકર અ. જોષી

મે'૬૪ના અંકમાંના 'એકો વન' વિષેના મારા પ્રશ્નનો ઉત્તર વિસ્તારથી આપવા માટે ભાઇ સુશ્રુત પટેલનો આભાર માનું છું.

તા. ૨૯-૭-'૬૪ની રાત્રે ૮ ક., ૧૫ મિ. વીંછીડાની પૂછડી પાસેથી 'એકો વન' નીકળતો જોયો. એની ગતિની ઝડપ અને તેજ વગેરે પરિચિત હતાં. ત્યાર બાદ લગભગ સાડાઆઠની આસપાસ વળી એ જ જગ્યાએથી એક ઉપગ્રહ જોયો. એની તેજસ્વિતા ને ઝડપ 'એકો વન' કરતાં વધુ હતાં. એ સીધો જ ઉત્તર તરફ, પણ સહેજ જ ઈશાન તરફ ગયો.

૩૦મીની રાત્રે ૮માં પાંચ મિનિટે એક ઉપગ્રહ દક્ષિણથી ઉત્તરે ગયો. એકો તે સમયે દેખાય નહિ, અને દેખાય તો પણ ૨૪ કલાકે દક્ષિણથી પૂર્વ દિશામાં ગતિ હોય.

૪'' વ્યાસનો પૃથ્વીનો ગોળો કે લીંબુ (ઉત્તર દક્ષિણ ને અમદાવાદને સ્થાને નિશાની કરી) તેના પર 'રિંગ' કે બંગડી પૂર્વ-પશ્ચિમ રાખવાથી, અમદાવાદ ઉપલા ભાગે હોય કે નીચે પણ, રિંગની દિશા એ જ રહે છે. પરંતુ દક્ષિણ-ઉત્તર પકડી રાખવાથી જણાશે કે ઉપરના ભાગે ઉત્તરથી દક્ષિણ જતો ઉપગ્રહ નીચે અ' વાદ આવે ત્યારે દક્ષિણ-ઉત્તર જતો દેખાય. આ દષ્ટિભ્રમ છે. રિંગ તો એમની એમ જ છે.

હવે, (પટેલને) પૂછવાનું એ રહે છે કે નવો જ્યાતિ એ કયો? જૂન અંકમાં તેમણે જણાવેલ 'એપોલો' તો નહિ ને? કારણ એનું તેજ શુક્ર જેટલું તો નહિ, પણ ગુરુ જેટલું લાગે છે. ટૂંકામાં એમનો જવાબ જોયા પછી પ્રશ્ન જે થએલો તે જ રજૂ કરું તો આ છે:

નરીઆંખેજોઈ શકાય તેવા ઉપગ્રહો કેટલા? અને તેમનાં નામ, કદ, પૃથ્વીથી અંતર, ગતિની (મુખ્ય) દિશા ને પરિભ્રમણ-કાળ તથા પ્રત્યેક ઉપગ્રહ છેલ્લો કઈ તારીખે કેટલા વાગે દેખાયો હતો તે નોંધ પણ બીજે સમય જાણવા માટે જોઇએ છે. વધુ સારું તો એ કે આવી માહિતી કોઈ સામયિક દ્વારા જાણી શકાતી હોય તો તેનું નામ વગેરે.

(ચૂડા) —દિનકર 'મીનપિયાસી'

[મારો જવાબ આપને કદાચ નિરાશ કરશે એ બદલ દિલગીર છું. એ માટે બહુ હરકત ન થાય એવી લાંબી માંદગી, જવાબનું મોટું લંબાણ ('કુમારનાં આખાં બે કે ત્રણ પાનાં), અન્ય વાચકોનો આ વિષય પરત્વે ઓછો રસ વગેરે જવાબદાર છે. આપે જેનો પ્રથમ ઉલ્લેખ કરેલો છે, તે 'એકો વન' જ છે. પણ બીજા ઉપગ્રહની ઓળખાણ માટે એને જાતે જોવો પડે તથા અનેક કારણો રજૂ કરવાં પડે. એટલે नान्यदस्तीतिवादिनः (આ જ છે, અને બીજું નથી) એવા વાદાવાદમાં ઊતર્યા પછી કોઈ એક વ્યક્તિ માટે તેના પુરાવા રૂપે સાબિતી મળે ખરી, પણ એ શંકિત હોય, એ સમજી શકશો. આથી એ માટેનાં ખાસ સાધનોથી સજ્જ એવી ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી (નવરંગપુરા, અમદાવાદ-૯)નો સંપર્ક સાધશો તો તેઓ જણાવશો.

આપે માગી છે તેટલી માહિતી તો મારા મતાનુસાર કોઇ એક સામયિકમાંથી મળવી અશક્ય છે. છતાં નીચે જણાવેલાં સામયિકો નિયમિત જોતા રહેવાથી મળી રહે:

અંગ્રેજી: પૉપ્યુલર સાયન્સ, સાયન્સ ડાઇજેસ્ટ, ડિસ્કવરી, ટાઈમ, ન્યુસ વીક, લાઈફ, નૅશનલ જીઓગ્રોફિકલ મેગેઝીન, સ્પાન (ને સ્પાન તરફથી બહાર પડતી કેટલીક પુસ્તિકાઓ) વગેરે. આ ઉપરાંત NASA (U.S.A) તરફથી બહાર પડતાં માસિકો

(અનુસંધાન પૃષ્ઠ ૩૭૫મે)

શમણું / ચંદ્રકાન્ત શેઠ

• ગાન •

ફૂલ અને ઝાકળની વચ્ચે શમણું મારું બેસે જી,
ચાંદરણાનો અહીં છેડલો સરવરજલે પ્રવેશે જી.

ગગન ઊઘડે, કળી ઊઘડે, દ્વાર ઊઘડે મનનાં જી,
હળવેહળવે નેણ ખોલતાં ઊઘડે મારાં શમણાં જી.

કોઈ છીપને બેઠી મોતી બહાર અરધાં ટમકે જી,
મનનાં મારાં શમણાં એવાં અંધકારમાં ચમકે જી.

જલની ઝીણી ફોરે ફોરે કિરણ સૂરજનાં કોળે જી,
શમણાં એમાં પરાગ લૈને આછાં આછાં ફોરે જી.

શમણું મારું ઊડે હવામાં લટે કોઈ લે લ્હેરી જી,
કોઈ દીવડી મનની એ ગુંજ રહે ઉજાળી દે'રી જી.

એક આંસુમાં ડૂબે એવું શમણું મારું નાનું જી,
એક ફૂલમાં ફાગણ જુએ એવું કિરણ ઉપાનું જી.

શમણાનો કો'ક મળતાંતણે બહરવિ ગુંજ રે'તો જી,
પ્રકાશ એનો ગુપ્ત ગુંજતો મનમાં કલકલ વે'તો જી.

બોલ વાલમના / મણિલાલ દેસાઈ

• ગાન •

ઊંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના,
ઘરમાં સૂતી સાંભળું રે બોલ વાલમના.

ગામને પાદર ઘૂઘરા વાગે,
ઊંઘમાંથી મારાં સપનાં જાગે;
સપનાં રે લોલ વાલમનાં,
ઊંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના.

કાલ તો હવે વડલા-ડાળે ઝૂલશું લોલ,
કાલ તો હવે મોરલા સાથે કૂદશું લોલ;
ઝૂલતાં ઝોકો લાગશે મને,
કૂદતાં કાંટો વાગશે મને;
વાગશે રે બોલ વાલમના,
ઘરમાં સૂતી સાંભળું રે બોલ વાલમના.

આજની જુદાઈ ગોફણ વાળી વીંઝશું લોલ,
વાડને વેલે વાલોળ-પાપડી વીણશું લોલ;
વીંઝતાં પવન અડશે મને,
વીણતાં ગવન નડશે મને;
નડશે રે બોલ વાલમના.
ઊંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના,
ઘરમાં સૂતી સાંભળું રે બોલ વાલમના.

અનિદ્રા / રાજેન્દ્ર શુક્લ

અંધકારને સ્કંધ ટેકવી કપોલ ઝંપે જળ,
બંધબારણે અંધ એકલી અભિલાષ કંપે પળ.

નિમંત્રણ / દિલીપ ઝવેરી

• વસંત – મૃદંગ •

રે, આવ કો'ક દિન આ પથ પે.
ભર્યું ભર્યું
મધ્યાહ્નનું ગગન શ્રાવણનાં ઘનોથી;
આછી હસે રતૂમડી પથમૃત્તિકા, ને
વેરાયલા ધવલ કંકર; આજુબાજુ
ઊગેલ ઘાસ; અણુ ફૂલ ઝૂકંત ઝીણાં;
ખાબોચિયું વચમહીં – જહીં કો'ક કાબર
બેઠી, ડબોળતી જરાક જ ચાંચ; ધ્યાનમ
જોતી રહે; મરમરે હળવેક લીમડો;
ઝંપી બખોલમહીં કો ખિસકોલી કેરી
સ્પર્શે જરાક પૂંછડી મૃદુ સૂર્ય આભથી.
સંતાઈ જાય પલમાં. ફરી રમ્ય શાંતિ.

સૂતી બપોરમહીં સ્વપ્નિલ ગીત કેરા
છંદે હવા સભર; પંકમહીં સૂતેલી
ભેંસો સમાં ઘર બધાં; બસ ક્યાંક ક્યાંક
બોલી રહેત ચકલી...
તહીં એટલામાં
ટ્હૌકો ઊઠે તું ક્યહાંથી પથ પે અચાનક.
ખાબોચિયે પગ પખાળતી, ઘાસ કેરાં
ફૂલોમહીં લહરની જ્યમ ખેલતી જતી,
ઉડાડતી અલસ કાબરને, કૂદીને
આંબી રહે પરણ નીમ તણાં... અને દૃગો
મારાં તને ગગનશ્રાવણઝર્મરો થઈ
ઘેરી રહે.
ઝરમરે અહીં આભ આખું
ભીનો પડ્યો પથ,...
અને ઉર...
ને દૃગો યે... ...

પ્રતીક્ષા

શંભુપ્રસાદ જોશી

• પરંપરિત–ઝૂલણા •

અબઘડીમાં હવે
પ્રસવ!
પંખીગણે
લો મચાવી દીધો
રે કશો તીવ્ર કલશોર!

આ વૃક્ષનાં
પર્ણપર્ણે નર્યાં
વાયુલહરી તણાં
અર્ધ ઊપડયાં મૃદુ ચર્ણ!
શાખા પરે
જીર્ણ કો
નીડ કેરી દીવાલો
કરી થથરે!
આંધળો અંશ આકાશનો
મુક્ત થાવા જ શું તરફડે!

ઘાસની
રે લઘુ પાંદડી
ઓસબિન્દુ મહીં
સ્વપ્ન કેવાં રચે!
ટેકરી પે ઢળી
વાદળીને ઉરે
રંગ આછા લસે!

અબઘડીમાં નક્કી
પુષ્ટ આ ક્ષિતિજથી
પ્રસવ!

હોડી / શશિશિવમ્

(૧)

ચોખ્ખુંચોખ્ખું ચારે કોર આભ,
છલછલ તડકો ભીનેભીને દાભ!
હેરે પેલાં ઝાડપાન, વેરે રંગ-ફૂલ,
હરખહરખભર્યો માનવીનાં કુળ.
છાનોમાનો પરસતો વાયરો ચકોર,
એકમેક હળીભળી આનંદવિભોર.
અંગઅંગે હરેફરે કિરણોની ફૂંક,
રોમેરોમ હેરી ઊઠયાં કેવાં ચૂપચૂપ!
કોણ જાણે, સહસા જ ઘનઘોર આભ
તૂટી પડ્યું, રડી પડ્યું હૈયું સાથસાથ.

(૨)

વહે જાય જલ.
વરસતો મેઘ જોરદાર આમતેમ,
મન જરી રમતમાં જોડું જેમતેમ.
બનાવીને કાગળની હોડી,
વહે જતા જલ માંહી છોડી.
સ્હેજ સરી નમી — ગઈ બૂડી,
વહી ગયું જલ—અને પડી રહી હોડી.

કબૂલ છે / મનહરલાલ ચોકસી

• ગઝલ •

તારું થવું જ જોઈએ દર્શન કબૂલ છે!
મારું ભલે ને થાય વિસર્જન, કબૂલ છે.*

તારા વગર જિવાય નહિ એ જ સત્ય છે,
તું સાથ હોય તો જ આ જીવન કબૂલ છે.

જો હાથ હોય તો જ પ્રણયમાર્ગ પર જવે,
તોડી નહિ શકાય એ બંધન! કબૂલ છે!

ડંકાની ચોટ પર જે ખરું હોય તે કહું,
નીકળી ભલે ને જાય નિકંદન! કબૂલ છે!

જાહેરમાં તો મારી શરત તું કબૂલ કર!
તારી શરત બધી યે મનોમન કબૂલ છે.

તારામઢેલ રાતનું સૌંદર્ય ઓર છે,
અશ્રુ ભરેલ હોય તો દામન કબૂલ છે!

'મનહર' ગઝલનો હાથ ન તરછોડતો કદી,
તારા સહુ થઈ જશે દુશ્મન: કબૂલ છે!

---

*હજરત મૂસાનો પ્રસંગ

ગ્વાલિયર-ગાયકીમાં ખયાલ ગાનના એક સાચા પ્રતિનિધિ અને અદ્ભુત ફિરત તથા સ્વરશુદ્ધિ માટે

વિખ્યાત **મરહૂમ ઉસ્તાદ**

મુશ્તાકહુસેનખાં



જ્યોતિ ભટ્ટ

ઉત્તર પ્રદેશના બદાઉં જિલ્લામાં સહસવાન નામે એક ગામ છે. કહે છે કે સહસ્રબાહુએ એ વસાવેલું. આ સહસવાનમાં મરહૂમ ઉસ્તાદ મુશ્તાકહુસેનખાંનો જન્મ થએલો. એમની દસ વર્ષની વયથી પિતા કલ્લનખાંએ એમને સંગીતની તાલીમ આપવા માંડેલી. વધુ અભ્યાસ માટે ત્યાંથી તેઓ અલીગઢ નજીક ગંગાપાર અમરોલી મુકામે પોતાના મામા પુત્તનખાં અને મહેબૂબખાં 'દરસ' પાસે ગયા. હિંદુસ્તાની સંગીતમાં મહેબૂબખાં 'દરસ'ની દેણગી આગવી ને ઓર છે.

મોસાળમાં રહ્યા એ દરમિયાન ઉસ્તાદ ઈનાયતહુસેનખાંની મહાન ગાયકી સાંભળવાની પણ તક મળી ને ત્યારથી એમના શાગિર્દ બનવાની ખ્વાહિશ એમણે સેવેલી. ઈનાયતહુસેનખાં એ વખતે નેપાળના રાજગાયક હતા. ગ્વાલિયરના વિખ્યાત સંગીતકાર ઉસ્તાદ હદ્દુખાંના તેઓ શાગિર્દ અને દામાદ (જમાઈ) હતા. ચાર વર્ષ મોસાળમાં તાલીમ લઇ તેમણે છેક નેપાળ જઇને પણ ઉસ્તાદ ઇનાયતહુસેનખાં પાસે સંગીત શીખવાનો નિર્ણય કર્યો.

એ કાળે તો અનેક મુસીબતો ભરેલી ગણાતી એ સફર ખેડીને ચૌદ વર્ષની વયે મુસ્તાકહુસેન નેપાળ પહોંચ્યા ને ઉસ્તાદ ઈનાયતહુસેનખાં પાસે તાલીમ લેવા માંડી. વધતી ઉમરમાં એમનો કંઠ ફેરવાયો અને એક સ્વર પર સ્થિર રહેવું મુશ્કેલ બની ગયું ત્યારે તેઓ ઘણા નાઉમ્મીદ બની ગયા, પરંતુ ઉસ્તાદે એમને હિંમત આપી ને સતત છ માસ સુધી માત્ર 'ષડ્જ' (સા) પર જ રિયાઝ કરાવ્યું. ધીરે ધીરે અવાજ કાબૂમાં આવી ગયો અને મુસ્તાકહુસેનની તાલીમ આગે બઢવા લાગી. અઢી વર્ષ પછી તેઓ પાછા મોસાળમાં આવ્યા અને મામા પાસે અભ્યાસ જારી રાખ્યો.

નેપાળના મહારાજા શમશેરજંગ રાણાના અવસાન પછી ઉસ્તાદ ઈનાયતહુસેનખાં રામપુર આવી રહ્યા. એ વખતે વીસ વર્ષના યુવાન મુસ્તાકહુસેન ફરી એમની પાસે પહોંચી ગયા ને તાલીમ લેવા માંડી. ત્રણેક વર્ષ પછી ઈનાયતહુસેનખાં દક્ષિણ હૈદરાબાદના રાજગાયક તરીકે ગયા ત્યારે મુસ્તાકહુસેન પણ એમની સાથે ત્યાં ગયા, ને દસ વર્ષ સુધી એમની પાસે રહી સંગીતની એવી તો એકાગ્ર આરાધના કરી, કે પરિણામે એમના પટ્ટશિષ્ય તે બની રહ્યા એટલું જ નહિ, પણ ઉસ્તાદે એમને પોતાના દામાદ(જમાઈ) પણ બનાવ્યા.

ગુરુ સાથે તેઓ દરેક સંગીતસભામાં જતા અને રસમ અનુસાર ગુરુની પાછળ તાનપુરો લઇ બેસતા તથા સૂર પુરાવતા. ગુરુ જ્યારે ફરી રામપુરના રાજગાયક તરીકે પાછા ફર્યા ત્યારે મુસ્તાકહુસેન પણ સાથે રામપુર આવી રહ્યા. અહીં એમને ગુરુના ભાઇ મહમ્મદહુસેનખાં બીનકાર પાસે અને રામપુરના મહાન સંગીતકાર વઝીરખાં પાસે તાલીમ લેવાની પણ તક મળી. આમ ભિન્નભિન્ન ઉસ્તાદોની તાલીમથી તેઓ ધ્રુપદ, ધમાર, ખયાલ, ટપ્પા, હોરી અને અન્ય ગાયનપ્રકારમાં નિષ્ણાત બન્યા. ગાયનના વિવિધ પ્રકાર શીખવામાં એમને એટલો તો ઉત્સાહ હતો કે એમણે અનેક ઉસ્તાદો પાસે તાલીમ લીધેલી. ઈનાયતહુસેનખાંના એક વિખ્યાત શાગિર્દ હૈદરખાં પાસે પણ તેઓ શીખ્યા. ગાયકીની ખૂબીઓ સમજવાની એમની જલદ તલબમાં ઠુમરીનો પણ સમાવેશ થતો હતો.

રામપુર આવ્યા પછી બેએક વર્ષ બાદ ઉસ્તાદ ઈનાયતહુસેનખાં બહિસ્તનશીન થયા, એટલે એમને સ્થાને રાજગાયક તરીકે મુસ્તાકહુસેનખાંની નિમણૂક થઈ. ત્યારે એ પાંત્રીસ વર્ષના હતા. (રામપુરના નવાબ ખુદ અચ્છા સંગીતકાર હોઇ એમણે ચુનંદા સંગીતજ્ઞોને જ પોતાની પાસે રાખ્યા હતા.) રામપુરના રાજગાયકના એ પદે સતત ચાળીસ વર્ષ સુધી મુસ્તાકહુસેનખાંએ એકનિષ્ઠાથી સેવા આપી.

સ્વાતંત્ર્ય પછી દેશી રાજ્યોનું વિલીનીકરણ થતાં મુસ્તાકહુસેન આકાશવાણી પરથી અવારનવાર સંગીત આપતા. આકાશવાણીના સલાહકાર મંડળમાં પણ તેઓ હતા. સંગીતવિષયક એમની સેવાઓની કદરમાં સંગીત નાટક અકાદમીએ એમને ૧૯૫૨માં શાલ અને એક હજાર રૂપિયાનો રાષ્ટ્રપતિ ઍવૉર્ડ આપેલો. પાંચ વર્ષ પછી ૧૯૫૭માં રાષ્ટ્રપતિને હાથે 'પદ્મભૂષણ' પદનું બહુમાન પણ એ પામ્યા.

છેલ્લાં પાંચેક વર્ષથી ભારતીય કલાકેન્દ્રના કંઠ્ય સંગીતના વિભાગના તેઓ વડા હતા. સરકારી શિષ્યવૃત્તિ મેળવનારા અનેક ગાયકો એમની પાસે શીખવા આવતા. પોતાની આસપાસ પ્રેરણાત્મક વાતાવરણ ઊભું કરી બહુ આનંદથી તેઓ તાલીમ આપતા, છતાં શિષ્યની જરા સરખી ચૂક પ્રત્યે પણ તેઓ અત્યંત કડક રહેતા. એમનો નાનકડો પૌત્ર પણ એમના એ વર્ગોમાં બેસતો. શીખવેલા સ્વરોને જ્યારે એ સાચી રીતે ગાઈ બતાવતો ત્યારે પિતામહની આંખમાં ગૌરવની એક ચમક ઝબકી જતી. પોતાની પાછળ તેઓ અનેક આશાવંત શિષ્યો મૂકી ગયા છે, જેમાં એમના ભત્રીજા અને જમાઇ અશફાકહુસેનખાં અને એમના સૌથી મોટા પુત્ર ઇસ્તિયાકહુસેનખાં પણ છે.

ઉસ્તાદ મુસ્તાકહુસેનખાંએ સંગીત વિષે કોઈ પુસ્તક નથી લખ્યું. પુસ્તકો દ્વારા સંગીત શીખવવામાં એમને શ્રદ્ધા જ નહોતી. પણ

હૃષીકેશ પાઠક

મુસ્તાકહુસેનખાંનું સંગીત



તા. ૧૩મી ઑગસ્ટે રાત્રેનવ વાગ્યા-ના આકાશવાણીના અંગ્રેજી સમાચારમાં સાંભળ્યું કે ઉસ્તાદ મુસ્તાકહુસેનખાંનું આશરે અઠ્ઠાશીથી નેવું વર્ષ જેટલી જઈફ ઉમરે અવસાનથયું. ઑગસ્ટ માસની શરૂઆતથી તબિયત નાદુરસ્ત હતી એવા સમાચાર મળ્યાહતા. તે દિવસે રાત્રે ૧૦ થી ૧૦-૩૦ સુધી દિલ્હી આકાશવાણીએ સ્વર્ગસ્થને અંજલિ આપતા વાર્તાલાપ તથા ૧૦-૩૦ થી ૧૧ સુધી એમણે ગાએલા બાગેશ્રી રાગનો ખયાલ પ્રસારિત કર્યો. એ સાંભળતાં દર વખતની જેમ તેમની કળાની શ્રેષ્ઠતાથી થએલો આનંદ, હવે પછી આ અવાજ માત્ર રેકાર્ડ દ્વારા જ સાંભળવો રહ્યો એ હકીકતના શોકથી ભરેલો હતો. એ તો નિ:શંક છે કે આપણા સંગીતે તેનો એક પરમ ઉપાસક અને અનન્ય પુરસ્કર્તા ગુમાવ્યો છે, ને એટલે અંશે આપણું સંસ્કારજીવન રંક બન્યું છે.

તાલીમની શરૂઆત એમણે ઘરઆંગણે પિતા કલ્વનખાં પાસે કરી, અને ત્યાર બાદ તે પુત્તનખાં તથા જાણીતા સંગીતકાર સંગીત-રચયિતા મહેબૂબખાં 'દરસ' પાસે શિક્ષણ પામ્યા. પણ એમની તાલીમના ખરા શિક્ષક તો ગ્વાલિયર ઘરાણાના વિખ્યાત સંગીતકાર ઉસ્તાદ ઈનાયતહુસેનખાં હતા. આજે જ્યારે 'ઘરાણાં' નામશેષ થતાં જાય છે ત્યારે તે પ્રત્યેની નિષ્ઠા સમજવી મુશ્કેલ છે. એ ઘરાણાંઓ રાગ, ગાયનના પ્રકાર, ચીજો, રાગવિસ્તાર (જેમાં આલાપ, તાન, બઢત, ધમક વગેરે આવે)ને સૌથી વિશેષતો પોતાનાં નિજી રાગ-ઘટન interpretationsથી જાણીતાં હતાં.

મુસ્તાકહુસેનના ગાયનનું મુખ્ય માધ્યમ ખયાલ હતો. ધ્રુવપદ-ધમારની તાલીમ જોકે તેમણે રામપુરમાં લીધી હતી પણ તેમના સંગીતનું વ્યક્તિત્વઅનેપ્રતિભાખયાલ ગાયકીમાં પ્રગટ થતાં. રાગનો ટૂંકો આલાપ (કદાચ સ્વર સ્થિર કરવા પૂરતો જ) કરીને તેઓ ખયાલ શરૂ કરતા અને ચીજના સ્થાયી અંતરામાં જ રાગ સ્પષ્ટ રીતે રજૂ થાય તેની કાળજી રાખતા. ખયાલ ગાયકીમાં કેટલાક રાગોની તેમની અભિવ્યક્તિ તો ચિરસ્મરણીય રહેશે. આમાં બિલાવલ, સારંગ, કલ્યાણ તથા કાનડાના પ્રકારોમાં તેમના સંગીતની લાક્ષણિકતા તથા રાગસંગીતનીતેમની ઊંડી સમજ જોવા મળતી. તેમની પાસેથી આડાચૌતાલની ચીજો સહજમાં સાંભળવા મળતી, જેનો પ્રચાર આજે લગભગ નહિવત્ છે. રાગના વિસ્તારમાં તો જાણે સ્વરોનું સંશોધન કરતા હોય તેવી અસર એ ઊભી કરતા, અને એમાં યે દરબારીનો આંદોલિત ગાંધાર બરાબર લાગુ પડતાં તો તેમની આંખમાં એક ચમકારો આવી જતો! ગુઢ્ઢી હાડકાંનું એમનું શરીર જ જાણે આખો રાગ ધારણ કરી બેઠું છે એવું, સૂક્ષ્મ રીતે સાંભળનાર—જોનારને જણાતું.

મુસ્તાકહુસેનના રાગસંગીતની એક બીજી બાજુ પણ ખાસ નોંધવા જેવી છે. કેટલીકવાર તેઓ મધ્ય લયની ત્રિતાલની ચીજો ગાતા. આમાં ત્રિતાલની જે લય તેઓ બાંધતા—એટલે કે જેને 'મધ્ય લય'માં કહેવાય એવો પોતાનો જે ખયાલ (concept) તેઓ રજૂ કરતા—તે તેમનો એક ઘણો મહત્ત્વનો ફાળો લેખાશે. આવે વખતે તબલાં પર જો તેમની સાથે પ્રખ્યાત અહમદજાન થિરકવા હોય તો એ જોડી રાગ-તાલની અજોડ મેહફિલ આપતી. ત્રણે સપ્તકમાં ફરતો મુસ્તાકહુસેનનો અવાજ અને કોઈ વાર તાર સપ્તકનો તાર તેઓ આંગળીથી જ બતાવી પ્રેક્ષકોમાં રમૂજ પેદા કરતા.

ખયાલ ઉપરાંત, આજે ઓછી સાંભળવા મળતી ત્રિતાલની ઠુમરી પણ તેમની પાસેથી સાંભળવા મળતી. ત્રિતાલની ઠુમરી અભિવ્યક્તિની દૃષ્ટિએ જુદા સ્તર પર હોય છે. મુસ્તાકહુસેન પાસેથી આ ઠુમરી સવિસ્તાર સાંભળવા મળતી. આ ઉપરાંત કેટલાક રાગોના તરાના—ખાસ કરીને ઝિંઝોટીનો 'દોમ તન તાના, તાનાના દોર્ દોર્ તાના'—તેઓ મઝા અને રંગતથી રજૂ કરતા. સંગીતના આ પ્રકારો આમ તો હળવા સંગીતની વધારે નજીક કહેવાય, પણ તેની રજૂઆતમાં કોઈ સ્થળે તેમણે આછકલાપણું જણાવા દીધું નહોતું. એ સઘળા તો એક કલાસ્વરૂપે જ આવિષ્કાર પામતા.

મુસ્તાકહુસેન પાસેથી તેમના પુત્ર ઇશ્તિયાકહુસેને વર્ષો સુધી તાલીમ લીધી છે. કોઈ વાર પિતાપુત્ર ગાતા હોય ત્યારે પિતા પાસેથી પુત્ર ક્યારે અધૂરી તાન ઉપાડી લે છે તે કહેવું મુશ્કેલ બનતું. મુસ્તાકહુસેન એમ કહેતા કે શિષ્ય ગુરુની નકલ કરે તો જ સંગીતની પરંપરા ચાલુ રહે. જોકે એમના આ અભિપ્રાયમાં એક અત્યંત ચર્ચાસ્પદ ને કલાની અભિવ્યક્તિની દૃષ્ટિએ સંકુલ પ્રશ્ન રહેલો છે. શું અનુકરણમાં મૌલિકતા હોય?

નાના બાંધાના, મેંદી લગાડેલી દાઢી તથા તેવા જ માથાનારહ્યાસહ્યા વાળવાળામુસ્તાકહુસેનને જુઓ તો એ કોઈ ગવૈયા છે એવી તો ભાગ્યે જ કલ્પના આવે; પણ જેવા સાંભળવા બેસો એવા જ તમે બધું ભૂલીને રાગમય બની જાઓ! એમનાં ગાયનોની ઘણી રેકૉર્ડ આકાશવાણી પાસે છે તે આપણા સંગીત માટે અહોભાગ્યની વાત છે. ને એમાં પણ એમની પ્રતિભા અનન્ય રીતે વ્યક્ત થઈ હોય તેવા ખાસ રાગોની રેકૉર્ડ ઉતારી શકાઈ છે તે આપણા સંસ્કાર-વારસાને તેમની મહામૂલી ભેટ છે. એમને આજે આપણે ગુમાવ્યા છે ત્યારે એ રેકૉર્ડો દ્વારા એમનો સ્વરદેહ આપણી વચ્ચે રહેશે એ જ આપણું આશ્વાસન છે.

એમની સંગીતરચનાઓ આપણી પાસે છે. એકબીજામાં સમાઈ જતા અનેક રાગોની 'રાગસાગર' નામક રચનાઓ તથા એમના ખયાલ, ટપ્પા, સરગમ, હોરી ને ઠુમરીઓનો મહામૂલો વારસો પણ તેઓ આપણને આપી ગયા છે.

સ્વરો (સરગમ)ની વર્ષોની સાધના વિના જોઈતી સહજતા ને મધુરતાથી સૂર ઊપજાવવા જેટલો કાબૂ અવાજ પર હરગિજ આવી ન શકે એમ તેઓને લાગતું. ઉસ્તાદો પાસે રહીને પરંપરાગત સંગીત-સાધનામાં જ ખરું સંગીતશિક્ષણ છે એમ તેઓ માનતા. શિષ્ય જો શુદ્ધ સ્વરૂપે રાગનું ગાયન ન કરી શકે તો એ કદી એને ખરો ન્યાય આપી શકે નહિ. અને એ માટે તો યોગ્ય પ્રેરણા, સખત રિયાઝ અને પૂરતો સમય જોઇએ. આજે તો શુદ્ધ ઘરાણાના ઉસ્તાદોની સંખ્યા ઉત્તરોત્તર ઘટતી જતી હોવાથી અસલ સંગીતરચનાઓ શીખવી પણ

હવે મુશ્કેલ બનતી જાય છે. તેઓનું કહેવું હતું કે 'આજે વિદ્યાર્થીઓમાં પણ પૂરતી ઉત્કંઠા જોવા મળતી નથી. શિક્ષણસંસ્થાઓ પણ વર્ષમાં અમુક રાગો શીખવી દેવામાં માને છે. આ સંજોગોમાં તો કોઈ ખરો સંગીતકાર કઈ રીતે બની શકે? ભૂંસાતી જતી ઉસ્તાદીરસમની વર્ષોની તાલીમ વિના સારા ગાયકો તૈયાર થવાની આશા રાખવી વ્યર્થ છે.' અને આજનો ફાલ એમની આ માન્યતાને ટેકો આપી રહે છે.

મુસ્તાકહુસેનખાં પોતાને તાનસેન-સદારંગના ઘરાણાના ગાયક માનતા. સાથે અન્ય અનેક ઉસ્તાદો ને ઘણા ઘરાણાઓના તેઓ જ્ઞાતા હતા ને એમની સંખ્યાબંધ 'ચીજો' તેઓ જાણતા હતા. ધ્રુપદ, ધમાર, હોરી, ટપ્પા, ઠુમરી વગેરે પર એમનું પ્રભુત્વ હોવાં છતાં ખયાલની ગાયકી પ્રત્યે એમને વધુ પક્ષપાત હતો.


એક જ ઘરાણાની તાલીમથી સંગીતથી વિવિધ પહલુઓની સમજ આવી શકે નહિ એવી એમની માન્યતા હોવાથી જ એમણે અનેક ઉસ્તાદો પાસે તાલીમ લીધેલી ને એ રીતે તેઓ બહુરંગી ને બહુઢંગી ને ઉસ્તાદ ગાયક હતા. છતાં ભિન્નભિન્ન ઘરાણાઓનો તફાવત પણ તેમના ખયાલમાં બરાબર હતો, એટલે ગાયન પર પડતી એની અસરથી પણ તેઓ પૂરા સજાગ હતા. ઉસ્તાદ ઈનાયતહુસેનખાં પાસેથી તેમણે એમના યે ઉસ્તાદ બહાદુરહુસેનખાંના બિહાગ, ગૌડ સારંગ, તિલક કામોદ, દેશ અને ખમાજ એ પાંચ રાગોની ઊંડી તાલીમ મેળવેલી. એમના પોતાના શબ્દોમાં કહીએ તો તેઓ તો માત્ર એ ઉસ્તાદોની 'નકલ' જ કરતા હતા. 'અસલ ઉસ્તાદો તો સંત પુરુષો હતા. એમના ગાયનની ઉત્કૃષ્ટતા તો એમની સાથે જ મરી પરવારી. આપણે તો એમની "નકલ" કરીએ છીએ. કળાના એમના ધોરણને આપણે ભાગ્યે જ પહોંચી શકીએ.' એમ તેઓ કહેતા.

આમ, પોતાની જાતને તો એક નમ્ર શિષ્ય જ ગણતા ઉસ્તાદ મુસ્તાકહુસેન સ્વભાવે મિલનસાર હોઈ લોકો એમનો પ્રેમથી આદર કરતા. હિંદુસ્તાની સંગીતના એ આજીવન ઉપાસક, પોતાની અદ્ભુત ફિરત તથા સ્વરની શુદ્ધિ માટે વિખ્યાત, 'ગ્વાલિયર ગાયકી'માં ખયાલ ગાનના સાચા પ્રતિનિધિ, ને ઓગણીસમી સદીમાં જન્મેલા લગભગ છેલ્લા એ મહાન ગાયકના અવસાનથી હિંદુસ્તાની કંઠ્ય સંગીતના આસમાનનો એક ઝળહળતો સિતારો ખરી પડ્યો છે.

કોયડા

(૧) એક માણસ હાર્ડવેરની દુકાને ગયો અને દુકાનદારને પૂછ્યું:
'એકનું શું પડશે?' દુકાનદારે જવાબ દીધો, 'બે રૂપિયા.'
'અને બારનું?' દુકાનદારે કહ્યું, 'ચાર રૂપિયા.'
'વારુ, મને નવસો બાર આપો.'
'એના તમને છ રૂપિયા પડશે.' દુકાનદાર બોલ્યો.
તો એ માણસ શું ખરીદતો હતો?

(૨) કેટલા મહિનામાં ત્રીસ દિવસ આવે?



(૩) આ છ બાટલીમાંથી ત્રણ પાણી ભરેલી છે અને બાકીની ત્રણ ખાલી છે. એમાંથી ફક્ત એક જ ઊંચકીને ખાલી અને ભરેલી વારાફરતી આવે એમ ગોઠવી આપો.

('સાયન્ટિફિક અમેરિકન'માંથી) રજનીકાન્ત મોદી

લઘુકથા

સ્ત્રીઓ

મોહનલાલ પટેલ

વસંતના ગુલમહોરની માફક યૌવન ધારણ કરતી લતાની મોહક વાણી ને વારંવારના અકારણ સ્મિતને લીધે જુગલના મનનો ભુજંગ તો ક્યારનો ય સળવળી ઊઠ્યો હતો. એણે લતાની રીતભાત ઉપર વિપુલહર્ષક કાચ મૂકીને પોતાને મનગમતા તર્કનાં પયઃપાન કર્યાં અને એક દિવસ એને હળવા મૂડમાં જોઇને અણઘટતી ચેષ્ટા કરી બેઠો.

લતા તત્ક્ષણ ગંભીર બની ગઈ. ધૂંધવાટથી એનું મુખ રતુમડું બની ગયું અને ભારે રોષમાં એ ત્યાંથી ચાલી ગઇ. વગર કારણે વારંવાર પોતાને ઘેર આવતી લતા પાસેથી આ તાપની ધારણા જુગલે કદી રાખેલી નહિ. લતા ચાલી ગઇ એ પળથી જ એનું ચેન અદૃશ્ય થઈ ગયું અને પોતાના અવિચારીપણા માટે એ પસ્તાઈ રહ્યો. કોઈ ગૂઢ ભય એને ગભરાવી રહ્યો. પળે પળ વધારે ને વધારે અકારી બનતી હતી. બારી બહાર ડોકિયું કરતાં દુનિયા હવે જુદી જ ભાસવા લાગી. સાંજે એ ફરવા ન ગયો. રાત્રે પત્ની પડોશમાંથી મોડી આવીને બોલ્યાચાલ્યા વિના સૂઇ ગઇ એથી એના હોશકોશ ઊડી ગયા. પથારીમાં ક્યાંય સુધી એણે પાસાં બદલ્યા કર્યાં.

પળો વિતાવવી મુશ્કેલ હતી, છતાં ય સવાર જાણે ધસમસતું આવી રહ્યું હતું. થોડી વાર આંખ મીંચાયા પછી જાગ્યો ત્યારે તો સવાર છાતી ઉપર ચડી બેઠું હતું. પથારીમાંથી ઊઠવાની હિંમત જ નહોતી. બાજુમાં કોઇ દાતણ મૂકી ગયું હતું એ લઇને એણે યંત્રવત્ ચાલવા માંડ્યું. પોતે મોં સાફ કરવા ગયો એ દરમિયાન વગર સૂચનાએ કોઇ ટેબલ ઉપર ચા મૂકી ગયું હતું. પત્નીને જાણ થઈ ગયાની એને પૂરેપૂરી શંકા થઇ એટલે તો લતાનો વર્તમાનપત્ર વાંચવા આવવાનો રોજનો સમય થતાં એનું હૈયું ફફડાટ જ કરવા લાગ્યું. લતા આજે નહિ દેખાય એટલે એ વખતે જ પત્ની ધડાકો કરશે, કાં તો!

પણ એની ધારણા ખોટી પડી. છાપું વાંચવાના સમયે બારણામાં મીઠા ટહુકારની સાથે જ સ્મિત કરતી લતા આવીને ઊભી હતી!

જુગલ ફાટી આંખે જોઈ જ રહ્યો. શરીરમાં નવા જીવનનો સંચાર થતો હોય એવો હર્ષોન્માદ એ અનુભવી રહ્યો. લતાને જોઇને હરખાવા કરતાં એના આગમનથી જ એ હર્ષઘેલો બની ગયો. ઝંઝાવાત ચાલ્યો ગયો હતો. બધું સલામત હતું.

રોજની માફક જ લતા હસતી-બોલતી હતી, એટલે એના ગયા પછી પેલા ઉન્માદની અસર નીચે જુગલ બોલ્યો: 'ગજબ છોકરી છે!'

પત્ની આમ તો અબોલા તૂટ્યા પછી ભારે ઝગડો કરવા ઇચ્છતી હતી, પણ પતિનો ઉદ્ગાર ન સહેવાતાં બોલી ઊઠી: 'આંધળા ભીંત થાઓ છો, પણ હવે સખણા રહેજો.'

'એટલે?' જુગલે પત્ની તરફ ભયમૂલક શંકાભરી દૃષ્ટિથી જોયું.

'એ તો તમારા દિલને જ પૂછો ને! કાલે રાત્રે કેટલા ઓળા પાથર્યા છે ત્યારે આજે હસતી-બોલતી આવી છે!'

જુગલ મૂઢ શો ઊભો રહ્યો.

અને પત્ની રીસમાં અંદરના ખંડમાં ચાલી ગઇ.

કોયડાના જવાબ: (૧) મોટરની નંબર-પ્લેટ; (૨) ફેબ્રુઆરી સિવાયના અગિયારે અગિયાર મહિનામાં; (૩) નં. ૨ વાળી બાટલી ઊંચકી એનું પાણી નં. ૫ વાળી બાટલીમાં રેડી દેવું અને પછી એને પોતાની મૂળ જગાએ મૂકી દેવી.

સંક્ષેપકાર
ડૉ. મધુસૂદન પારેખ

ટ્વેલ્ફ્થ (બારમી રાત) નાઇટ

ઇલીરિયાની એક નગરીમાં ડ્યૂક ઑર્સિનોનો અમલ હતો. સ્વભાવે તે માયાળુ, ખાનદાન ને કૈંક ચંચળ હતો. એક દિવસ એક આકર્ષક યુવાન નોકરીની તલાશમાં તેની મુલાકાતે આવી ચડચો. ડ્યૂક તેને નીરખી રહ્યો. પહેલી જ નજરે મોહ પમાડે તેવો ઊજળો ને ઘાટીલો એનો વાન હતો. મૂછની રેખા યે હજુ ફૂટી નહોતી. આંખોમાં વીજળી ચમકતી, અને મુખ પર મોહક સ્મિત. એની વાણીમાંથી અપૂર્વ મીઠાશ અને સંસ્કારિતા ઝરતી હતી. ખરું જોતાં તો હજુ એની કિશોરાવસ્થા હતી—જુવાની બે કદમ દૂર હતી. ઑર્સિનો એનાં રૂપ-છટા-વાણીથી મુગ્ધ થઇ ગયો. પોતાની અંગત સેવા માટે તેણે એ ફૂટડા કિશોરને રાખી લીધો. એનું નામ હતું સીઝારિયો.

થોડા જ સમયમાં સીઝારિયોએ વર્તન ને વાણીથી ઑર્સિનોને વશ કરી લીધો. એને આ મુગ્ધ જુવાનની સોબત ખૂબ ગમતી. એની સમક્ષ હૃદયની અંગત વાતો પ્રગટ કરવામાં એને અનેરો આહ્‌લાદ થતો. સીઝારિયો સેવક હતો, પણ સ્વામીને—ડ્યૂકને તે ખુશામતથી નહિ પણ મીઠાશથી રીઝવતો. વસ્તુતઃ તેને પણ ડ્યૂકની સંગત ગમતી. ડ્યૂકની ગુલાબી વાતોથી તેના મુગ્ધ હૈયામાં તરંગો ઊછળતા—રાતે ડ્યૂકનાં શમણાં આવતાં—એવી એકતા બંને વચ્ચે જામી હતી.

ડ્યૂક આમ તો આનંદી અને ખેલદિલ હતો; પરંતુ એક વ્યથા તેને હમેશાં બેચેન રાખતી. નગરની એક રૂપવતી યુવતી ઑલીવિયાની તેને લેહ લાગી હતી. એ યુવતીનો ભાઈ તાજેતરમાં મૃત્યુ પામ્યા પછી તેણે પુરુષમાત્રનો સંપર્ક ત્યજ્યો હતો. પુરુષનું દર્શન પણ તે ટાળતી હતી. ડ્યૂકના પ્રેમનો પણ તેણે અસ્વીકાર કર્યો. પોતાના હૈયાને પીડતી આ વાત ડ્યૂકે એક વાર સીઝારિયોને કહી. અને તેને વિનતિ કરી: 'મારા પ્રેમની ગુપ્ત વાત મેં તને કરી દીધી. તું મારો પ્રેમદૂત બનીશ?'

સીઝારિયો મૂંઝાઇ રહ્યો. ડ્યૂકે આગ્રહપૂર્વક તેને કહ્યું: 'તું ઑલીવિયાને મળવા જા. એ તને દાદ ન દે ત્યાં સુધી એના દ્વાર આગળથી હટતો નહિ. એને મળીને મારા હૈયાની કથા—વ્યથા પ્રગટ કર. તારો વાન આકર્ષક છે એવી જ તારી વાણી અસરકારક છે. ઑલીવિયા જરૂર તારી વાત સાંભળશે. તેનો પ્રેમ મને મળે તો તો મારા જેવો ખુશનસીબ દુનિયામાં બીજો કોઈ નહિ હોય. અને તારો અહેસાન? અરે, મારી તમામ સમૃદ્ધિ તારાં ચરણોમાં આળોટશે.'


સીઝારિયો અને ડ્યૂક ઓર્સિનો

સીઝારિયોને આવું કાર્ય રુચ્યું નહિ; એનું ચિત્ત કૈંક વ્યગ્ર બની ગયું. પરંતુ સ્વામીની આજ્ઞા ઉથાપાય કેમ? તેણે ડ્યૂકનો આદેશ માથે ચડાવ્યો. નમન કરીને કહ્યું: 'મહારાજ, ઑલીવિયાનો પ્રેમ આપને મળે તે માટે હું મારી તમામ શક્તિ ખર્ચીશ. નચિંત રહેજો.'

ડ્યૂકના આવા પ્રેમને પણ દાદ નહિ દેનારી ઑલીવિયા કેવી હશે તે જોવાનું તેને કુતૂહલ થયું. તે ઑલીવિયાના નિવાસસ્થાને પહોંચ્યો. ઑલીવિયાએ તેને મુલાકાત આપવાનો ધરાર ઈન્કાર કર્યો. પણ સીઝારિયો તો જિદ પકડીને દ્વાર પર ચીટકી જ રહ્યો. એનો હઠાગ્રહ જોઇ ચોકીદારો પણ વિમાસણમાં મુકાઇ ગયા. ઑલીવિયાને આ જિદ્દી જુવાનને જોવાની જિજ્ઞાસા થઇ. સીઝારિયોને પ્રવેશ મળ્યો.

બુરખો ઓઢીને બેઠેલી ઑલીવિયાને સીઝારિયોએ પ્રશ્ન કર્યો: 'આપ પોતે જ આ મહેલની મલેકા છો? હું મારી વાણી બીજી કોઇ વ્યક્તિ સમક્ષ વેડફી દેવા માગતો નથી. મેં પરિશ્રમ વેઠીને કાવ્યમય સંદેશો તૈયાર કર્યો છે. આપ ઑલીવિયા હો તો જ હું તે રજૂ કરું.'

ઑલીવિયા આ વ્યક્તિની વિલક્ષણ વાણીથી ચકિત થઇ. તેણે પૂછ્યુ 'શાની રજૂઆત? અહીં તું શું કાંઇ નાટક કરવા આવ્યો છે?'

'જી. એક દૃષ્ટિએ નાટક પણ કહી શકાય. જે હું નથી તેનો વેશ મારે ભજવવાનો છે. પરંતુ આપ જ ઑલીવિયા છો?'

'હા. તારો સંદેશો હવે રજૂ કર.'

'એ સંદેશો ડ્યૂક ઑર્સિનોના હૈયામાં અંકિત છે.'

'એ વાંચીને હું ધરાઇ ગઈ છું. બીજી કોઇ વાત તારે કહેવાની હોય તો કર.' ઑલીવિયાને આ નવજુવાનની વાણી વિચિત્ર છતાં આકર્ષક લાગતી હતી. એ વાણીમાં કોઇ અજબ મૃદુ-મધુર રણકો હતો.

સીઝારિયોએ વિનતિ કરી: 'આપનું મુખદર્શન કરવા દેશો? મારા ડ્યૂકને મોહિની લગાડનાર આપની મુખમુદ્રા…'

ઑલીવિયાને કોણ જાણે શાથી, તેની આ ધૃષ્ટતા પણ ગમી. તેણે મજાકમાં પૂછ્યું: 'તારા ડ્યૂકે તને મારું મોં જોવા મોકલ્યો છે?' અને તેણે બુરખો હટાવી લીધો. સીઝારિયો એ મુખનું લાવણ્ય નીરખી રહ્યો. કુદરતે અપાર કુમાશથી સૌંદર્યની પીંછી એ મુખ પર ફેરવી હતી. સીઝારિયો એ જોઈ બોલી ઊઠચો: 'તમે અતિ સુંદર છો! પરંતુ કેટલાં ક્રૂર!'

'કેમ? કેમ?' ઑલીવિયા ચકિત થઈ ગઇ.

'તમે આ અનુપમ સૌંદર્યને નાહક કરમાવી દેશો? જગતને તમારા આ અદ્‌ભુત લાવણ્યની પ્રતિકૃતિ તમે ભેટ ન ધરો તો એ લાવણ્ય સ-ફળ કેમ કહેવાશે?'

જુવાનની ચતુર વાણીનો મર્મ પામી જઈને ઑલીવિયા મલકાઇ ઊઠી. એના હૈયામાં પ્રેમતરંગ ઊછળી રહ્યા. સીઝારિયો કઠોર બનીને કહેતો રહ્યો: 'તમે નિષ્ઠુર છો, ગર્વિષ્ઠ છો! મારા ડ્યૂક—ઑર્સિનો તમને કેટલો પ્રેમ કરે છે તેની તમને તમા નથી! ઓહ! રાતદિવસના

મવીને કાઢી મેલ્યા, અને સિબૅસ્ટિયનને સીઝારિયો ધારી લઇને પોતાના મકાનમાં લઈ ગઈ. આ અજાણી અત્યંત મનોહર યુવતીની મહેમાનગત માણી સિબૅસ્ટિયન ચકિત થઈ ગયો. ઑલીવિયાએ તેને અપૂર્વ પ્રેમથી નવાજ્યો. સિબૅસ્ટિયને પણ આનંદપૂર્વક આ આવી પડેલા સદ્‌ભાગ્યને વધાવી લીધું. આ યુવતીની કૃપા તેને ગમી...તે ઘસડાયો ...ઑલીવિયાની પ્રેમયાચના તેણે ઉમળકાભેર સ્વીકારી.

પરંતુ ઑલીવિયાને ફિકર થઈ. કદાચ આ સીઝારિયો પાછો પોતાનો વિચાર બદલી નાખે તો? એણે તત્કાળ ધર્મગુરુને બોલાવી ત્યાં ને ત્યાં જ લગ્નવિધિ આટોપી લેવડાવ્યો! બંને પરણી ગયાં. અને રજા લઈ સિબૅસ્ટિયન પોતાના મિત્ર ઍન્ટોનિયોની શોધમાં નીકળ્યો.

સીઝારિયો પોતાની વીતકકથા ડ્યૂકને કહી સંભળાવતો હતો ત્યાં જ પોલીસ અમલદારો ઍન્ટોનિયોને કેદ પકડીને તેની પાસે આવ્યા. 'મહારાજ, આ જ મારો રક્ષણહાર, તેણે જ મારો જાન બચાવ્યો.' આમ કહી ઍન્ટોનિયો સામે આંગળી ચીંધીને તેણે તેને ઓળખી બતાવ્યો. ઍન્ટોનિયો તેને જોઇને ફરી છેડાઈ પડયો. ડ્યૂકની સમક્ષ તેણે તેના વિશ્વાસઘાતની વાત કરી. પોતે એને દરિયામાંથી કેવી રીતે બચાવ્યો, પૈસાની રકમ કેમ ધીરી, એ બધી કથા કહેવા માંડી.

ડ્યૂકે તેને પૂછ્યું: 'આ જુવાનને તું ક્યારથી ઓળખે છે?'

'ત્રણ મહિનાથી. અમે સાથે જ હતા.'

'જુઠ્ઠી વાત; એ ત્રણ મહિનાથી તો મારી સેવામાં છે.' આમ કહી તેણે ઍન્ટોનિયોને ધમકાવી કાઢયો.

એવામાં ઑલીવિયા પોતાના પતિની પાછળ તપાસ માટે ત્યાં આવી. કેમકે પતિના ગયા પછી તેને ચેન પડયું નહિ. ડ્યૂક તેને આવતી જોઈ એકદમ તેને સત્કારવા તત્પર થઈ ગયો.

ઑલીવિયા સીઝારિયો પાસે આવી: 'નાથ! તમે...'

ડયૂક ચમકી ગયો! 'નાથ કોણ?'

સીઝારિયો તો ડ્યૂક કરતાં યે વિશેષ ચોંકી ઊઠયો!

ઑલીવિયાએ સોગંદ ખાઇને કહ્યું: 'મહારાજ, આ જ મારા પતિ છે. હજી હમણાં થોડા સમય અગાઉ જ અમારાં લગ્ન થયાં'.

'નરાતાળ જુઠ્ઠી વાત...' સીઝારિયો ગભરાઇને બોલી ઊઠયો.

'આપ આવી રીતે મને છેતરશો?' ઑલીવિયા કરગરી પડી. 'મહારાજ, એ જ મારા પતિ છે. આપના ભયને કારણે એ લગ્નનો ઇન્કાર કરે છે. મહારાજ, હું પુરાવો આપીશ.' અને તત્કાળ તેણે ધર્મગુરુને ત્યાં તેડાવ્યા. ધર્મગુરુએ સીઝારિયોને જોતાં વાર બંનેનાં લગ્નની સાક્ષી પુરાવી દીધી!

આ સંગીન પુરાવો સાંભળીને ડ્યૂકને સીઝારિયો પર નફરત થઇ. પોતાનો પ્રેમદૂત જ પ્રેમી બની ગયો, ને પરણી પણ ગયો?! આવી બેવફાઈની તેને સ્વપ્ને પણ કલ્પના નહોતી.

બરાબર એ જ પળે ઍન્ટોનિયોની શોધમાં નીકળેલો સિબૅસ્ટિયન કોઈક પાસેથી બાતમી મેળવી ત્યાં આવી લાગ્યો. ઍન્ટોનિયો આશ્ચર્યથી તેને ટીકી રહ્યો ને બોલી ઊઠયો: 'અરે, આ બેમાં મારો મિત્ર કોણ? આ તો સાવ સરખા...બિલકુલ અભેદ!'

ડ્યૂક પણ ચકિત થઈ ગયો: 'ઓ પ્રભુ! આ તે કેવી કરામત! બંનેનાં ચહેરામોરાં, રૂપરંગ, સાવ સરખાં' 'આ શું?' ઑલીવિયા પણ આ બેમાં પોતાનો પતિ કોણ તેની વિમાસણમાં પડી ગઈ.

સિબૅસ્ટિયન મુગ્ધ ભાવે સીઝારિયોને જોઈ રહ્યો. વિસ્મયથી તે બોલી ઊઠયો: 'અદ્દલ મારી જ આકૃતિ? ઓહ! એ જ સિકલ!'

સીઝારિયોની આંખ આનંદથી હસી રહી.

સિબૅસ્ટિયને પોતાની વીતકકથા ડ્યૂક સમક્ષ વર્ણવી બતાવી. સિબૅસ્ટિયન અને વાયોલા બંને ભાઈબહેન જોડિયાં બાળકો હતાં. બંનેના ચહેરા સાવ એકસરખા. કાયા પણ એવી જ. એકને જોઈ બીજાને ભૂલી જવાય એવી સમાનતા! લોકો વારંવાર તેમને જોઈ ભુલાવામાં પડતાં. માત્ર પોશાક ઉપરથી જ તેમની ઓળખાણ શકય બનતી. બંને ભાઇબહેન દરિયાની સફરે નીકળ્યાં. દરિયામાં તોફાન જાગ્યું. રાક્ષસી મોજાંની થપાટ ઝીલીને વહાણ અધમૂઉં થઈ ગયું. આ 'જીવનસફર'માં ભાઇબહેન વિખૂટાં પડી ગયાં. આટલું કહેતાં કહેતાં સિબૅસ્ટિયન ગળગળો થઈ ગયો: 'હું ઊગરી ગયો. આ મારા મિત્ર ઍન્ટોનિયોએ મને બચાવી લીધો. પણ અમારી ભાઈબહેનની જોડી ખંડિત થઇ ગઇ. મારી લાડકી બહેન...' એને ડૂમો ભરાઇ આવ્યો.

'વાયોલાનો પણ ગેબી બચાવ થયો.' એકદમ વાતનો તાંતણો પકડી સીઝારિયો વચમાં જ બોલી ઊઠયો: 'એને પણ વહાણના કપ્તાને બચાવી લીધી.'

'હેં! ક્યાં છે? ક્યાં છે, મારી બહેન વાયોલા?' સિબૅસ્ટિયન અધીરો બની ગયો.

'હું પોતે જ વાયોલા. અહીં પુરુષ વેશે સીઝારિયો બની ડયૂકની સેવામાં રહી. આખરે આપણો મેળાપ થયો.'

બધાં અજાયબીમાં ગરકાવ થઇ ગયાં. સીઝારિયો એ જ વાયોલા?

ઑલીવિયાએ ડ્યૂકનો પ્રેમ ન સ્વીકારવા બદલ ક્ષમા માગી. પરંતુ ડ્યૂકના મનમાં એક અવનવો વિચાર ઝબકવા માંડયો હતો. તેણે સીઝારિયો સામે સીધી નજર માંડીને કહ્યું: 'આજ સુધી હું છેતરાયો, પણ હવે હું મારા સ્વામીપણાનો અધિકાર છોડવાનો નથી. અત્યાર સુધી હું સ્વામી હતો, તું સેવક. પણ હવે હું સ્વામી અને તું એ સ્વામીની સામ્રાજ્ઞી!'

સહુનાં હૃદય આનંદ-વિભોર બની ગયાં. ત્યાં મૅલ્વોલિયોની ચિઠ્ઠી આવી. એ કોટડીમાં સડતો હતો. ઑલીવિયાએ તેને ત્યાં તેડાવ્યો. ઑલીવિયાએ સહાનુભૂતિથી મૅલ્વોલિયાને પૂછ્યું: 'હવે તારી હાલત કેમ છે.'

'આપે ઊઠીને મને આવા ખતરામાં નાખ્યો?'

'મેં? કદી નહિ. કોણે કહ્યું?'

'આપે મને પત્ર લખ્યો. આપને ખાતર...પીળાં મોજાં પહેરીને હોંશભર્યો હું...આપના આદેશ મુજબ...'

'ક્યાં છે એ પત્ર?'

મૅલ્વોલિયોએ પત્ર દેખાડયો. ઑલીવિયા તાજુબ બની ગઈ. 'હસ્તાક્ષર મારા પોતાના હોય તેવા જ લાગે છે, પણ એ મારા નથી જ. આ બનાવટ છે, કોઇકનું તરકટ છે.'

'હેં!? તરકટ? ત્યારે આપનો મારા પ્રત્યેનો પ્રેમભાવ...?'

'મારાં તો લગ્ન પણ થઇ ગયાં.' ઑલીવિયાએ હસીને કહ્યું.

એ જ વખતે ઑલીવિયાના એક સેવકે ઘટસ્ફોટ કર્યો: 'આપ ક્ષમા કરશો. પરંતુ મરિયાએ મૅલ્વોલિયાની મજાક ઉડાવવા આ બનાવટી પત્ર લખ્યો હતો. ટૉબી અને અમે બધા તેમાં સામેલ હતા. મૅલ્વોલિયો આખરે બેવકૂફ બન્યો છે.' બધાં હસી પડયાં. ઑલીવિયાએ મમતાથી કહ્યું: 'બિચારાની ક્રૂર મજાક તમે લોકોએ કરી છે...'

'મારી મજાક? હું એનું વેર લઇશ.' મૅલ્વોલિયો ક્રોધથી રાતોપીળો થઈ ગયો.

'નહિ, મૅલ્વોલિયો...મહેરબાન! કેટલાક લોકો જન્મથી મહાન હોય છે...કેટલાક મહાન બને છે...તમે પણ 'બન્યા' છો.!'

આ મજાકથી છેડાએલો મૅલ્વોલિયો પગ પછાડતો ચાલ્યો ગયો.



લેખક-આલેખક
રવિશંકર
રાવળ

જીવનપટનાં સ્મૃતિચિત્રો

૧૪૬ મહારાજાનો સંગીત શૉખ

મારા મોટા ભાઇ રતિભાઈના મિત્ર મણિભાઈ જોષી અત્યંત ગરીબ અવસ્થામાં અભ્યાસ કરી મૅટ્રિક સુધી પહોંચ્યા હતા, અને એ વખતે સ્પીસી બૅંકમાં વગર પગારે જોડાયા હતા. તે રાજ્યના ઉસ્તાદ પાસે સિતાર-વાદન શીખ્યા હતા. એમની પાસેથી મહારાજા સાહેબના સંગીત-પ્રેમ અને સાધનાની જે થોડી માહિતી મેં મેળવી તેમાંથી તેમની આખી સંગીત-મંડળી અને તેની સાધના વિષે જાણવા મળે છે.

મહારાજા ભાવસિંહજીનો એ સમય મનમાં ઘણી વાતો મૂકી ગયો છે. છપ્પનિયો દુકાળ પડયો ત્યારે રાજ્યની પણ ઘણી કફોડી સ્થિતિ હતી. બહારથી નાણાં મેળવીને રાજ્યમાં રાહતકાર્યો ચાલુ કરવા પડયાં હતાં અને દરબારી કોઠારેથી કેકને સીધાંનો ધર્માદો અપાતો તે બંધ કરવો પડ્યો હતો. તેમાં મણિભાઇના મોટા ભાઈનું સીધું પણ બંધ થએલું ને તે માટે કરેલી અરજીઓ વ્યર્થ ગએલી. આથી તેમણે જેલના રસ્તે, જ્યાંથી મહારાજા સાહેબની ગાડી રોજ પસાર થતી ત્યાં, નજરે પડે એમ, એક ઝાડ નીચે બેસી રોજ પાર્થિવેશ્વર-પૂજા કરવા માંડી. (પાર્થિવેશ્વર એટલે રોજ માટીના નવા મહાદેવ બનાવી તેની પૂજા કરવી તે.) દેશમાંથી આવેલા નાનાભાઈ મણિશંકરને અને પોતાના પુત્રને પણ સાથે રાખતા. એ બંને સમાન વયના હતા.



મહારાજાએ પોતાની ગાડી થોભાવી

આમ રોજ તેમને પૂજા કરતા જોઈ મહારાજાએ એક વાર પોતાની ગાડી થોભાવી. મહારાજા પોતે જ ખુલ્લી ગાડી હાંકતા ને કોચમૅન પાછળ બેસતો. સવારીના પ્રસંગ સિવાય મહારાજા બીજી ગાડીમાં ભાગ્યે જ દેખાતા. મહારાજાએ તેમને પૂછયું: 'અહીં કેમ રોજ બેસો છો?'

જવાબમાં તુરત તે બોલ્યા: 'હજુર, અમારાં સીધાં બંધ થયાં છે.'

'બધાંનાં બંધ થયાં તેમ તમારાં થયાં.' મહારાજા કડક વાતો માટે જાણીતા હતા. પણ પછી બોલ્યા: 'વિચાર કરીશું. આ છોકરા શું કરે છે? ભણે છે?' 'જી, હા.'

'તેઓ સંગીત શીખશે તો હું મદદ કરીશ.'

બ્રાહ્મણ યુવાનો કબૂલ થયા. તે પછી તેમને ઉસ્તાદ હબીબખાં અને મુનીર જાન, જે મામાના કોઠા આગળ રહેતા તેમની પાસે સિતાર શીખવા મૂકયા. મહારાજાએ હુકમ કરેલો કે એમને છ મહિનામાં સિતાર વગાડતાં શીખવી દેવું. દોઢ-બે મહિના થયા એટલે નીલમબાગમાં ગાયન-વાદન માટે જે અલાયદો બંગલો હતો ત્યાં બોલાવી તેમનો સિતાર સાંભળ્યો; અને 'સાથે ગાવાનું પણ શીખવવામાં આવે છે' એમ ઉસ્તાદજીએ કહ્યું એટલે પોતે હારમોનિયમ પર બેઠા અને 'સંગીતમાળા'નાં એક-બે ગાયન ગવડાવ્યાં. તે સાંભળીને પ્રસન્ન થયા એટલે ઉસ્તાદે કહ્યું: 'હજુર, આ છોકરા બહુ ગરીબ છે અને ભણે છે; મદદને પાત્ર છે.' એટલે મહારાજાએ દરેકને બબ્બે રૂપિયા સ્કૉલરશિપનો હુકમ કર્યો. (એ કાળે બાર આને મણ બાજરી મળતી.) પછી તો વરસાદ પણ સારો થયો ને વડીલનાં સીધાં પણ ચાલુ થયાં.

૧૪૭ સંગીતકારોનું મંડળ

મહારાજા સાહેબે સંગીતની બેઠક માટે નીલમબાગમાં જે અલાયદો બંગલો રાખ્યો હતો તેને પિત્તળનો કઠેડો હતો એટલે તે 'પિત્તળિયો બંગલો' કહેવાતો. ત્યાં સવાર-સાંજ ગવૈયા-બજવૈયા હાજર થતા. મહારાજા સાંજે ફરીને આવે તે પહેલાં, જે સૂરમાં હમેશાં ગવાતું હોય તે પ્રમાણે હારમોનિયમનો સૂર રાખી સિતાર, દિલરૂબા, વાયોલીન, તબલાં વગેરેનો મેળ કરી રાખવામાં આવતો. બંગલાની પરસાળમાં મહારાજા સાહેબ હિંડોળા પર બેસે. પ્રથમ નવા શાગિર્દનું સંગીત થયા પછી બધા ગાયકો શરૂઆતમાં મંદ ગતિથી સંગાથમાં ગાય અને પછી ગાયનની લેઢ વધારતા જાય. ખરી મઝા આવે ત્યારે તો આનંદના અતિરેકમાં ડોકું ડોલાવી મહારાજા પોતે પણ ગાવા માંડતા એ નજરોનજર જોયાનું મણિભાઇનું કહેવું છે.

વગાડવાનાં વાજિંત્રો ઉપરાંત, સાલેમ અલી નામે એક અરબ જમાદાર જે મહારાજા સાહેબનો હિંડોળો ધીમે ધીમે ઝુલાવતો તે પોતાની પાસે પોલાદના સળિયાનો ત્રિકોણ એક હાથમાં રાખતો તેને બીજા સળિયાથી તાલ આપતો જતો. મહારાજાના સંગીતના શૉખને કારણે ઘણા સારા પીઢ ગવૈયાઓને ખાનગી ખાતેથી આશ્રય મળતો.

ગાયકોમાં ડાહ્યાલાલ નાયક, હલસુખરામ નાયક, રામલાલ ગવૈયા, વિઠ્ઠલદાસ નાયક વગેરે હતા. તેમાં સૂરજરામ નાયક તો વ્રજભાષામાં પદો પણ રચતા. તેમને અમરકોષ આખો મોઢે હતો. મહારાજા તખ્તસિંહજીના વખતમાં સવારે તેના પિતા રામાયણની ચોપાઇઓ ગાઈને તેમને જગાડતા. સ્વરોદયનું જ્ઞાન તેમને સારુ હતું અને પોતાનું મૃત્યુ અગાઉથી કહી શકયા હતા. વળી એક મગનલાલ કાછિયા

તેમજ વડોદરાના એક કેશવલાલ ઉપરાંત ખોજા મુસાભાઈ, મણિલાલ નાયક, હીરાલાલ ને ભીમજીભાઇ ઘડિયાળી હારમોનિયમ બજાવતા. નંદરામ તબલાં બજાવતા. એક વાયોલીન બજાવનાર, બે સિતાર બજાવનાર અને એક દિલરૂબા બજાવનાર હતા. આ ઉપરાંત મશહૂર બીન બજાવનાર રહીમખાં, ગાયિકા શ્રીમતી ચંદ્રભાગા તથા બીજી બે નાયિકાઓ પણ હતી. આ પાછળની વ્યક્તિઓની હાજરી હમેશાં નહિ પણ ખાસ કચેરી કે ગાર્ડન-પાર્ટી વખતે જ જોવામાં આવતી.

૧૪૮ સંગીત-પ્રકાશનો

આ ગાયકવૃંદના સહકારથી મહારાજા સાહેબે 'સંગીતમાળા'ના ચાર ગુચ્છ, 'સંગીત નીતિવિનોદ', 'સંગીત બાલોપદેશ', 'હૉરેશિયસ' 'ઈલિયડ'ના છ ભાગ વગેરે પુસ્તકો સરગમનાં નૉટેશન સાથે R. B. T. (રાઓળ ભાવસિંહજી તખ્તસિંહજી)નામથી પ્રસિદ્ધ કરેલાં જેનાં ચિત્રો ખાસ ઈંગ્લંડમાં ચીતરાવી ત્યાં જ છપાવેલાં. અતિ ઉચ્ચ પ્રકારની છપાઇ અને શોભાવાળાં એ પુસ્તકો સંગીત-પ્રેમીઓને ભેટ મળતાં.

આ પુસ્તકનાં ગાયનોની પદરચના પ્રસિદ્ધ સાક્ષર શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત' કરતા. રોજ સવારે હજૂરશ્રી કચેરીના કાગળો પર સહીઓ કરીને સાડા દસ વાગ્યે પાછા વળતાં પોતાની બગી કવિ 'કાન્ત'ના ઘર આગળથી લેતા અને ત્યાંથી તેમને સાથે લઈ, દરબારી છાપખાના પરથી પ્રેસ મૅનેજર શ્રી ફરામજી કોચબિલ્ડરને પણ સાથે ઉપાડતા. ડાહ્યાલાલ નાયક ને દલસુખરામ નાયકને પણ બોલાવતા.

સંગીત-બંગલા પર સૌ એકઠા થાય ત્યારે પોતાને જો કંઈ નવું સૂઝ્યું હોય તો તેની કલ્પના આપે, (દા૦ ત૦ પિતા પુત્રને ઉપદેશ આપે છે) એટલે ડહ્યાભાઈ તેના પર સંગીતના સૂરો બાંધે; અને તેને બરોબર ગાઈ વગાડે, એટલે દલસુખરામ નાયક તેની 'સરગમ' બાંધી લે અને પછી 'કાન્ત' તે પ્રમાણે પદરચના કરી આપે. કોચબિલ્ડર આ બધાં નોટેશનો માટેનાં બીબાંની રચના કરતા અને તેને સુંદર છપાઈ તથા બાંધણીનું સ્વરૂપ આપતા. આ ગીતો બૅન્ડ-માસ્તર પિન્ટો દર બુધવારે પીલ-ગાર્ડનના બૅન્ડ-સ્ટૅન્ડ પર રજૂ કરતા.

મહારાજા સાહેબે રાજકોટની રાજકુમાર કૉલેજમાં પ્રિન્સિપલ મૅકનૉટન પાસે અભ્યાસ કરેલો. તે સાહેબનું પ્રિય પુસ્તક 'હૉરેશિયસ' હતું, તેથી પોતાના હાથમાં તાલીમ માટે મુકાએલા રાજકુમારોમાં તેઓ શૌર્યની છાપ પાડવા તેના ખૂબ પાઠ કરાવતા. તે પરથી મહારાજાઓએ એ હૉરેશિયસમાં ગીતો સંગીતશ્રેણીમાં રચાવી તે પુસ્તક તેમને અર્પણ કરેલું. હૉરેશિયસે માત્ર બે જ ભેરુઓની મદદથી રોમના દરવાજા પરના પુલને છેડે જઈ ઊભા રહી એકલે હાથે દુશ્મનોને રોકેલા. દરમિયાન રોમનોએ પાછળથી પુલ તોડી નાખ્યો અને રોમનો બચાવ થઈ ગયો. પછી હૉરેશિયસ અને તેના સાથીઓ ટાઈબર નદીની ખીણમાં કૂદી પડી સલામત રીતે શહેરમાં આવી ગયા. એ કથાનાં ગીતો R. B. T.ના નામે પ્રસિદ્ધ થયાં છે, તેમાં કાન્તની શબ્દલીલા વરતાઈ આવે છે. એમાંની 'ઈશ્વર-સ્તુતિ'નો નમૂનો :

સકળ નરો, સમય ખરો, સફળ કરો,
પ્રભુને સ્મરો, હૃદય ભરો, એ જ નિરંતર નામ. (ટેક)

૧૪૯ ચારિત્ર્ય-ગૌરવ

ભાવનગરને એ કાળે જેવા રાજાની જરૂર હતી એવા મળી ગયા હતા. રાજ્યને માથે દેવું હતું. કેટલાક હપતા ભરવા પડતા. વ્યાજ પણ ભરવું પડતું. સંવત ૧૯૫૬નો દુકાળ (છપ્પનિયો) ઘા મારી ગએલો, પણ મહારાજા સાહેબે રાજ્યમાં તેમજ ખાનગી ખર્ચમાં કરકસર કરીને એ વસમો વખત કાઢી નાખ્યો.


એ જમાનામાં મોટર તો કોઈએ જોઈ નહોતી. મહારાજા રોજ બે ઘોડાવાળી બગીમાં નીકળતા, ને ચારે તરફ તકેદારી રાખતા. રસ્તા પર કે જાહેરમાં કોઈ બદમાશ કે રંજાડ કરનાર જાણમાં આવે તો તેનું આવી જ બનતું. ભલભલા અમલદારોને ગુનેગાર જણાતાં રાતોરાત રાજ છોડી જવાનો હુકમ થતો. એક જાલિમ અમલદારે કોઈ રંક કન્યાની છેડતી કરી એ જાણ્યું કે તુરત સવારમાં તેના ઘર પર પહેરો મુકાવી, તટસ્થ પ્રામાણિક ન્યાયાધીશ પાસે તેનો ન્યાય કરાવી છ માસની કેદ આપી. એક ગૃહસ્થને અજાણી સ્ત્રી સાથે બંધ પડદાની ગાડીમાં જતા જોયા કે પોતાની ગાડી ઊભી રાખી તપાસ કરી શેઠને નીચે ઉતારી તેની ગાડીને રવાના કરાવી દીધી અને ગાડીમાં કદી ફરવું નહિ એવો હુકમ કર્યો. પોતે દારૂથી તદ્દન મુક્ત હતા અને રાજ્યમાં દારૂબંધી જેવી જ કડકાઈ હતી. સાધારણમાં સાધારણ માણસ સાથે પણ જાતે વાત કરી ખરી બાતમી મેળવી લેતા. પ્રજાને વિના વિલંબે અદલ ન્યાય મળે તે માટે રાજના દરેક વહીવટ ઉપર જાતે નજર રાખતા, છતાં ક્યાંય ખોટી દખલ ન કરતા.

ગરીબ અને પછાત કોમના શ્રેય માટે તેમને અપાર ઉત્સાહ હતો. પોતાના કોચમૅન ઇબ્રાહીમના પુત્રને સ્કૉલરશિપ આપી બી. એ. સુધી પહોંચાડેલો. ભાવનગરના પ્રસિદ્ધ ક્રિકેટર (મારા વર્ગમિત્ર) અબ્દુલા ગાગનાની એ જ આશ્રયને લીધે વહીવટદારને પદે પહોંચ્યા હતા. જામદારખાનાના સીદી મુબારકના પુત્રને એમ. બી. બી. એસ. બનાવી સ્ટેટમાં ડૉક્ટરની નોકરી આપી હતી. મૂળજી આશારામની કંપનીમાં ચીમનલાલ ભોજકનો કંઠ સરસ હતો તેને નાટક કંપનીમાંથી લાવી પોતાની પાસે રાખી લીધેલા. કંપનીવાળાએ તે માટે મુંબાઈથી નુકસાનીનો કેસ કર્યો, તેનું સમાધાન કરી લઈ એ ચીમનલાલ ભોજકને અભ્યાસ અર્થે ઈંગ્લંડ મોકલ્યા અને તે બૅરિસ્ટર બનીને આવ્યા ત્યારે વસૂલાતી અધિકારી બનાવ્યા! દેવજીભાઈ નામે ખવાસ જ્ઞાતિના યુવાને ક્રિકેટમાં નામ કર્યું, તેને ગ્રૅજ્યુએટ બનાવી જેલરની જગ્યાએ મૂક્યા હતા. આ બાબતોની ઉચ્ચ કોમના મુત્સદ્દી વર્ગમાં ખૂબ ટીકા થતી, પણ તેમની આગળ કોઈનું ચાલતું નહિ.

મહારાજાનું અંગત ચારિત્ર્ય પણ ઉચ્ચ પ્રકારનું હતું. પહેલાં રાણી નંદકુંવરબા ગુજરી ગયા પછી ઘણાં વર્ષે બીજું લગ્ન થયું તે દરમિયાન તેમણે નિષ્કલંક વિશુદ્ધ ચારિત્ર્યનું દૃષ્ટાંત પૂરું પાડ્યું હતું. એ વખતે સૌરાષ્ટ્રના ઘણાખરા રાજવીઓ તેમની સલાહ મેળવતા. રાજ્યમાં અંગ્રેજ અધિકારીઓ ન જ હોવા જોઇએ એવો આગ્રહ તે સેવતા. રેલવેખાતાનો વડો અધિકારી અંગ્રેજ જ હોવો જોઇએ એવું સરકારનું દબાણ થયું ત્યારે અનુકૂળ પ્રકૃતિના મિ. બિબ્રાને નીમ્યા હતા. રાજ્યની સ્વાયત્તતા માટે તે ખૂબ જ આગ્રહી હતા. (ચાલુ)

વિનતિ

સંખ્યાબંધ લેખકો પોતાની કાચી-પાકી કૃતિઓ, જવાબી પોસ્ટેજ બીડયા વિના મોકલ્યા જ કરે છે અને પછી આકળા થઇને લેખની, ઉત્તરની કે માર્ગદર્શનની અપેક્ષા રાખે છે. એ સૌને વિનતિ છે કે(૧) 'કુમાર'ની કક્ષાની લાગે તેવી જ કૃતિઓ મોકલવી; (૨) ઉત્તેજન ખાતર કશું 'કુમાર'માં છપાતું નથી; (૩) લેખો, વાર્તાઓ અને કાવ્યોનો એટલો બધો ધસારો હવે થાય છે કે માર્ગદર્શન આપવાનું અશક્ય બની ગયું છે; (૪) કૃતિ પાછી મેળવવા માટે અગર ઉત્તર મેળવવા માટે પોતાનું **સરનામું કરેલું અને ટિકિટ ચોડેલું તૈયાર કવર કે કાર્ડ મોકલવું. છૂટું પોસ્ટેજ હરગિજ નહિ.** આ સિવાય ઉત્તર ન મળે તો ક્ષમા કરવી.



ચિત્ર નં. ૧ ખડકીના બારોટ (બારપટ્ટ)ના તાંતરા (તંત્રક) ઉપર સુંદર લાંબસાવાળી મોગરીઓ (કલિકા): ઓઝાનો ડેલો જામનગર (ઈ. ૧૭૨૦)

ગુજરાતનું કાષ્ઠ-સ્થાપત્ય

જયેન્દ્ર નાણાવટી અને મધુસૂદન ઢાંકી

(પુરાતત્ત્વખાતું ગુજરાત રાજ્ય)

માળવ સરખો વિદ્યાની પૂજા કરનારો બીજો પ્રદેશ મધ્યકાલીન ભારતમાં થયો નથી. ઉજ્જૈન અને ધારા સમાં સરસ્વતીની ઉત્કટ ઉપાસના કરનારાં અન્ય કોઇ કેન્દ્રો જાણ્યાં નથી. શારદાનું જ્યાં બેસણું હતું, જ્યાંથી આચાર્ય હેમચંદ્રે 'સિદ્ધ-હેમ શબ્દાનુશાસન'ની રચના અર્થે વ્યાકરણની પ્રતો મંગાવેલી, તે અવંતીની પરમ કોટિએ તો જે કાશ્મીરાવતાર દેવી સરસ્વતીની પ્રતિષ્ઠા મંત્રીશ્વર વસ્તુપાલે રૈવતાચલ અને શત્રુંજય પર કરેલી તે સ્વયં કાશ્મીર પણ નહોતું જ પહોંચ્યું. વારાણસી, અને કેટલેક અંશે પ્રતિષ્ઠાન, સંસ્કૃત ભાષા અને ધર્મશાસ્ત્રોના અધ્યયનનાં ભારતનાં મહાન કેન્દ્રો હતાં; પણ સર્જનાત્મક સાહિત્યોપાસનામાં અગ્રતા કદાચ અવંતીની હતી.

જયસિંહ સિદ્ધરાજ અને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના અથાક પ્રયત્નોથી મધ્યકાલીન ગુજરાતનું ગરવું પાટનગર પાટણ બારમા શતકમાં વિદ્યોપાસનાનું મહાન કેન્દ્ર બની રહ્યું; પણ દશમા અને અગિયારમા સૈકાના પ્રોજ્જ્વલ ને પ્રાણવાન, લલિત ને લાઘવભર્યા કલા તેમજ વાઙ્મયના સુવર્ણ દિનો વીતી ગએલા. અવંતીની અનન્યતાનું સમોવડ ગુજરાત થયું હતું કે કેમ તેનો તટસ્થ ને સમતોલ ઉત્તર મેળવવો હજી બાકી છે. તો બીજી બાજુ રસનિધિ મુંજ કે સરસ્વતી-કંઠાભરણની પ્રતિષ્ઠા પામનાર ભોજ સરખા દેવી વાગીશ્વરીના આજન્મ આરાધકો પણ નથી થયા. શિલાલેખોમાં અને તામ્રશાસનોમાં પોતાને સૂર્ય અને ચંદ્રના તેજને ઝાંખું પાડનાર કે હરિ અને હરના સમોવડિયા ગણાવનાર, મધ્યયુગીન ભારતમાં થએલા ગર્વિષ્ઠ અને શેખીખોર રાજાઓનાં ટોળાં ને ટોળાંઓમાંથી કોઈને યે

गतः मुञ्जे यशः पुञ्जे निरालम्बा सरस्वती। કે
अद्यधारा निराधारा निरालम्बा सरस्वती।
पण्डिता खण्डिता सर्वे त्वयि भोज! दिवंगते॥

જેવી, જાણે કે સારા યે ભારતના અંતરમાંથી ઊઠેલી, ભવ્ય અને આર્દ્ર શોકાંજલિઓ મળી છે ખરી?

લોકકથાના લાડીલા અને અનેક પ્રબંધોના નાયક એવા એ અવંતીપતિ મહારાજ ભોજદેવને નામે કેટલાયે ગ્રંથો ચડેલા છે. તે પૈકીનો એક છે વાસ્તુવિદ્યાનો અજોડ ગ્રંથ 'સમરાંગણ સૂત્રધાર'. જાજ્વલ્યમાન ભાષાવૈભવવાળા, વાસ્તુ જેવા ગહન અને કઠિન વિષયનાં તત્ત્વોને સહજ રીતે સ્ફુટ કરનાર, વસ્તુસંકલના અને નિરૂપણમાં અજબ કૌશલ દાખવનાર આ તેજસ્વી ગ્રંથરત્નની રચના અવંતીના સરસ્વતી-સદનમાં ન થઈ હોય તો બીજે ક્યાં સંભવે?

વાસ્તુના આ અધિકૃત ગ્રંથમાં ગૃહનિર્માણના અધ્યાયોમાં કાષ્ઠ-સ્થાપત્યનું થોડું પણ ઉપયોગી વિવેચન છે. પણ એ દારુ(કાષ્ઠ)શિલ્પને પ્રધાન વિષય બનાવનાર ગ્રંથ તો તે પછી માલવામાં જ રચાયો હતો. ભોજના અંતિમ દિનોમાં માલવ-મહારાજ્ય ચોમેરથી ઘેરાઈ ગએલું. ચેદી, કર્ણાટ ને ગુજરાતનાં સંપેલાં સૈન્યોના આક્રમણથી ધારાનો ધ્વંસ થયો. પણ થોડાં જ વર્ષમાં અવંતીના પુરાણા ગૌરવને પુનર્જીવિત કરવા પરમારરાજ ઉદયાદિત્યે મહાપુરુષાર્થ આદર્યો. વિદિશાના પ્રદેશમાં, દશાર્ણના ઉત્સંગમાં એણે ઉદયપુર નામે નવું નગર સ્થાપ્યું; ને માલવાની વિશિષ્ટ 'ભૂમિજ' શૈલીમાં તેના અધિષ્ઠાતા દેવ ભગવાન ઉદયેશ્વરના એક ભવ્ય ને ભારતમોહન પ્રાસાદનું નિર્માણ કર્યું.

સ્થાપત્યના અઠંગ ઉપાસક આ મહાન નૃપતિના સમયમાં રેવા-તટે ઓમ્કાર, માંધાતા અને ઉનનગરમાં પણ સુંદર દેવમંદિરો સર્જાયાં. આ રાજા ઉદયાદિત્યનો એક કૃપાપ્રસાદ પાત્ર નકુલ નામે શિલ્પી હતો. એના પુત્ર મલ્લે, પૂર્વે માલવામાં રચાએલા 'જયપૃચ્છા' નામના વાસ્તુના વિશદ ગ્રંથના એક વિભાગના નિષ્કર્ષ રૂપે 'પ્રમાણમંજરી' નામની કાષ્ઠ-શિલ્પ ઉપરની ૩૦૪ શ્લોકપ્રમાણ એક સંક્ષિપ્ત પુસ્તિકાની રચના કરી છે. સરળ, વેગવાન, છતાં યે નિરાડંબરી સંસ્કૃતમાં લખાએલી આ સુયોજિત, તર્કબદ્ધ અને લાઘવપ્રધાન રચનામાં તત્કાલીન કાષ્ઠ-સ્થાપત્યનાં સમગ્ર પાસાંઓને આવરી લેતી ટૂંકી પણ અત્યંત મહત્ત્વની આલોચના કરી લેવામાં આવી છે. ઉત્તર ભારતની કાષ્ઠ-વાસ્તુ-પ્રથા પરનો આ નાનકડો પણ એકમાત્ર ને અસાધારણ મૂલ્ય ધરાવતો ગ્રંથ છે. અન્ય મહાકાય ગ્રંથોમાં નહિ કહેલા કેટલાયે અંશો એમાં સ્પષ્ટ કર્યા છે. પ્રાચીન કાષ્ઠ-સ્થાપત્યનાં અંગ-ઉપાંગો અને તેની પરિભાષા સમજવામાં તો આ ગ્રંથ ધ્રુવતારક સમો પથદર્શક બની રહે છે.

ઉત્તરાપથની તમામ પ્રાદેશિક વાસ્તુપ્રથાઓ 'નાગર' વાસ્તુની મહાપરંપરાનાં સંતાનો છે. ગુજરાતની સ્થાપત્યપ્રથા રાજસ્થાનની પ્રણાલિકાઓની સહોદરા અને મહારાષ્ટ્ર તેમજ મધ્યભારતની પૃથક્-પૃથક્ શૈલીઓની સગોત્રી છે. એટલે તો 'પ્રમાણમંજરી' માલવી ગ્રંથ-રચના હોવા છતાં એની પરિભાષા ગુજરાતને સ્વીકાર્ય બની રહે છે, એનાં વિધાનો અહીંના કાષ્ઠસ્થાપત્યને મહદ્ અંશે બંધબેસતાં થાય છે.

આમ તો કાષ્ઠસ્થાપત્યની પરંપરા ઘણી જ પ્રાચીન છે. વેદકાળ જેટલે ન જવું હોય તો યે મૌર્યસમ્રાટ ચંદ્રગુપ્તના કાષ્ઠમંડિત મહાલયનું મૅગેસ્થિનિસ-દીધું પ્રમાણ, રામાયણ, મહાભારત અને કૌટિલ્યના અર્થશાસ્ત્રના ગ્રંથસ્થ ઉલ્લેખો, તેમજ શુંગ અને આન્ધ્ર સમયનાં બૌદ્ધ શૈલ-ચૈત્યો અને વિહારો તેમજ સ્તૂપોની વેદિકાઓમાં જે તત્કાલીન કાષ્ઠકલાની અનુકૃતિઓ જળવાઈ રહી છે તે ભારતમાં પ્રાચીન કાળનો કાષ્ઠસ્થાપત્યનો બહોળો ઉપયોગ બતાવી રહે છે. ત્યાર પછીના કાળના સમાન્તર શિલામય સ્થાપત્યમાં દારુ-શિલ્પની વધતીઓછી અસર રહેતી જ આવી છે; પણ પાષાણની જેમ લાકડું પ્રકૃતિ અને માનવનાં બળો સામે ઝાઝું ટકી શકતું નથી. એટલે હિમાચલ પ્રદેશ કે કાશ્મીર જેવા શીત પ્રદેશના કેટલાક અપવાદો બાદ કરતાં તેમજ મધ્યપ્રદેશ-માંથી મળી આવેલાં અનુગુપ્તકાલીન કાષ્ઠસ્તંભ અને કમાડ બાજુએ મૂકતાં બહુ પ્રાચીન કહી શકાય તેવા કાષ્ઠકલાના નમૂનાઓ અન્યત્ર જળવાયા નથી, પ્રાપ્ત થયા નથી. આમ તો, આ પરાપૂર્વથી ચાલી આવતી દારુશિલ્પની પ્રથાના ગુજરાતના અવશિષ્ટ રહેલા પ્રાચીનતમ નમૂનાઓ સાડા ત્રણસો વર્ષ કરતાં ભાગ્યે જ પુરાણા હશે; પણ પા-ષાણ કરતાં દારુશિલ્પમાં પ્રાચીન વાસ્તુની અસલિયાત વિશેષ જળ-વાય છે. તેથી જ તો, ગુજરાતના પ્રાચીનમાં પ્રાચીન કાષ્ઠાવશેષો અને 'પ્રમાણમંજરી' વચ્ચે ખાસ્સું પાંચ સૈકાથી યે વિશેષ અંતર હોવા છતાં, તે ગ્રંથમાં બતાવેલા નિયમો અને ઘાટ-રચનાનાં સ્પષ્ટ પ્રતિબિંબ અહીંનાં આ પાછલા યુગનાં સર્જનોમાં પણ અચૂક પરખાઈ આવે છે.

અલંકારપૂર્ણ કાષ્ઠસ્થાપત્યનો પ્રયોગ ગામડાંઓમાં નહિ પણ નગરોમાં જ ખાસ કરીને થતો. વીતેલા યુગોની નાગરિક સભ્યતા-ના એક સ્વાભાવિક અંગ તરીકે એની ઉપસ્થિતિ રહેતી. કાષ્ઠસ્થાપત્ય-ની જ્યાં મબલખ સમૃદ્ધિ હતી તેવાં તળપદ ગુજરાતનાં ખાસ કેન્દ્રો તો હતાં પાટણ, સિદ્ધપુર, અમદાવાદ, ઈડર, નડિયાદ, ખંભાત, સૂરત અને ભરૂચ. સૌરાષ્ટ્રમાં પ્રભાસપાટણ, જૂનાગઢ, જામનગર, ખંભાળિયા, માંગરોળ, પોરબંદર, વઢવાણ અને હળવદમાં તેના પ્રા-ચીન નમૂનાઓ જોવા મળે છે. ઘોઘા અને ભાવનગરમાં પણ થોડા પાછોતરા કાળનું પણ સરસ કામ દેખાય છે. કચ્છમાં ભુજ અને માંડવીમાં પણ જૂનું લક્કડકામ જોઈ શકાય છે.

આ સાડા ત્રણસો વર્ષ જેટલા ટૂંકા કાલવિસ્તારમાં સમાઇ જતા ગુજરાતના કાષ્ઠસ્થાપત્યના ઇતિહાસના મુખ્ય ત્રણ તબક્કાઓ પડી જાય છે. સૌથી પ્રાચીન, લગભગ અઢીસોથી સાડા ત્રણ સો વર્ષ જેટલા જૂના નમૂનાઓમાં કોતરકામ ખૂબ ઝીણું, ઊંડું, સ્વચ્છ અને રેખાની અવર્ણનીય સુંદરતા ધરાવે છે (ચિત્ર નં. ૮,૧૦,૧૮,૨૦).


ત્યાર પછીના તબક્કામાં તરતનાં વર્ષોમાં સૌરાષ્ટ્ર તરફ આ કામ સ્થૂળ થતું જતું હોવાની સાથે મૂળ નિયમોને તો અને તેટલું વળગી રહેવા પ્રયત્ન કરે છે (ચિત્ર નં. ૭); પણ તળપદ ગુજરાતમાં મુઘલાઇ, મારવાડી અને મરાઠી ઢંગોનાં મિશ્રણ જોવામાં આવે છે (ચિત્ર નં. ૫). સૌરાષ્ટ્રમાં પણ આ મિશ્રિત શૈલીનાં ઉદાહરણો ઝાલાવાડ-માં (ચિત્ર નં. ૪) અને ભરૂચને સામે કાંઠે આવેલા ઘોઘા તેમજ ભાવનગર (ચિત્ર નં. ૨,૩) જેવાં શહેરોમાં નજરે પડે છે. આ યુગનાં સર્જનોમાં કેટલીક નવી રીતિ, વિશિષ્ટ રૂઢિઓ અને નવતર સ્વરૂપાંક-નો દાખલ થાય છે. કાષ્ઠના ટુકડાને માટીના પિંડની માફક હલ કરી તેમાં મોટી ભાતો ઉપસાવેલાં ભાસ્કર્યો એનું ખાસ લક્ષણ છે. પ્રાચીન બારીક વલ્લીઓને સ્થાને જાણે કે ઉષ્ણકટિબંધનું જંગલ ફાલી ઊઠ્યું હોય તેમ શાખાઓ અને મોટાં પર્ણોવાળા જાતજાતના વેલાઓથી બારોટ, ઓતરંગ અને રવેશના ઘોડાઓ છાઈ દેવાયા છે. દ્રાક્ષની વેલો, સીતાફળનાં પર્ણયુક્ત અંકનો, ચકલાંઓ, ગજમુખો, ભારપૂતળીઓ, અને ગરાસડા (ગજવ્યાલ અને અશ્વવ્યાલ)ની ટેકણો સાર્વત્રિક નજરે પડે છે. તળપદ ગુજરાતના દારુ-શિલ્પના નમૂનાઓનો મોટો ભાગ આ વર્ગનો જ હોવાનું તુરત જ જણાઈ આવે છે. આ કૃતિઓમાં અગાઉના નમૂનાઓ જેવી કંડારની ઉચ્ચતા નથી, તોપણ એનાં શ્રેષ્ઠ ઉદાહરણોમાં એક આગવી સફાઈ અને આકર્ષણ રહેલાં છે. તેમાં પણ અમદાવાદનાં કાષ્ઠકલાનાં કેટલાંયે મશહૂર મકાનોમાં આ યુગનો પરિપાક એની વસંતમાં ખીલી ઊઠેલો જોઈ શકાય છે. (ચિત્ર નં. ૨૩)

ત્રીજા તબક્કામાં પ્રવેશતાં મૂળ સ્વરૂપો વધુ ભ્રષ્ટ થતાં ચાલ્યાં છે. કામ વધુ સ્થૂળ અને બલહીન બનતું જાય છે અને ઇતિહાસનાં પરિ-બળોના પ્રભાવે એક અપરિહાર્ય પણ અનિચ્છનીય ઘટના બની જાય છે. એ છે વિક્ટોરિયન યુગના ડૉરિક, આયોનિક અને કોરિન્થિયન સ્તંભોની નકલો, અને ધતુરાનાં પર્ણો તથા લતાઓનાં સુશોભનોનો પ્રવેશ! આ રુચિભંગ કરતી સાંકરલીલાના વિસંગત પ્રતિનિધિઓ ગુજરાતના ઉત્તર સીમાડાથી માંડી છેક મુંબાઈ, પૂના અને મહારાષ્ટ્રના અંતરાળ સુધી દરેક શહેરમાં ઓછાવત્તા પ્રમાણમાં મળી આવે છે.

આ છેલ્લા તબક્કા પછી આધુનિક સ્થાપત્યના મહોત્થાનમાં કાષ્ઠની કારીગરીને કોઈ અવકાશ રહ્યો નથી, કારણકે એમાં એની કોઈ આવ-શ્યકતા રહી નથી. અલંકૃત કાષ્ઠ-સ્થાપત્યની પરંપરા એક વ્યવસાય તરીકે હવે લગભગ મૃતપ્રાય બની ચૂકી છે.

ગઈ પેઢી સુધી ગુજરાતે કાષ્ઠ-સ્થાપત્યને આપેલા આશ્રયનું એક ઊડતું અવલોકન ઉપર કરી ગયા. એ સિવાય મંજૂષાઓ અને પટારાઓ, સાંગામાચીઓ અને હિંડોળા-ખાટ વગેરે કાષ્ઠનાં જે અનેક શોભાસંપન્ન ઉપસ્કરોનાં ઘડતર ગુજરાતમાં થયાં છે એની વાત કરવી અહીં અપ્રસ્તુત છે. વળી ઉપર કહ્યા તે દારુ-શિલ્પના ઇતિહાસના તમામ સમયખંડોની રીતિઓ અને બધાં જ સ્થાનોની તળપદી લાક્ષણિકતાઓની તલ-સ્પર્શી અને વિસ્તૃત સમીક્ષા પણ એક સ્વતંત્ર, દળદાર અને સેંકડો ચિત્રોનું સંકલન માગી લેતા ગ્રંથનો વિષય બને તેમ હોઈ, આ લેખમાં તો કેવળ સૌથી પહેલા તબક્કાનાં થોડાંક ચૂંટી કાઢેલાં દૃષ્ટાંતો વિષે જ ચર્ચા કરી સંતોષ લઈશું. 'પ્રમાણમંજરી'નાં કથનોનો પ્રતિઘોષ પણ આ પ્રથમ યુગનાં ઉદાહરણોમાં વિશેષ સ્પષ્ટતાથી સંભળાય છે.

એ યુગની કાષ્ઠસ્થાપત્ય-કલાનું હાર્દ સમજવા માટે એની કોઈ પ્રતિનિધિસ્વરૂપા ઇમારતની અખિલાઈમાં એને અવલોકવાથી સારુ યે ચિત્ર સ્પષ્ટ બની રહેશે. આપણાં શહેરોની ખીચોખીચ ભરેલી પોળો-નાં, છેલ્લાં દોઢસો વર્ષ દરમ્યાન બંધાએલાં, અડોઅડ ખડકાએલાં ને અંદરથી લાંબાં ભોણ સમાં મકાનો, આપણે જે યુગની વાત કરવી છે તે માટે ઉપયોગી નથી. એનાથી યે સો-દોઢસો વર્ષ પૂર્વેનાં અવશિષ્ટ રહેલાં મકાનોમાં વાસ્તુશાસ્ત્રકારોએ ઉપદેશેલી તલરચનાઓ ઠીકઠીક પ્રમાણમાં મૂળ સ્વરૂપમાં જોવા મળે છે. એવા પ્રાચીન ગૃહાવાસોના અભ્યાસ પરથી એ જમાનાના કોઈ સુખી ઉપલા મધ્યમ વર્ગના ગૃહ-સ્થની આદર્શ ઇમારતનું આવાહન કરી એની રચના સમજવા પ્રયત્ન કરીએ. (જુઓ સામેના પાના ઉપરનું તલદર્શનનું રેખાંકન)



દોઢસો વર્ષ પહેલાંના કોઈ સુખી ગુજરસ્થના આવાસનું તલદર્શન

રાજમાર્ગ પરથી સૌ પહેલાં તો ખડકી (ખટ્ટકી)માં દાખલ થઇએ. સામાન્ય રીતે આ ખડકીને દરવાજા હોતા નથી;અથવા એક કાળે અસ્તિત્વમાં હોય છે તો પાછળથી નષ્ટ થઈ ચૂકયા હોય છે. એના ભારોટ (ભારપટ્ટ) તરફ નજર કરીશું તો ઘણી વાર એના તાંતરા (તંત્રક) પર સરસ લાંબસાવાળી મોગરીઓ (કલિકા) જોવા મળશે (ચિત્ર નં ૧: આ લેખને મથાળે) એના ઉપરના ભાગમાં સામાન્ય રીતે વેલાના થતા ત્રિત્રણ પ્રકારો માંહેના એકાદને ચૂંટી કોતરવામાં આવ્યો હોય છે.


ખડકી વટાવી અંદર આવતાં જ નાનકડો ચોક આવે છે. એની આજુબાજુમાં કેટલાંક મકાનો હોય છે; પણ આપણે તો જે પ્રાચીન મકાનમાં કાષ્ઠસ્થાપત્યની રૂપશોભા આવી રહેલી છે તેમાં જ પ્રવેશીશું. તેની ડેલી (દહેલી)માં દાખલ થતાં પહેલાં કયારેક દોઢી જેવા થાંભલાવાળા ઓટલા વટાવવા પડે છે. આ સ્તંભો મોટે ભાગે તો ચોરસ (રૂચક) હોય છે. એના પર કોતરણીવાળાં શરાં (શીર્ષ) પણ હોય છે, પણ તેના પ્રકારની ચર્ચા પછીથી કરવાની હોઈ આગળ વધીશું. (લક્કડકામના બીજા તબક્કા દરમ્યાન આવા ઓટલા ઉપર રહેલા ને ઉપરના રવેશને ટેકવતા સ્તંભોના ત્રણ નમૂના ચિત્ર નં. ૨, ૩ અને ૪ માં બતાવ્યા છે.)

આ ડેલીને ભારોટ પણ ખડકીના ભારોટના જેવી જ સરસ રીતે કોતરેલો જોઇ શકાય છે. ડેલીની ઉપર ઘણી વાર માઢ (માડ, મોડ) કરેલો હોય છે. માઢમાં વચ્ચે દીવાલમાં પથ્થરના કે કાષ્ઠના કોતરણીવાળા ઘોડા (મદ્દલ)ની એક યા બે જોડીથી ટેકવેલો રૂપસુંદર ઝરૂખો (ગવાક્ષ) પણ કાઢેલો હોય છે. પાછલા યુગમાં આ ઝરૂખાનું રવેશમાં રૂપાંતર થયું, જેનાં સેંકડો દષ્ટાંતો ગુજરાતમાં મોજૂદ છે (પૂઠા પર.)

ડેલી છોડીને આગળ વધતાં હવે ફળિયામાં પ્રવેશીએ, જ્યાં મોટે ભાગે તો દૂધાળાં ઢોર બાંધવામાં આવતાં. આ પ્રાંગણ વટાવતાં મુખ્ય રહેણાક ભાગની સમ્મુખ આવીને ઊભા રહી જઈએ છીએ. અહીં ઓસરી (અલિન્દ)નાં પગથિયાં ચડીએ છીએ ત્યારે એમાંથી એક પ્રકારની રચના જોવા મળે છે. પહેલીમાં એક લાંબો, ધીંગો લાકડાનો કંડારેલ મોભ (તુલા) ઓસરીના મોરામાં એક છેડેથી બીજા છેડા સુધીનું અંતર આવરી લેતો દષ્ટિગોચર થાય છે. જ્યાં ભારોટના છેડા ભીંતમાં

ચિત્ર નં. ૨ (નીચે) રવેશને ટેકવતા મુઘલાઇ સ્તંભ અને ઘોડા શરા: ઘોઘાનું સો વર્ષ પૂર્વેનું કાષ્ઠશિલ્પ (શ્રી ધનરાજ વકીલ, ઘોઘાના સહયોગથી)






ચિત્ર નં. ૩ (ડાબી બાજુ) મતાલંબને ટેકવતા મુઘલાઈ સ્તંભ અને શરા: સવા સો વર્ષ પૂર્વે. (બાર્ટન મ્યુઝિયમ ભાવનગર)

ચિત્ર નં. ૪ (નીચે) મુઘલાઇ સ્તંભ અને ગજવ્યાલનો મદ્દલ: બસો વર્ષ પૂર્વે (હળવદ)






ચિત્ર નં ૬ અલંકૃત મોભ અને શીષ: સવા ત્રણ સો વર્ષ પૂર્વે–પ્રભાસ પાટણ (કાજી મહમદમિયાં રહેમાનમિયાંના સહયોગથી)


પ્રવેશે છે ત્યાં તેના ટેકણરૂપે સુંદર કારીગરીવાળાં શરાનાં ફાડચાં(ફાલના) ગોઠવવામાં આવ્યાં હોય છે. આની વિગતો સમજાવતાં બે ચિત્રો અહીં રજૂ કર્યા છે. પહેલું લગભગ સાડા ત્રણસો વર્ષજૂના પ્રભાસપાટણના એક મકાનમાંથી ઉતાર્યું છે (ચિત્ર નં. ૬). અહીં મોભના ઉપલા ભાગમાં તાંતરા પર કલિકાઓ અને તેના પર ગગારા (ગગારક)ને વેલની ઝીણી પટ્ટીઓ કરેલી છે. તાંતરાના ઉપરના ભાગમાં ફરીને કલિકાઓ કરી છે અને ઉપરની પટ્ટિકામાં પર્ણભાત અને રત્નપટ્ટ કંડારેલાં છે.

હવે શરાની વિગતો જોઇએ. ભીંતમાં રહેલા અર્ધસ્તંભ ઉપરની ઘાટીલી ભરણીને માથે સૌંદર્યના અવતાર જેવું આ શરૂ ગોઠવેલું છે. એનો વચલો ભાગ સોલંકી યુગનાં મંદિરોના સ્તંભો પર જોવામાં આવતું તરંગશીર્ષ બતાવે છે. તેની નીચે વેલ-પાનની માથાવટી જેવું કરી એક સુંદર મોગરીવાળું લાંબસું (તુંડિકા) લટકાવેલું છે. શીર્ષને મથાળે પર્ણો ને રત્નપટ્ટ નજરે પડે છે. શીર્ષના ઉગમસ્થાનના મોવાડ પર પણ ચોરસ ખંડોમાં સરસ ભાતો પાડેલી છે. પૂર્વકાલીન કે તત્કાલીન દેવાલય-સ્થાપત્યમાં પણ પાષાણનાં સ્તંભશીર્ષ આટલાં શોભનસમૃદ્ધ નહોતાં.


આનું બીજું દૃષ્ટાંત હવે લઇએ. પોરબંદરમાં આવેલા, લગભગ બસો વર્ષપુરાણા, મહાત્મા ગાંધીજીના જન્મસ્થાનના મકાનની ઓસરીના મોભ અને શરાની વિગતો નીરખી એમાં થએલા ફેરફારો તપાસીએ (ચિત્ર નં. ૭). અહીંનું કામ સવિશેષ વિગતપૂર્ણ છે, પણ કલાકક્ષા ઊતરી ગઈ છે. લક્કડકામના પહેલા અને બીજા તબક્કાના સંધિકાળે સર્જાએલા આ નમૂનામાં બન્ને સમયખંડોની લાક્ષણિકતાઓ જોઈ શકાય છે. ભરણી પર ધતુરાનાં પાન, શરામાં મુઘલાઈ કમાન નીચે ઊભેલી પૂતળી, અને મોભની ટોચ પર પટ્ટીના મકરમુખમાંથી



ચિત્ર નં ૭ અલંકૃત મોભ અને શરૂ: બસો વર્ષ પૂર્વે (મહાત્મા ગાંધીજીનું જન્મસ્થાન: પોરબંદર)



ચિત્ર નં. ૮ ↑ ઓસરી (અલિન્દ)માં મોભને ટેકવતા કોતરણી-યુક્ત સ્તંભનો સવા ત્રણ સો વર્ષ પૂર્વેનો નમૂનો (પ્રભાસપાટણ: શ્રી દુર્ગાશંકર શિવશંકર દેસાઈના સહયોગથી)



ચિત્ર નં. ૯ સ્તંભની ભરણી, લુંબિકા, ફાલના, નિર્વ્યૂહ, દંડ આદિથી મંડિત અલંકાર-પ્રચુર શીર્ષ (શરા)નો, આશરે અઢી સો વર્ષ પૂર્વેનો નમૂનો (ઓઝાનો ડેલો જામનગર)

નીકળતી વેલ બીજા તબક્કાનો ઉષઃકાળ બતાવે છે; તો શરાની ફાલનાની વિગતો, લુમ્બિકા અને અન્ય મોવાડની ભાતો આગલા યુગનાં અંતિમ વર્ષો નિર્દેશે છે. અહીંના અલંકારની નવી વિગતોમાં શરાના મોવાડ પરની મોર-પોપટની જોડીઓ અને તાંતરા પરની મોગરીઓ વચ્ચે તાંબાના વાળા પર ઝૂલતી છૂટી ભમરીઓને ગણી શકાય. ઉપલી પટ્ટીને છેડે તોલન માટે લટકાવેલાં બીજોરાંની પણ નોંધ લઇએ.


ઓસરીના મોરામાં થતા દારુવિન્યાસનો બીજો મુખ્ય પ્રકાર હવે જોઇએ. એમાં મોભને ટેકવવા માટે વચ્ચે સ્તંભની જોડી ઊભી કરવામાં આવેલી જોવાય છે (જુઓ તલદર્શન). આ સ્તંભો કેટલીક વાર નખશિખ કંડારેલા જોવામાં આવે છે. વલ્લી, પલ્લવો અને મણિબંધની મેખલા-ઓથી શોભતા પ્રભાસના આવા સાડા ત્રણસો વર્ષજૂના એક સ્તંભને ચિત્ર નં. ૮માં રજૂ કર્યો છે. આ સ્તંભો પર અતુલ કારીગરી ધરાવતાં શીર્ષો(શરા)ની રચના આ તબક્કાના મધ્યાહ્ન સમયે કરવામાં આવ્યા-નાં ઘણાં દૃષ્ટાંતો છે. એ શરાની શોભા તો એમાંથી બન્ને બાજુ નીક-ળતી ફાલનાઓથી છે (ચિત્ર નં. ૯). આ ફાલનાઓનાં પડખાં તેમજ તળિયું પણ ઝીણા કંડારથી દીપી ઊઠે છે. અગાઉના તરંગશીર્ષના અવ-શેષરૂપે એમાં તરંગનાં ગૂંચળાંનો પણ સમાવેશ હોય છે. ફાલનાઓને તળિયે લટકાવેલી ઘંટાકાર લુંડિકાઓ તેની શોભામાં વૃદ્ધિ કરે છે.

ઓસરીમાં વરસાદનું પાણી આવતું અટકાવવા માટે કેટલીક વાર સ્તંભોના અગ્રભાગમાં મદલો કાઢી તેના પર છજું (છાદ્ય) ગોઠવવામાં આવે છે. આ મદલોની રચનામાં ગુજરાતના સૂત્રધારોએ પોતાનું સમગ્ર કૌશલ ઠાલવી દીધાનાં અનેક દૃષ્ટાંતો પૈકીના એકનું દૃશ્ય પાછલે પાને ચિત્ર નં. ૧૦માં પ્રસ્તુત કરવામાં આવ્યું છે. જામનગરના એક મકાનના લગભગ બસ્સો ચાલીસ વર્ષપુરાણા આ નમૂના-માં કાષ્ઠકલાની શોભનસમૃદ્ધિની પરાકાષ્ઠા જોઈ શકાય છે. અહીં સ્તંભ તો પ્રમાણમાં સાદો છે, પણ રાજહંસની ડોકનું નમણું લાવ-


ત્યાર પછી લગભગ સોએક વર્ષ બાદ મદલનું સૌંદર્ય ઘાટમાં તો જળવાઈ રહેલું જોઈ શકાય છે, પણ કંડારની ઝીણવટ તેમાં ઘટી ગએલી જણાય છે. આવા મદલોનો વપરાશ પછીથી લગભગ અદૃશ્ય થાય છે અથવા તો તે કાળથી કોરવામાં આવતી મોટી મોટી વેલોના ભાર નીચે એનો અસલી આકાર દબાઈ જાય છે. કેટલીક વાર મદલના વિકલ્પે સંઘેડે ઉતારેલા ઘોડા (દંડ)નો ઉપયોગ કરવામાં આવે છે (ચિત્ર નં. ૯). દ્વિતીય યુગમાં ક્યાંક નાગફણી (મદલી)નો પણ ઉપયોગ કરવામાં આવે છે. ભારોટ નીચે પદ્મક ધરાવતાં ને નાગફણીથી ટેકવેલ છજ્જાંવાળી રચના બતાવતું લગભગ દોઢસો વર્ષજૂનું એક દૃષ્ટાંત અહીં ચિત્ર નં. ૧૨માં પ્રસ્તુત કર્યું છે. મદલ, દંડ કે નાગફણીનું કાર્ય સ્તંભના શરામાંથી કાટખૂણે બહાર નીકળતા નરજા કે નેજવાને (નિર્વ્યૂહ, કે જેના પર છાજલી મૂકવામાં આવે છે તેને) ટેકવવા પૂરતું જ હોય છે. અસરકારક અને કાર્યવાહક અંગો ઘડવાની સાથે એને તક્ષકોએ એટલી જ સમર્થ સૌંદર્યવાહક કૃતિઓ પણ બનાવી દીધી છે.

નેજવાંઓની ઉપર મોટે ભાગે છજ્જું સીધેસીધું મૂકી દેવામાં આવે છે, પણ કેટલીક વાર એને લાકડાના જાળીદાર માળખા (છાદ્યગ્રાહ) પર પણ ગોઠવવામાં આવે છે. આશ્ચર્યની વાત તો એ છે કે આવા ચોકઠાની પટ્ટીઓ અને વલિકાઓનો તળપ્રદેશ પણ પદ્મ અને વેલોના પ્રયોગથી ઝીણવટપૂર્વક કોતરેલો હોય છે (સામેના પાને ચિત્ર નં. ૧૧).

હવે ઓસરીની અંદર પ્રવેશતાં ઉપર નજર કરીશું તો મોભમાંથી આડા પાટડા (ઉપતુલા) અને તેમાંથી ટોડીઓ (જયતિકા) નીકળતી દેખાશે. આવાં માળખાં તો છેક અત્યાર સુધી પ્રચારમાં હતાં. તેમાં ઓસરીની ભીંતમાં જ્યાં ટોડીઓના છેડા પ્રવેશે ત્યાં શુષ્કતા નિવારવા 'પ્રમાણમંજરી'કારે લુમ્બિકા ગોઠવવા જે આદેશ આપેલો છે તેનું પણ




ચિત્ર નં. ૧૦ (ઉપર) કલાપૂર્ણ મદલ. જામનગર લગભગ ૨૪૦ વર્ષ પૂર્વનો : ઈ. ૧૭૨૦ આસપાસ (શ્રી મૂળચંદ પુરુષોત્તમ મહેતાના સહયોગથી)




ચિત્ર નં. ૧૨ (જમણી બાજુ) ભારોટ નીચે પદ્મક ધરાવતી અને મદલી (નાગફણી)ને ટેકે છાદ્ય (છજ્જા)વાળી દોઢસો વર્ષ પૂર્વની રચના (જૂનો દરબારગઢ-પોરબંદર)

જય અને મત્તમયૂર શી સોહામણી ગર્વછટા ધરાવતા એના અભિજાત મદલને મસ્તકે એટલું જ માર્દવભર્યું અને અલંકારમંડિત પિચ્છ શોભી રહ્યું છે. 'પ્રમાણમંજરી'કારે વર્ણવેલ મદલની અંગશોભા એનાં તમામ ઘાટ-વિધાનો અને ઝીણામાં ઝીણી વિગતો સાથે અહીં ચરિતાર્થ થતી જોઈ પુરાતત્ત્વવિદ્ અને કલાકાર બન્ને સવિસ્મય થંભી રહે તેમ છે.



ચિત્ર નં. ૧૨ (ઉપર) નિર્વ્યૂહ (નેજવા)ની ઉપર છજ્જાને સીધેસીધું ન મૂકી દેતાં કેટલીક વાર લાકડાનાં જાળીદાર ચોકઠાં (છાદ્યગ્રાહ) ઉપર ગોઠવવામાં આવે છે. એવી છાજલીનું કંડારપ્રચુર તળિયું: ઈ. ૧૭૨૦ જામનગર (શ્રી મૂળચંદ પુરુષોત્તમ મહેતાના સહયોગથી)

ચિત્ર નં. ૧૩ (નીચે) દ્વારની બંને બાજુની ભીંતના ગાળા (ઘોડાગર્ભ)માં કરવામાં આવતા વાંકા ચરણવાળા સુંદર અશ્વો (તુરગ હય)નું અઢી સો વર્ષ પૂર્વેનું દષ્ટાંત (ખંભાત: શેઠશ્રી શાંતિલાલ લલ્લુભાઈ શાહના સહયોગથી)






ચિત્ર નં. ૧૪ દ્વારના મથાળે ઉત્તરંગ (ઓતરંગ)માં વચ્ચે ગણેશ અને તેની ઉપરના સૌભાગ્યપટ્ટ (શોભાવટા)માં લક્ષ્મીની કોતરણી દર્શાવતા ઉત્તરંગ, સૌભાગ્યપટ્ટ અને રત્નપટ્ટ: સવા ત્રણ સો વર્ષ પૂર્વે – પ્રભાસપાટણ (શ્રીમતી મોતીબેન શેઠના સહયોગથી)

અનુસરણ થતું જામનગરનાં કેટલાંક અઢી સો વર્ષપુરાણાં મકાનોમાં જોવામાં આવ્યું છે. કોઈ કોઈ જગ્યાએ ટોડીને કાટખૂણે આડી વળી (લૂપા)નો પણ પ્રયોગ થતો.

ઓસરીની ભીંત તરફ હવે નજર ફેરવીએ. આપણે જોઈ રહ્યા છીએ એ મકાન બે ખંડવાળું (દ્વિશાલ) છે, એટલે બન્નેનાં દ્વાર અને ગાળાની બારીઓ ઓસરીની ભીંતમાં પડે છે. એને જોતાં પહેલાં આ યુગમાં જોવામાં આવતા એક અત્યંત રસપ્રદ રૂપકની નોંધ લઇએ. 'પ્રમાણમંજરી'કારે દ્વારની બાજુની ભીંતના ગાળામાં વાંકા ચરણવાળા સુંદર અશ્વો (તુરગ, હય)નાં સ્વરૂપો કરવા અનુરોધ કર્યો છે. પંદરમા શતકના ઉત્તરાર્ધમાં થએલા સૂત્રધાર મંડને પણ 'વાસ્તુરાજવલ્લભ'-

ચિત્ર નં. ૧૫ અલંકૃત દ્વારના કપાટપુટ (કમાડ)નો વેણી-ઘોકો: ઈ. ૧૬૧૦ – પ્રભાસપાટણ (શ્રી જૈન તપગચ્છ શ્વેતાંબર સંઘના સહયોગથી)



માં એનો ઉલ્લેખ કરેલો છે. વાસ્તુશાસ્ત્રકારોએ પ્રબોધેલી આ વિશિષ્ટ રચનાનું લગભગ અઢી સો વર્ષ જૂનું દૃષ્ટાંત (ચિત્ર નં. ૧૩) અહીં રજૂ કર્યું છે. છેલ્લાં બસોએક વર્ષથી તો આ પ્રથા બંધ છે, પણ ભીંતનો આ ભાગ હજી પણ 'ઘોડાગર્ભ' તરીકે ઓળખાતો હોઈ એ પ્રથાનું તેમાં સ્મરણ જળવાએલું જણાય છે. 'પ્રમાણમંજરી'માં મુસ્લિમો (યવન)ના ઘરમાં ઘોડાને સ્થાને ખીંટીઓ (ગજદન્ત કે નાગદન્ત) મૂકવાના સૂચવેલા વિકલ્પનું ઔચિત્ય આજે તો રમૂજ ઉપજાવનાર લાગે.

આ 'ઘોડાગર્ભ'ની બાજુમાં રહેલું અલંકારસંપન્ન દ્વાર હવે જોઇએ. બન્ને ખંડોનાં દ્વારોનો પ્રકાર સરખો છે. દેવપ્રાસાદ કે રાજપ્રાસાદ સિવાય બેથી વિશેષ શાખાવાળાં દ્વારો ન કરવાનો સૂત્રધાર મલ્લે ઉપદેશ કર્યો છે. એની પાછળ મધ્યમ અને ગરીબ વર્ગના લોકો નકામા તણાઇને ધન ન વેડફે એવો હેતુ હશે. તોપણ આ દ્વારોની અલંકાર-શોભા કેટલીક વાર દેવ-મંદિરોનું સ્મરણ કરાવનારી થતી. (જોકે ગૃહ-દ્વારોમાં દેવ, ગંધર્વ, મનુષ્ય ઇત્યાદિ રૂપકામ ત્યાજ્ય ગણાતું.) દ્વાર-રચનાની વિગતો જોતાં એમાં વચ્ચે ભદ્દર (ભદ્ર) પાડેલા ઘાટવાળા ઉંબરા (ઉદુમ્બર)માં તેની છેડાની માચી (મંચિકા) અને પડ-માચી (પ્રતિ મંચિકા)વાળી કુંભી જોઈ શકાય છે. અહીં મંગલ ઘટની ભાત આલેખાએલી છે. કુંભીમાંથી બે શાખાઓ ઊર્ધ્વગામી બની નીકળી રહી છે. અંદરની શાખા (મૂલશાખા, પત્રશાખા) પર સુંદર વલ્લીનું સ્વરૂપ કોરવામાં આવેલું છે, જ્યારે બહારની શાખા (બાહ્ય શાખા) પર મૃણાલપત્રો કંડારેલાં છે. એની ખૂણીઓમાં ચંપાછડી (બકુલિકા) કરવા સૂત્રધાર મલ્લે અનુરોધ કર્યો છે. શાખાની ઉપર બન્ને બાજુએ રૂપસુંદર ટોડલા (તોડકા) કાઢવામાં આવ્યા છે, ને ક્યારેક ડમરુ ઘાટના તો ક્યારેક ડાબલા ઘાટના, તો ક્યારેક વળી જામનગર જેવાં સ્થળોમાં

અશ્વરૂપી કે પોરબંદર જેવાં શહેરોમાં સૂડા-પોપટથી શોભતા કરવામાં આવતા. ઉપર ઓતરંગમાં વચ્ચે ગણેશ અને એની ઉપરના શોભાવટ્ટા (સૌભાગ્યપટ્ટ)માં લક્ષ્મી કરવાનું 'પ્રમાણમંજરી'કાર કહે છે. બરાબર આવી જ દ્વારરચના પ્રભાસ પાટણમાં સાડા ત્રણ સો વર્ષ પૂર્વનાં મકાનોમાં જોવામાં આવે છે (ચિત્ર નં. ૧૪). 'પ્રમાણમંજરી'કારે ઉત્તરંગની ઉપર નાની છાજલી (છાદ્યકી) કરવાનું જે કહ્યું છે તે પણ કેટલીક જગ્યાએ જોવામાં આવે છે. આવી સુંદર દ્વારશાખાનાં કમાડો (કપાટપુટ, દ્વારપક્ષ) પણ એટલાં જ કંડારપ્રચુર બનતાં. આવા એક દ્વારના વેણી-ધોકાની અલંકારલીલા ચિત્ર નં. ૧૫માં પ્રસ્તુત કરી છે. બારની બાજુએ દીવો



ચિત્ર નં. ૧૭ અર્ધ સ્તંભના શરા (મથાળા)ની ફાલના: અઢી સો વર્ષ પૂર્વેની કંડાર કલા (મકીમ વાડી, જામનગર)

ચિત્ર નં. ૧૬ (નીચે) અઢી સો વર્ષ પૂર્વેની બારીક અને રૂપસુંદર કોતરણી દાખવતો અર્ધ સ્તંભ: ખંભાત (શ્રી શાંતિલાલ લલ્લુભાઈ શાહના સહયોગથી)




મૂકવાના પથ્થરમાં કોરેલા કલામય ગોખલાઓ (દીપાલય) તો છેક આ સદીના આરંભ સુધી થતા. કેટલીક વાર ભીંતે કોડિયાં મૂકવાનાં લાકડાનાં ચાડાં પણ જોવામાં આવે છે.

હવે ખંડની અંદર પ્રવેશીએ. જો આજુબાજુ મકાનોની નડતર ન હોય તો તેમાં બે દિશાઓમાં નાની જાળીવાળી બારીઓ મૂકેલી દેખાશે. ઓછાં હવા-ઉજાસવાળા આવા ખંડો શોભનસંકુલ હોવાની સાથે સુવિધાસંપન્ન નહોતા જ. આ ખંડની આજુબાજુની ભીંતોમાં ઘણી વાર અર્ધ સ્તંભ અને એની ઉપર ભારે રૂપાળી ફાલનાઓ જોવામાં આવે છે. અત્યંત બારીક ભાતોથી કંડારેલા એવા ખંભાતના એક ઘરના અર્ધસ્તંભ અને જામનગરની એક ફાલનાનાં દૃશ્યો અનુક્રમે ચિત્ર નં. ૧૬ અને ૧૭માં રજૂ કર્યાં છે. આ સ્તંભ પરની ભાતોનું કામ કેટલું સૂક્ષ્મ અને સુરેખ થતું એનો ખયાલ ચિત્ર નં. ૧૮ માંથી મળી રહે છે. આવા ખંડોની પછીતે એક સુંદર, કોરેલી પટ્ટીવાળી, મદલોથી ઉંચકાતી અભેરાઈ ઘણી વાર જોવામાં આવે છે. અહીં વળી મદલના ઘાટનો નવો જ પ્રકાર જોવા મળે છે (ચિત્ર નં. ૧૯). મકાનને જો ઉપલો મજલો હોય તો એક સાંકડી, ખાંચા પાડેલી નિસરણી મારફત ઉપર જવાય છે.


અહીં મોટે ભાગે નીચેની વ્યવસ્થાનું પુનરાવર્તન જ હોય છે. પણ અહીં મકાન સાથેના ઢાંસાકાર છાપરાને ઝલાવવા જે મોટી, નળાકાર આડસર કરામાં નાખી હોય છે એને ટેકવવા નીચે એક એક થાંભલી (તુલાસ્તંભિકા) પાટડા સહિત ગોઠવવામાં આવે છે. અઢી સો વર્ષ પહેલાંની આવી એક થાંભલીનો શણગારવૈભવ સોલંકીયુગના સંસ્કારોને હજુ યે સંઘરી રાખતો જાણે કે જોઈ શકાય છે (ચિત્ર નં. ૨૦).

ગૃહાવાસોના કાષ્ઠ-સ્થાપત્યની આ વાત સાથે જૈન ઘર-દેરાસરોના કાષ્ઠકલા-મંડપોનો પણ ટૂંકો નિર્દેશ કરી લઇએ. લાલિત્યમય મદલોવાળી થાંભલીઓ પર અષ્ટાંશ કરી, તેના પર નાયિકાઓ, મહાવિદ્યાઓ, પંચકલ્યાણકો વગેરેનાં દૃશ્યોવાળી છતો (વિતાનો) ધરાવતા મંડપો એક જમાનામાં પાટણ, સૂરત વગેરે શહેરોમાં સારા પ્રમાણમાં હતા. આજે તો કેટલાક રંગરોગાનથી બેડોળ બની ચૂકયા છે. વડોદરાના મ્યૂઝિયમના એવા એક સરસ મંડપની વિશ્લેષણપૂર્વકની ચર્ચા દોઢ દાયકા પહેલાં એ સમયના એના નિયામક ડૉ. ગમ્બ્રૂઝે કરેલી.

દેવમંદિરોની કાષ્ઠકલાને જે સહન કરવું પડયું તો ગૃહાવાસોની એ સંપત્તિની દુર્દશાની શી વાત કરવી? આધુનિકતાના પૂરમાં છેલ્લાં પચાસ વર્ષોમાં તો અનેક સમૃદ્ધ, પ્રાચીન ઇમારતો ધરાશાયી બની ચૂકી છે, તેને ધસુડી નાખવામાં આવી છે. એનું કાષ્ઠકામ બળતણને ઉપયોગી મનાયાનાં ઢગલાબંધ દૃષ્ટાંતો મોજૂદ છે. પોતાના દીવાનખંડોની શોભા બનાવવા માટે એ કાષ્ઠના કંડારેલા ટુકડાઓ ને પૂતળીઓ ખરીદવા પુરાણી વસ્તુઓના લિલામ કરનારાઓની વખારોમાં હોટાદોટ કરતા ધનિકોની એ પરમાર્થવૃત્તિ પર એક કરુણ દૃષ્ટિપાત નાખી એક છેલ્લી વાત વિચારીએ. ઘણું નષ્ટ થઈ ચૂક્યું છતાં યે ગુજરાતની જનતા આ પળે જો સાવધ બની પોતાના આ અમૂલ કલાવારસાની રક્ષા કરવા સ્વયમેવ તત્પર બનશે તો ગુજરાતની આવતી કાલની પેઢીઓનાં સંસ્કારહિત અને ભારતની સંસ્કૃતિની મહાન સેવા થઈ ગણાશે એની કોણ ના પાડશે? ❦



ચિત્ર નં. ૧૮ (ઉપર)
ખંડની ભીંતના અર્ધ સ્તંભની બારીક ભાતો: અઢી સો વર્ષ પૂર્વે – ખંભાત (શ્રી શાંતિલાલ લલ્લુભાઈ શાહના સહયોગથી)



ચિત્ર નં. ૧૯ (જમણી બાજુ)
સુશોભિત મહલથી ટેકવેલી અભેરાઈનો એક ભાગ: અઢી સો વર્ષ પૂર્વે – મધ્યમ વાડી, જામનગર.



ચિત્ર નં. ૨૦ (ડાબી બાજુ)
મકાનના છાપરાને ઝલાવવા નાખેલી આડસરને ટેકવતી તુલાસ્થંભિકા (છાજલી) અઢી સો વર્ષ પૂર્વે–જામનગર (શ્રી મૂળચંદ પુરુષોત્તમ મહેતાના સહયોગથી)

[આ લેખ સાથેના બધા ફોટોગ્રાફ તેમ જ પૂઠા ઉપરનું ચિત્ર ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ ખાતાના સૌજન્યથી]

અસ્પાનિયાની નાટ્ય-તવારીખ

રંગ-ગડરિયાં · ૪૯/ચન્દ્રવદન મહેતા

બે હજાર ફીટ (કેટલા કીલો?) ઊંચી ટેબલલૅન્ડ પર અમે ઊતર્યાં. એ માડ્રિડ; પ્રદેશની લગભગ મધ્યમાં આવેલું પાટનગર. રસીલા અને રંગીલા ફ્રાન્સના પાટનગરમાં દેખાતી પૈસાની છોળમછોળ અહીં નહિ. દેખાવે ગરીબ; પ્રદેશે રાજસ્થાનની યાદ અપાવે. તો યે લોક રંગરાગના શૅાખીન, હસમુખા અને મળતાવડા જણાયા.

પેડ્રોલો સાહેબ ન હોત તો યે, સ્પેનની સરકારે, હું ક્યાંક ભૂલો ન પડું એ માટે એર ટર્મિનસ ઉપર પાકી ગોઠવણ કરેલી. ત્યાં પહોંચતાં જ મારું નામ પોકારાયું અને બારીમાં હાજર થતાં એક અફસરે ઉતારાની વ્યવસ્થા સમજાવી, હાથમાં ત્યાં ખર્ચવાના પેસેટાની રકમ ધરી દીધી,—સાથે રસીદ, સહી કરવા માટે. વળી બીજે દિવસે સચિવાલય ઉપર જંઈ, એમના ખાતાના અફસરને મળવાની સૂચના કરી, અને 'આસીઓ' કહી ચાલ્યો ગયો.

ઉતારો માડ્રિડ યુનિવર્સિટીની પાસેની જ એક હોસ્ટેલમાં. મકાન સરસ; ખાવાનો ખંડ સ્વચ્છ; નહાવાની વ્યવસ્થા સુંદર; દર સવારે પ્રાર્થના કરવાનો મંડપ અલાયદો; અને વિદ્યાર્થીઓ માટે નાનકડું તાજાં ફળફળાદિના રસથી માંડી તેજક પીણાં સુધીનાં પેય માટેનું બાર. ન ગમે તો ત્યાં બેસી જીવ બહેલાવો. નારંગીઓનો તો ભંડાર ભરેલો. બે મિનિટમાં ફરૈરૈરૈ કરી કે તાજા રસનો ભરચક ગ્લાસ નજીવી કિંમતમાં હાજર. જોન ચાંઉ અને જોસે ડ ગોંગોરા નામના બે સારું અંગ્રેજી જાણતા વિદ્યાર્થીઓ આ આપના બન્દેનવાઝની તહેનાતમાં. પછી તો પૂછવું જ શું? ચાંઉ એ ચીનો અને ગોંગોરા પોર્ઝુગીઝાની, એટલે અલકમલકની ફટકારવામાં ભારે મઝા પડતી. ઉપરાંત, બાજુના ટેબલ ઉપરથી કોઈ બ્રાઝિલનો તો કોઈ પેરૂનો, કોઇ અમેરિકાનો તો કોઈ મોરોક્કોનો ભણવા આવેલો કિશોર ચોથી ખુરશી પર આત્રે જાય, અને સવારે નાસ્તા ઉપર દુનિયા ખંખોળવાની કોલંબસિયા પ્રવૃત્તિ ચાલતી રહે.

આટલા અમથા સ્પેને પણ દાગીનાઓ તો કિસમકિસમના પેદા કર્યા છે! ઢગલાબંધ કવિઓ, વિજ્ઞાનના જાણકારો, એ બધાને છોડી ફક્ત નાટકકારો અને નવલકથાકારોની યાદી બનાવીએ તો યે તે ભારે લાંબી થાય. ગાલ્ડોઝ, ઈબનીઝ, બાઝાન તો આજના. પણ મ્યૂગલ દ સર્વાન્ટિસ સાવેડરા (ઈ. ૧૫૪૭–૧૬૧૬) એ એક જ નવલકથાકારનું નામ સ્પેનને જગજાહેર કરવા માટે પૂરતું છે. કહેનારા એમ પણ કહે છે કે ફર્ડાન્ડો ડ રોઝાની લા સેલેસ્ટિના નવલકથા સ્પેનની ઉત્તમમાં ઉત્તમ નવલકથા. મેં એ નથી વાંચી, એની વાત જાણી લીધી છે. પણ આપણું ધ્યેય તો અહીં ડૉન કિહોટે અને એના લેખક સર્વાન્ટિસ સાથે ઓળખાણ કરવાનું હોઈ, 'સેલેસ્ટિના'ને પડતી જ મૂકીશું. એમ જ ફિલ્સૂફીમાં જે બાપદીકરાએ લખ્યું એ માર્કો અને એના દીકરા લુસીઓ સેનેકાને પણ બાજુએ રાખીશું અને નાટકકારો સાથે કંઇક પરિચય સાધીશું. નહિ તો, પ્રમાણમાં ઓછા જાણીતો આ દેશ છતાં, એના રસભર સાહિત્યમાંથી બહાર નીકળવું જ અઘરું પડશે.

સ્પેનમાં નાટકો તો ભારતમાં લખાયા પછી ઘણે કાળે લખાયાં; પરંતુ બે હજાર વર્ષ પહેલાંની રોમનોએ ત્યાં બાંધેલી નાટકશાળાઓનાં ખંડિયેરો હજી મોજૂદ છે, અને કેટલીક તો સમરાવેલી હાલતમાં આજે ઉપયોગમાં પણ આવે છે. પોર્ચુગીઝ તરફ આપણને અણગમો; મને તો ખરો જ; પરંતુ ગોંગોરા મને કહેતો કે ઇંગ્લંડમાં નવી નાટકશાળા બંધાઈ એ પહેલાં પોર્ટુગાલમાં ઈ. ૧૪૭૦માં લિસ્બોંમાં નાટકશાળા બંધાઇ હતી. સ્પેનમાં જૂનામાં જૂનું નાટક ઑટો દ લૅાસ માગોસ મળે છે. લગભગ બારમી સદીમાં લખાયું હશે. પણ એવાં બધાં ધર્મનાં નાટકોને જવા દઇએ તો સોળમી સદીમાં એન્સિનાનાં નાટકો, અને ત્યાર બાદ રીતસરની ધંધાદારી નાટકમંડળી ચલાવનાર અને લખનાર લોપે ડ રૂએડાનાં નાટકો જ મહત્ત્વનાં ગણાવી શકાય. ડૉન કિહોટેના લેખક સર્વાન્ટિસે પણ નાટકો તો લખ્યાં; પણ એ ભાઈના જન્મના ગ્રહો બધા જ નીચ રાશિમાં, તે એમના મરતાં સુધી તો આજે પંકાએલી ડૅાન કિહોટેની નવલકથાની પણ કશી કિંમત અંકાએલી નહિ, ત્યાં નાટકોનો ભાવ કોણ પૂછે? એટલે લોકપ્રિય નાટક લખવાનો જશ લોપે દ વેગા અને કાલ્ડેરોન, એ બેને ફાળે જાય છે.

સ્પૅનિશ નાટકોમાં ભજવણીની વાત હમણાં બાજુએ રાખીને, એમની નાટકોની ભાષા જે તબક્કે તબક્કે ફેરવાતી રહી છે, અને પરિણામે એક નવા પ્રકારની જે મૌલિક વાગ્છટા-કાવ્યતત્ત્વ દાખલ થઈ ગયાં છે, એ જરા તપાસી લઇએ. પણ કેમ તપાસીશું? ઈ. ૧૭૬૬માં ફ્રે પેડ્રો અને ફ્રે રફાએલ નામના બે પાદરી સાહેબો અસ્પાનિયાના સાહિત્યનો ઇતિહાસ લખવા બેઠા. એમણે એ કામ બરાબર પાર ઉતારવા ભારેની કમ્મર કસી. પણ લાગટ પચ્ચીશ વર્ષ સુધી બંનેએ આખો દિવસ લખ લખ કર્યું ત્યારે દશ ગ્રંથો માંડ લખાયા, અને મરી પરવાર્યા ત્યારે એમનો એ ઇતિહાસ ઇસવી સન પૂર્વેથી શરૂ કરેલો તે માંડ ઈસવી સન પછીનાં ફક્ત ૬૫ વર્ષ સુધી પહોંચેલો જણાયો! એટલે આપણે તો હવાઇજહાજની ઝડપે ઊડવું પડશે,—જેટના વેગે; નહિ તો હું યે ગુજરી જઈશ અને આપણે છીએ ત્યાંના ત્યાં રહી જઈશું.

સ્પૅનિશ નાટકની ભાષામાં અરબોનો અને બદ્દુઈન ટોળીઓનો કેટલો મોટો ફાળો છે તે રોમાંચક ઘટના જાણવા જેવી હોઈ પ્રથમ એનો ઈશારો કરી લઈએ. આપણાં જૂનાં નાટકોના જેવી જ બેતબાજી, શેરબાજી સ્પેનનાં નાટકોમાં પણ સાંભળવા મળે છે. કારણ? હકીકત છે કે અરબોએ અહીં રહેણાકમાં, બાંધકામમાં ન્યાય જોખવામાં, પોતાનો પરચો પાડયો, એમ જ ભાષામાં ઢગલાબંધ કસીદા અને ગઝલના બંધને દાખલ કરી દીધા. માડ્રિડથી ફરતાં નીચે અમે તોલેડો થઈ બે દિવસ વધુ દક્ષિણે કૅાર્ડોવા ગયા હતા, ત્યાં જુઓ તો મસ્જિદો; ગામનું નામ મદીના; આલીશાં મકાનોના થંભા હજી પણ અરબી ઘાટઘૂટના લાગે. અને ભાષામાં પણ, જરા ધ્યાન આપીએ તો, એ ઝોક લાગ્યા વિના ન રહે. હજારમા વર્ષમાં ત્યાં ઈબ્ન ઝયુદીન નામનો એક મોટો કવિ થઈ ગયો. એ કૅાર્ડોવાની શાહઝાદી વલ્લાદાના પ્રેમમાં. એનો બાપ ખલીફ. એ ગુજરી ગયો એટલે એણે તો રાજમહેલમાં શાયરોને એકઠા કરી મુશાયરા ભરવા માંડયા! આશકમાશૂક લડતાં પણ ખરાં. એમાં એક વાર તો એવાં લડયાં કે વલ્લાદા છૂટી પડી અને આશક જેલમાં સિધાવ્યા, જ્યાં બેઠાંબેઠાં એ કવિ બાદશાહે દર્દીલી જોશીલી કવિતાઓ લલકારી ત્યાંની આજની કવિતામાં પણ તાઝગી, જોશ, પ્રાસ, માધુર્ય જોતાં જૂની અસરો વરતાયા વિના નથી રહેતી. અને એકલો 'ગઝલ' શબ્દ જ નહિ. કૅાર્ડોવાની આસપાસ તો ખલીફ યા ઉમરાવની રખાતને બારાગાના કહે છે. એમાં 'ગ' લંબાવ્યા વિના બોલે છે. ને 'બા'નું 'વા' કરીએ તો સાદોસીધો સંસ્કૃત 'વારાંગના' બોલ, એ જ ઉપવસ્ત્રના—કૅાન્કયુબાઈનના અર્થમાં વપરાતો બરાબર બેસે છે.


લૉપે દ વેગા


પેડ્રો કાલ્ડેરૉન

વળી આપણે આડે રસ્તે ઊતર્યા. સ્પેનનો, નામ ગણાવવા જેવો પહેલો નાટકકાર તો લોપે ફેલિક્સ દ વેગા કાર્પીઓ. શરૂઆત કાવ્યો લખવા થકી. પછી નાટકો લખવા લાગ્યો અને ભજવવાં શરૂ કર્યાં. શેક્સપીઅરનો સમકાલીન. એ જમાનો એવો કે નાટકમાં ફરિયાદ માટે, એકોક્તિ માટે, ગંભીર પ્રસંગ માટે, પ્રણયના ભાવ માટે, કથાવસ્તુના વિકાસ માટે – એવી ઝીણીઝીણી બાબતો માટે ખાસ ચોક્કસ પ્રકારના છંદો જ વાપરવામાં આવતા. રેડૉંડીલાસ છંદ પ્રેમભાવ માટે, ટર્ઝારિમા છંદ ગંભીર ને કરુણ ભાવ માટે.—આપણા વસંતતિલકા અને મંદાક્રાન્તાની માફકના આ છંદ હશે ? કોણ જાણે ! પરંતુ એણે શૈલી બદલી, હળવી કરી; એટલે કે પ્રેક્ષકને બે-ત્રણ કલાકમાં જેટલું અને જે જોઈએ તેનો પાકો અભ્યાસ કરી, પિટ ક્લાસને શું ગમે તે વિચારી, બધું જ આપ્યું : વૈવિધ્ય, વેગીલી વસ્તુકથા અને ભારોભાર ઊર્મિસંવેદના. અને એમાં એ ફાવ્યો. ફાવ્યો તે એવો ફાવ્યો કે લખતાં એ થાકતો જ નહિ. કલમ લખી શકે એ કરતાં વધારે નાટક એણે લખ્યાં છે એમ કહીએ તો ચાલે. એણે સાત દિવસમાં બે નાટકો લખી ભજવાવેલાના દાખલા મોજૂદ છે ! ગણો હિસાબ : ૪૭ની ઉમરનો થયો ત્યારે ૪૮૩ કૉમેડી, અને મરતાં પહેલાં ૧૫૦૦ નાટકો એણે લખ્યાં છે. આ ઉપરાંત નવલકથાઓ, કવિતાઓ આદિ તો જુદાં ! ગજબની વાત કહેવાયને ? સ્પેનમાં સો ઉપરાંત નાટકો લખનારાઓનો તો હિસાબ જ નથી. કિવન્ટેરો નામના બે ભાઈઓએ સાથે મળી બે હજાર ઉપર કૃતિઓ ફટકારી નાખી છે !

લોપેની જિંદગી જુઓ તો એકધારી, પણ એકમાર્ગી નહિ. ચાર ઉમરાવોનો મંત્રી, સંખ્યાબંધ દોસ્તોને થોકબંધ કાગળો લખનાર, ભારેનો મુસાફર. પૂજાપાઠ કરતો ને ઑસ્પિટલોમાં રોજ આંટા મારતો. અને ખાનગી જીવનમાં? બારમે વર્ષે નિશાળમાંથી નાઠો. પાછો આવી ભણ્યો. કૉલેજમાં અભ્યાસ પૂરો કર્યો. સત્તરમે વર્ષે એક નટની વહુ સાથે પ્રેમમાં પડ્યો. માબાપને બેઆબરૂ કરવાના ગુના બદલ માડ્રિડની અદાલતે એને શહેર બહાર તગડી મૂક્યો. છવ્વીસમે વર્ષે બીજો પ્રણયકિસ્સો શરૂ કર્યો. પણ સ્પૅનિશ આર્મેડામાં નૌકાસૈનિક થવા છોકરીને પડતી મૂકી લડાઇમાં જોડાયો. પછી પરણ્યો. વહુ મરી ગઈ કે તરત માઈસેલા લુઝાન નામની છોકરી સાથે ચોથી વાર પ્રેમમાં પડ્યો. એ પણ નટી. એનાથી એને પાંચ છોકરાં થયાં. ફરી પરણ્યો. એ વહુ પણ મરી ગઈ. એનો છોકરો ગુજર્યો. પાદરી થયો. પછી બે જ વર્ષમાં સાતમી વાર કોઇ પરણેલીના પ્રેમમાં પડ્યો. એની સાથે ઘર માંડ્યું, અને અવદશા બેઠી. એ આંધળી થઈ. પછી એ ગાંડી થઇ ગઇ અને ગુજરી ગઈ. ને ઘડપણમાં, આટલા બધા સંસારના વ્યવહાર-ભંગારમાંથી એની એકમાત્ર છોકરી એની સાથે એની દેખભાળ કરવા રહી. પણ ટૂંક સમયમાં જ રાજાનો એક દરબારી એની એ છોકરીના પ્રેમમાં પડ્યો અને એને ઉઠાવી ચાલતો થયો. એનું જે નાનકડું ઘર હતું, એની પાછળના બગીચામાં એ ખેતી કરતો. ત્યાં શરદી લાગી અને એમાં જ એ અવસાન પામ્યો. આટઆટલા સંસારના રગડામાં પંદરસો નાટક લખવાની એને ફરાગત મળી એ જ એક નવાઇની વાત છે ! ઈ. ૧૬૩૫માં લોપેના ગુજર્યા બાદ કાલ્ડેરોને એની જગ્યા લીધી.

પેડ્રો કાલ્ડેરોન દ લા બાર્સા માડ્રિડમાં જ જન્મેલો, પણ જિંદગી લોપે જેટલી ઝઝૂમેલો નહિ. તો યે એક વાર એ અને એના બીજા બે ભાઈ ઉપર ખૂનનો આરોપ મુકાએલો. સાવકી મા સાથે ખટલો થએલો. લશ્કરમાં સૈનિક તરીકે જોડાએલો. અને ત્યાર બાદ સ્વદેશ આવી બાર વર્ષમાં ઢગલાબંધ કૉમેડીઓ લખેલી. એક નટે એના ભાઇ ઉપર ખંજર ખુંપાવેલું, અને એણે સાધુડીઓના મઠમાં જઈ તોફાન મચાવેલું. કોઈ એક લલના માટે ઝગડો થતાં તલવારબાજીમાં એના ચહેરે તલવારનાં મહોરાં પડેલાં. રાજદરબારમાં નોકરી કરી, એકાદ ભાગેડુ લગ્ન કરી, સ્ત્રી મરી જતાં છોકરાને પોતીકો કરી રાખી, અંતે એ પાદરી થયો.

એ જમાનામાં ઑનરનો (શું કહીશું? સ્વમાનનો ?) વિષય – ખાસ કરીને પ્રેમપ્રકરણમાં – ઘણો મહત્ત્વનો ગણાતો. સ્વમાનને ઘવાતાં વાર નહિ. આશક-માશૂકના કિસ્સામાં તો ત્રીજો માણસ ક્યારે ખોટું લગાડી બેસે કે અપમાન કરી નાખે એનો હિસાબ જ કાઢવો મુશ્કેલ. અને સ્વમાન ઘવાયું કે તલવાર-કટાર ફરફરી જ છે ! આવી જાઓ ! લડી લઇને ઝગડો પતાવો. અને એ બધું બાંધ્યા ઘાટનાં અહીંનાં નાટકમાં ભરપૂર આવે, લોકોને ગમે. અંગ્રેજો જેને 'બ્લડ ઍન્ડ થંડર'નાં નાટકો કહે છે, એવું બન્યા જ કરે. હોશકોશ ઉડાડી દે એવાં યા ગરમાગરમીવાળાં એ નાટકો; રંગભૂમિ ધમધમાવનારાં દિલ ધડકાવનારાં નાટકો. ભાષા જોશીલી, કાવ્ય-કણિકાઓથી ભરપૂર; અને સીનરી ઝમઝમાટવાળી. કાલ્ડેરૉનની કૃતિઓ લખાણમાં સારી. ત્યાર બાદ ઝોરીલા રોઝા, ૧૯૦૪માં નોબેલ ઇનામનો જીતનારો જોસે ઇશેગ રે, અને બેનિવેન્ટે, અને ત્યાર પછી ગાર્સિયા લૉર્કા અને આલ્બર્ટીએ જાતજાતના અખતરાઓ કરી નાટકના બંધની અને એની ભજવણીની શૈલીમાં ધરાધર ફેરફારો કરી નાખ્યા. બેનિવેન્ટો ઉપરાંત સિરેફિન ને જોઆકિન આલ્વારો કવિન્ટેરો એ બે ભાઇઓના સહયોગથી લખાએલાં સેંકડો નાટકોમાંથી કેટલાંક્ની આપણે ત્યાં નકલ અને ચોરી સારા પ્રમાણમાં થઈ છે. એ ભાઇઓનાં નાટકો હળવા હાસ્ય અને માર્મિક કટાક્ષથી ભરપૂર છે. તાજેતરમાં તો સ્પેને આપણા પેડ્રોલો સાહેબે બનાવેલાં નવા જ ઘાટનાં નાટકો ભજવવા માંડયાં છે. આમ સ્પેનની નાટકશાળા નવાંનવાં દૃષ્ટિબિન્દુઓને અપનાવવા સજાગ ને સજીવ રહી છે.

કોઈ કહેશે કે પાછા ક્યાં આડા ચાલ્યા ? ના, એમ નથી. મહાનુભાવ ડૉન કિહોટેને મળતાં પહેલાં સર્વાન્ટિસના જમાનામાં, અને એની અગાઉ, અસ્પાનિયામાં પ્રવર્તતી અરબ, મૂર, ખ્રિસ્તી ઉમરાવોની કિલ્લેબંધી, યુરોપભરમાં દુખિયારી નિરાધાર નિરાશ્રિત સન્નારીઓને બચાવવા યા વહારે ધાવા હાથમાં ભાલો ચકચકાવી ઘૂમતા ફરતા નાઇટ બહાદુરોની અસવારી, ભાષાનું બંધાતું સ્વરૂપ, અને લંબાણથી જ લખનારા કથાલેખકોની પરંપરા, એનો આછો તાગ કાઢવા આપણે આટલું પીંજણ કર્યું. હું કૈં અહીં હવાફેર કરવા નહોતો આવ્યો, એટલે સચિવાલયમાં દફતરદાર ડૉન એમિલિયો સાહેબને મળી, એમની પાસેથી ખપજોગા કાગળો લઈ, ભારતની એમ્બૅસીમાં નામ નોંધાવી માડ્રિડની મશહૂર નૅશનલ લાયબ્રેરીમાં વયોવૃદ્ધ પંડિત રેવરંડ પી. લોપેઝ ડ ટોરોની મુલાકાતે ઊપડ્યો.

(ચાલુ)

સાહિત્યસંપર્ક

ગદ્યસ્વામી ચર્ચિલ

આધુનિક ઈંગ્લંડના અગ્રિમ ઘડવૈયા વિન્સ્ટન ચર્ચિલે હમણાં ૯૦ વર્ષની વયે જાહેરજીવનમાંથી નિવૃત્તિ લીધી ત્યારે ઇંગ્લંડની પાર્લમેન્ટે ખાસ ઠરાવ કરી, તેને પોતાના સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ મારફત મોકલાવીને ચર્ચિલનું જ નહિ ખુદ પોતાનું પણ બહુમાન કર્યું છે. જે લોકશાહી પોતાના વિશિષ્ટ પ્રતિભાવાળા સંતાનને આદરનો અર્ઘ્ય આપી શકવા જેટલી જાગ્રત ને કદરદાન છે તે લોકશાહી પોતાનાં મૂળિયાં દૃઢ કરે છે.

જાહેરજીવનના કોઈ પણ ગજથી માપીએ તો વિન્સ્ટન ચર્ચિલ અસાધારણ પુરુષ છે. તેની હિમ્મત અજોડ પુરવાર થઈ છે, પણ તેની સમય પ્રમાણેની સમાધાનવૃત્તિ પણ અજોડ હતી. બીજા મહાયુદ્ધમાં સ્ટૅલિનના વ્યક્તિત્વ અને કાર્યપદ્ધતિથી અકળાયા છતાં હિટલરને હરાવવો તે પોતાના દેશ અને લોકશાહી જગત માટે અનિવાર્ય છે એવી એક વાર ખાતરી થયા પછી સ્ટૅલિન સાથે જોડાઈને એ જોડાણ ન તૂટે તે માટે બધી સમાધાનવૃત્તિ તેણે રાખેલી. પંડિત નેહરુને તેણે જે અંજલિ આપી હતી તે પણ પ્રાપ્તપરિસ્થિતિમાંથી ઉત્તમ રસ્તો કાઢવાની શાણપણભરી તેની શક્તિનો પુરાવો છે.

યુરોપ ને દુનિયા આખી હિટલરનાં હિમપ્રપાત જેવાં ધાડાંથી મૃતવત્ બની ગઈ હતી ત્યારે પોતાના અંગૂઠા જેવડા બેટ પરથી તેણે અણનમ રહીને કહેલું કે 'અમે દરિયામાં, દરિયાકાંઠે, પાદરમાં, હોટેલોમાં ને મકાને મકાને લડીશું.' ને આ કૃતનિશ્ચયપણાએ ઇંગ્લંડને ટટાર રાખ્યું ને અમેરિકાને મદદે આવવા પ્રેર્યું.



પણ ચર્ચિલને ઇંગ્લંડની પ્રજા એક સમર્થ ગદ્યસ્વામી તરીકે યાદ રાખશે. એનો બીજી લડાઈનો છ વિભાગમાં લખાએલો ઇતિહાસ અંગ્રેજી ભાષાનું બહુમૂલ્ય આભૂષણ છે. ઇતિહાસ લખવાવાળો પુરુષ જ ઇતિહાસ ઘડનારો પણ હોય તેવું સદીઓમાં કોઇક વાર બને છે, અને આવો ઇતિહાસ લખવાવાળો પાછો ગદ્યસ્વામી હોય તે તો હજારો વર્ષે એકાદ વખત બને. હેરોડોટસ, એક્લીસ સામે લડનારાં સૈન્યનો વડો નહોતો કે, જ્યુસીડાઇડિસ ઍથેન્સનો કર્તા નહોતો.

ચર્ચિલના ઇતિહાસમાં ભાષાની છટા, હકીકતોની મોકળાશ, ભાવનો ઉદ્રેક, ને ઇતિહાસકારની અનિવાર્ય દૂરદર્શનની શક્તિ એકીસાથે પ્રગટ થયાં છે. આનું સચોટ ઉદાહરણ એણે પોતાના ગ્રંથનું લક્ષણ મૂક્યું તે છે. 'ગ્રંથસાર' પેટા-મથાળું બાંધી નીચે મૂક્યું છે:

યુદ્ધમાં : કૃતનિશ્ચયતા
પરાજયમાં : બેપરવાહી
વિજયમાં : ઔદાર્ય
શાંતિમાં : શુભેચ્છા

લોકશાહી સમાજ માટે આથી વધારે મહિમાપૂર્ણ નિશાન શું હોઈ શકે?

અને છતાં પોતાની પ્રસ્તાવનામાં ચર્ચિલ નમ્રપણે કહે છે: 'આને હું ઇતિહાસ કહેતો નથી, કારણ કે તે કામ તો બીજી પેઢીએ કરવાનું છે. પણ હું એવો દાવો વિશ્વાસપૂર્વક કરું છું કે ભવિષ્યમાં ઉપયોગી થનાર ઇતિહાસને આ મદદરૂપ થશે.' ('દર્શક')

શબ્દકથા: લાંબું લચ, ખાલી ખમ

નીરસ ભાષણ ધાર્યા કરતાં લાંબું નીકળે ત્યારે શ્રોતા વધારેપડતા લંબાણ અને અરોચકતા દર્શાવવા કહેશે: 'ભાષણ લાંબું લચ હતું.' વધારેપડતું અને અણગમતું 'પીળું' તે 'પીળું પચ'; તે જ પ્રમાણે 'ફીકું ફચ'. વધારેપડતું પણ ગમતું હોય તેવું 'ટૂંકું' તે 'ટૂંકું ટચ'. 'ચ'ની જેમ 'સ'નો પણ આવો ઉપયોગ આપણે કરીએ છીએ; 'ઢીલું ઢસ', 'મોટું મસ' કે 'મોળું મસ'.

કેટલાક પ્રયોગોમાં 'મ' અને કેટલાકમાં 'ટ' પાસેથી રણકારરૂપ ભારદર્શક અંશ સાધવાનું કામ લેવાયું છે. 'ખાલી ખમ', 'ટાઢું ટમ', 'ઠાલું ઠમ', 'તીખું તમ'; તથા 'કોરું કટ' કે 'કાણું કટ', 'ચોખ્ખું ચટ', 'ભોળું ભટ', 'સીધું સટ' વગેરે. વળી 'ધોળું ફક', 'કાળું ધબ', 'જાડું બમ,' 'ઉઘાડું ફટાક', 'ભોળું ભટાક' વગેરે પંગત બહારના પણ અનેક છે.

આ બધાંમાં 'લચ', 'ઢસ', 'ખમ', 'ટમ', 'કટ', 'ચટ' વગેરે પાછળનો જે ભારવાચક અંશ છે, તેનો કશો સ્વતંત્ર અર્થ નથી, તેમ તે કોઈ નિશ્ચિત અર્થ ધરાવતા શબ્દમાંથી નથી ઊતરી આવ્યો. તેના વર્ણોનો રવ કે રણકાર, અને આગલા અંશ સાથેનો અનુપ્રાસ એ જ અર્થસૂચક હોય છે. શરૂઆત 'પીળું પચ' જેવાથી થઈ હોય, જેમાં 'પચ' એટલે 'પચપચતું', 'પચકી ગએલું', 'પાકી ગયેલું'. પછીથી એ બીબાને આધારે આગળ વસ્તાર ચાલ્યો.

રમતગમત મનુષ્યસ્વભાવનો ધરમૂળનો અંશ છે અને મનુષ્યની ઘણી ક્રિયાઓ ને પ્રવૃત્તિઓમાં તે સતત પોતાનો પરચો બતાવ્યા કરે છે. આમાં ભાષા પણ અપવાદ ન જ હોય. ભાષામાંના પ્રાસ ને અનુપ્રાસવાળા શબ્દો–પ્રયોગો એક રીતે તો આ જ ક્રીડાવૃત્તિનો આવિષ્કાર છે. સાથે તેમાં માત્ર ધ્વનિઓ સાથે અમુક અર્થ સિદ્ધ માનવાની વૃત્તિ પણ પ્રકટ થાય છે.

હરિવલ્લભ ભાયાણી

ટ્વેલ્ફ્થ નાઈટ

હેતુ અને હાર્દ

'ટ્વેલ્ફ્થ નાઇટ'નું બીજું શીર્ષક છે 'વ્હૉટ યૂ વિલ.' એ શીર્ષક વાંચતાંની સાથે જ પહેલાંનું 'ઍઝ યૂ લાઈક ઈટ' યાદ આવે છે. અને જરા વિચાર કરીએ તો આ બે નાટકોમાં રહેલાં સામ્ય અને ભેદ સ્પષ્ટ દેખાય છે.

'દુનિયા એક રંગમંચ છે અને બધા લોકો પાત્ર તરીકે કોઇ ને કોઇ વેશ ભજવતા હોય છે' એવું આપણે પહેલા નાટકમાં જોયું, એમાં રોઝાલિંડ પુરુષવેશમાં ફરે છે ત્યારે પોતાનું સ્વત્વ કે સ્વભાવ ભૂલી જતી નથી; અને એને વિશુદ્ધ પ્રેમનો સાક્ષાત્કાર થાય છે ત્યારે એ પોતાના કૃત્રિમ વેશની મશ્કરી કરી શકે છે અને આખરે સુખી થાય છે.

નાટકનાં પાત્રો વિષે વિચાર કરીએ છીએ ત્યારે મુખ્ય વાત એ ધ્યાનમાં આવે છે કે અહીં પાત્રોના સ્વભાવમાં કોઈ પણ જાતનો વિકાસ થતો નથી. નાટકના આરંભમાં પાત્રો જ્યાં કે જેવાં હતાં, તેવાં જ કે ત્યાં નાટકના અંતમાં દેખાય છે. અલબત્ત, તેઓ ઘણા કદ્

કે મધુર અનુભવો મેળવી ચૂક્યાં છે. નાટકનો અંત એમના સ્વભાવને કે કર્તૃત્વને આભારી નથી. કોઇ વિધિસંકેત કે દૈવલીલા પોતાનું કામ કરી જાય છે, અને કોઈ સુખી થાય છે ને કોઇ દુઃખી. ઑલીવિયાને આ વસ્તુ સમજાઈ છે તેથી જ તે એક ઠેકાણે કહે છે:

O time! thou must untangle this, not I;
It is too harda knot for me to untie.

આમ તર્કદુષ્ટ કે અતાર્કિક રીતે આ નાટકનો અંત આવે છે. સુખ પણ અતાર્કિક છે! વિધિ જે ધારે તે થાય. નાટકનું શીર્ષક આ જ સૂચવે છે.

આ સંદર્ભમાં નાટકનાં પાત્રોનું નિરીક્ષણ અસ્થાને નહિ ગણાય. દરેક જણ સ્વત્વને ભૂલી ગયું છે અથવા ભૂલી જવા માગે છે અને પોતાને વિષે માયાની ખોટી જંજાળ ઊભી કરે છે. ઑલીવિયામાં સ્ત્રીસહજ વૃત્તિઓ છે, પણ લોકોને એ બતાવવાની તેને એક પ્રકારની ઘૃણા છે, અને તેથી એ પુરુષપરાઙ્મુખ કે પ્રેમપરાઙ્મુખ હોવાનો ડોળ કરે છે. ઑર્સિનોના પ્રેમને એ ગણકારતી નથી. અને નવાઈની વાત એ કે સીઝારિયો સાથે એને પ્રથમ દર્શને પ્રેમ થાય છે. વાત ત્યાં અટકતી નથી. સેબાસ્ટિયનને સીઝારિયો ધારી એ તેની સાથે ઝડપથી પરણી જાય છે — બીજી કશી ય તપાસ કર્યા વગર! ઑર્સિનો ઑલીવિયાને ચાહે છે. શા માટે? કોઇની સાથે પ્રેમ કરવો જીવનમાં ઇષ્ટ હોય છે એવું એ માને છે. એ પ્રેમ સાથે પ્રેમમાં પડ્યો છે એમ પણ કહી શકાય! ઑલીવિયા હાથમાંથી છટકી ગઈ છે એમ જોઈ એ જરા યે દુઃખી થતો નથી. ઑલીવિયા નહિ તો વાયોલા! વ્યક્તિ ગૌણ ને લાગણી પ્રધાન છે! બીજાં પાત્રો યે આવાં જ અતાર્કિક છે. આખું સમાજજીવન જો આવું બને, કહેવાતા સજ્ઞાન કે સુજાણ લોકો અતાર્કિક વર્તન કરે તો—?

તો એક નવો ભય ઊભો થાય એવો સૂચક નિર્દેશ શેક્સ્પીઅર કરે છે. જીવનમાં નવાં પરિબળો હમેશાં ઊભાં થવાનાં છે. એકાદ માણસ પૈસા કમાય, અને સમાજના ઉચ્ચ સ્તરમાં દાખલ થવાની આકાંક્ષા સેવે અને ધનની મદદથી એ આકાંક્ષા સફળ થાય તો જીવનની કેવી દશા થાય? મૅલ્વોલિયો એ પરિબળનો પ્રતીક છે. સંજોગો એવા હતા કે એની મુરાદ બર આવી નહિ. એ વિદાય થાય છે ત્યારે 'વેરની વસૂલાત કરીશ' એવી ધમકી આપતો જાય છે. વાચકને આશંકા જાગે છે કે નાયક-નાયિકા અત્યારે તો સુખી થયાં છે, પણ એ સુખી જીવન કેટલો વખત ટકશે?

અને કદાચ આ નાટક પછી જીવનની હાસ્યોત્પાદક પ્રવૃત્તિઓને દૂર ખસેડી માનવના હૃદયમાં ઊંડે જઈ એનું દર્શન કરાવવાની શેક્સ્પીઅરે તૈયારી કરી હશે. કવિની બહિર્મુખતા હવે દેખાતી બંધ થવાની છે અને અંતર્મુખ બની કવિ માનવજીવનનો અભ્યાસ કરવાનો છે એનો મૂક ઇશારો હું આ નાટકમાં જોઉં છું.

વસંત જોષી

રચના અને રહસ્ય

'ટ્વેલ્ફ્થ નાઇટ' શેક્સ્પીઅરની 'રોમૅન્ટિક કૉમેડી' છે. બે સાવ એકસરખા ચહેરાને કારણે સર્જાતી ભુલભુલામણી આ નાટકનો મુખ્ય વિષય છે. દરિયાઈ તોફાનમાંથી ઊગરીને આવેલી વાયોલા ઈલીરિયા નગરીના ડ્યૂકની સેવામાં 'સીઝારિયો' બનીને રહે છે ત્યારથી જ નાટકનો રસ જામતો જાય છે, ને ઑલીવિયા તેને પુરુષ સમજી તેના પ્રેમમાં પડે છે ત્યાંથી છબરડા વધતા જાય છે.

આખરે વાયોલાનો તેના જેવા જ રૂપરંગવાળો જોડિયો ભાઈ સિબૅસ્ટિયન ત્યાં આવે છે ત્યારે ડ્યૂકની હાજરીમાં બધો ઘટસ્ફોટ થાય છે. વાર્તામાં હાસ્ય અને રોમાન્સ (રંગરાગ)નું સુભગ મિશ્રણ છે. વાયોલાના પુરુષવેશને કારણે સર્જાતી મુસીબતો હાસ્યરસિક છે. પરંતુ ઑલીવિયા તેને પ્રેમ કરે છે તેમાં રોમાન્સનું તત્ત્વ છે. નાટકમાં મુખ્ય વાર્તાપ્રવાહ ડ્યૂક ઑર્સિનો, ઑલીવિયા અને વાયોલાના પ્રેમસંબંધનો છે. તેની સાથે મૅલ્વોલિયાની પ્રેમભ્રમણા અને બેવકૂફીની કથાનું સરસ મિશ્રણ નાટ્યકારે કર્યું છે. અલબત્ત, છેવટે મૅલ્વોલિયોની સર્જાતી કરુણ પરિસ્થિતિ પ્રત્યે વાચકને (પ્રેક્ષકને) થોડી સહાનુભૂતિ થાય ખરી.

નાટકમાં સહુથી આકર્ષક પાત્ર વાયોલા છે. નાટકની તે નાયિકા છે. આ નાટકમાં કોઈ નાયક નથી એમ કહીએ તો પણ ખોટું નથી. ડ્યૂકને નાયક માનવો તે ખૂંચે તેવું છે. વાયોલા પુરુષનો વેશ ભજવતી હોવા છતાં સ્ત્રી મટતી નથી. બહુ કુમાશ ને કલાથી શેક્સ્પીઅરે આ પાત્ર સર્જ્યું છે. તેની કૉમેડીમાં સ્ત્રીપાત્રોને પુરુષવેશ ભજવવાનું વારંવાર આવે છે. 'ઍઝ યૂ લાઈક ઇટ'માં રોઝલિન્ડ, 'મર્ચન્ટ ઑવ વેનીસ'માં પોર્શિયા વગેરે દૃષ્ટાંત ટાંકી શકાય.

ડ્યૂક ઑર્સિનો અને ઑલીવિયા ચંચળ પ્રકૃતિનાં પાત્રો છે. એમનામાં પ્રેમની કે ભાવનાની સચ્ચાઈ બહુ જણાતી નથી.

આ નાટકનું શીર્ષક 'ટ્વેલ્ફ્થ નાઈટ' શા માટે? વસ્તુસંકલના સાથે એ શીર્ષકનો જરા યે સંબંધ દેખાતો નથી. પરંતુ નાતાલથી બારમે દિવસે (છઠ્ઠી જાન્યુઆરીએ) ધાર્મિક ઉત્સવ અંગે ભજવવા માટે આ નાટક રચાયું હોવાથી તેને 'ટ્વેલ્ફ્થ નાઇટ' નામ અપાયું છે, અને એ પસંદ ન હોય તો, નાટ્યકાર કહે છે, તમે તેને બીજું ફાવે તે શીર્ષક આપો (what you will) આ નાટકમાં રોમાન્સ તથા હાસ્યનું મિશ્રણ છે. કંઇક ગાંભીર્ય પણ દેખાય છે. ત્યારે એને કયા પ્રકારનું નાટક ગણવું? વિવેચકોના મતે જવાબ પણ છે કે (what you will) તમને યોગ્ય લાગે તે!

આ નાટકની વિશેષતા એ છે કે તેમાં ક્યાં યે કૂડકપટ કે દુર્જનતા નથી. મૅલ્વોલિયો સામે પ્રપંચ યોજાય છે, પરંતુ માત્ર ગમ્મત માટે. શેક્સ્પીઅરની સફળ કૉમેડી તરીકે 'ટ્વેલ્ફ્થ નાઈટ' વિવેચકોએ પ્રશંસી છે.

મધુસૂદન પારેખ



ઇંગ્લંડની ધૂંસરી ફગાવી દેવા આયર્લૅંડ સ્વાતંત્ર્યની લડત લડતું હતું ત્યારે ત્યાંનો વિખ્યાત આઈરિશ કવિ અને સાહિત્યકાર 'એ-ઇ' એક ઉપયોગી સાપ્તાહિક ચલાવતો,—સાહિત્ય વિષયક નહિ, પણ ખેતી વિષયક. એનું નામ 'આઈરિશ હોમસ્ટેડ.' એમાં મરઘાં-બતકાંના ઉછેર, બટાટાની ખેતી, જીવનમાં કરકસર, ગામડાનાં ઓજારો વગેરે ગામ-ગામડાનાં ગૃહ, જીવન અને કૃષિનિર્માણના વિષયો લોકસ્પર્શી રીતે રજૂ થતા.

ભૂતપૂર્વ મુંબાઈ રાજ્યમાં પ્રકટ થતું 'ખેડૂતબંધુ' માસિક ગુજરાતનું અલગ રાજ્ય થતાં બંધ થએલું તે ગઈ ૧૫મી ઑગસ્ટથી ફરી શરૂ થએલું જોઇને અમને 'એ-ઈ'ના એ સાપ્તાહિકનું સ્મરણ થયું. ખેતીવાડી, કૃષિસંશોધન, પાકસુધારણા, પશુસંવર્ધન, પશુરોગ-ચિકિત્સા, દુગ્ધાલય, જંગલ-સમૃદ્ધિ વધુ ઉત્પાદન માટેની વૈજ્ઞાનિક રીતો, પાણીનો ઉચિત વપરાશ, યોગ્ય ખાતરનો પ્રમાણસરનો

ઉપયોગ, ભૂમિ અને પાણીનું સંરક્ષણ, નવાં ખેતી-ઓજાર, પાક-સંરક્ષણનાં સાધનોનો ઉપયોગ, ખેતીની નવી રીતો, પાકની ફેરબદલી, સુધારેલાં બી આદિ વિષયક માહિતીપ્રચુર અને સચિત્ર લેખો આપી, રાજ્યના આર્થિક જીવનનાં વિવિધ પાસાંને સ્પર્શતા ખેતી ઉત્પાદનને વિષે વૈજ્ઞાનિક દૃષ્ટિ કેળવવાનું તેનું ધ્યેય છે. ગુજરાત રાજ્યમાં ધાન્ય-પાકોનું ઉત્પાદન, મહી નહેર-વિસ્તાર માટે નવી પાક-પદ્ધતિ, વૃક્ષો – માનવીનાં મિત્રો, સમુદ્ર–કાંઠે નાળિયેરીનું વાવેતર, કરમોડી (ઢોરનાં શીંગડાંનો એક રોગ), ખેતી-વિકાસને માટે અપાતી સગવડો, સંઘરેલા અનાજની જીવાત ને તેનું નિયંત્રણ, જમીનનો કસ સાચવવા ખાતરની જરૂર, અનુભવવાણી, આવતા માસની ખેતી, આકાશવાણી ખેડૂતમંડળના કાર્યક્રમો, ખેડૂત-જગત, ખરી માહિતી ક્યાંથી મેળવશો? વગેરે લેખોથી ભરપૂર એના પ્રથમ અંક પરથી સમજાય છે કે 'ખેડૂતબંધુ' એની માર્ગદર્શક ઉપયોગિતાથી ખરે જ પોતાનું નામ સાર્થક કરી શકશે. એ હજી વધુ વિશદ અને લોકસ્પર્શી થાય તે માટેની ઉચિત શૈલી તથા ચિત્રાત્મક રજૂઆતની સાથે ગ્રામજીવનની વાતો, લોકકથાઓ, ગોપકાવ્યો, વ્રતો અને ઉત્સવો આદિ ઘણાં નવાં પાસાં ઉમેરી શકાય. ગામ-ગામડાંને પણ પરવડે એવું વાર્ષિક લવાજમ માત્ર રૂા. ૩–૦૦, છૂટક અંક ૦–૨૫ પૈસા. પ્રકાશક માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, સચિવાલય, અમદાવાદ–૧૫.

સ્વીકાર-નોંધ

ધીંગામસ્તી: સુરેશ દલાલનાં બાળકાવ્યો—સ્વાતિ પ્રકાશન, સૅમ્યુઅલ સ્ટ્રીટ, મુંબાઈ-૩ (રૂ. ૧). **ગુજરાતી ગઝલ**: મનહરલાલ ચોકસીની ગઝલો—ગુજરાતી-ગઝલ પુસ્તિકા-શ્રેણીની પહેલી પુસ્તિકા: વાર્ષિક લવાજમ ૨–૫૦, છૂટક રૂ. ૧; પ્રકાશકો: વિજય પ્રકાશન, ગોલવાડ, નવસારી. **પ્રબોધમંગલ**: 'નીતિશતક'નું સમશ્લોકી ભાષાંતર: લેખક-પ્રકાશક – અમૃતલાલ પારેખ, ગણદેવી (૨૫ ન. પૈ.ની ટિકિટો મોકલવી.)

મસ્તમંથન: એક આત્મકથનાત્મક કાવ્ય, પ્ર૦: કમળાશંકર ગો. ભચેચ, દિલહર દ્વાર, એલિસબ્રિજ, અમદાવાદ-૬ (૧-૨૫). **ટહુકાર**: પટણીનાં કાવ્યો-મુક્તકો- પ્રકાશક: કનૈયાલાલ હી. પંડ્યા, ૪ કુંભારવાડા, રાજકોટ (૦–૫૦). **પ્રાણનું પારસણું**: સ્વ. ઓધવજી ક. ભટ્ટની સ્મૃતિમાં ત્રણ કાવ્યો, રચયિતા: પ્રાણભાઈ કાંગદી, પોરબંદર (ભેટ).



ટિકિટસંગ્રહ

શાહ અબ્દુલ લતીફ ભીટાઈ ભૂતપૂર્વ સિંધના એક વિખ્યાત સંત કવિ થઈ ગયા. હિંદુ મુસ્લિમ બંને કોમમાં એમનાં ભજનો લોકપ્રિય છે. ઈ. ૧૭૫૨માં એમનું અવસાન થયું. પાકિસ્તાને ગયા જૂનની ૨૫મીએ એમની બસોમી સંવત્સરી નિમિત્તે એક ટપાલ ટિકિટ (જમણી બાજુની) બહાર પાડી છે.

અમેરિકાએ પણ હમણાં ઘણી ટિકિટો બહાર પાડી છે. એમાંની નવી ચાર નીચે આપી છે. એમાં જમણી બાજુની ઉપરની ટિકિટ 'અમેરિકન સોસાએટી ઑવ કૅારસ્પોઝર્સ, ઑથર્સ ઍન્ડ પબ્લિશર્સ'ની સ્થાપનાની અર્ધશતાબ્દી નિમિત્તે આ વર્ષની આખરમાં બહાર પડનારી ટિકિટ છે. છેક નીચે ત્રણમાંની પહેલી ટિકિટ ત્યાંના ન્યૂ જર્સીની ત્રીજી શતાબ્દી નિમિત્તે ગયા જૂનની ૧૫મીએ બહાર પડી છે. બીજી ટિકિટ અમેરિકાની આગામી ચૂંટણી પ્રત્યે લોકોનું ધ્યાન કેન્દ્રિત કરવા નિમિત્તે બિનપક્ષીય પ્રચાર માટેની છે. ગયા ઑગસ્ટની પહેલીએ તે બહાર પડી છે. ત્રીજી ટિકિટ શેક્સપીઅરની ૪૦૦મી સંવત્સરી નિમિત્તની. ઑગસ્ટની ૧૪મી તારીખે બહાર પડેલી ટિકિટ છે.

વેસ્ટ જર્મનીની ત્રણ અભિનવ ટિકિટો. (ઉપર) પહેલી કેકુલેએ શોધેલી બેન્ઝોલ ફૉર્મ્યુલાની શતાબ્દી પ્રસંગની, બીજી હાન સ્ટ્રાસમાને સૌ પ્રથમ અણુવિભાજન કર્યાને ૨૫ વર્ષ થયાં તે નિમિત્તની અને ત્રીજી ઓટો લાંગને સૌ પ્રથમ કમ્બશ્ચન ઍંજિન શોધ્યું તેની શતાબ્દી નિમિત્તની છે. ત્રણેનાં આલેખનો વિશિષ્ટ ને અભિનવ છે. (પ્રેષક: ગિરીશ મોદી અમદાવાદ).

શાહ અબ્દુલ લતીફને બિરદાવતી પાકિસ્તાનની ટિકિટ. (પ્રેષક: તજુદ્દીન ઇફ્રેક–કરાચી)











પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર — સપ્ટેમ્બર ૧૯૩૯ અંક ૧૮૯

'**વ**નેચર'—શ્રી હરિનારાયણ આચાર્યની જાણીતી લેખમાળા 'વનવગડાનાં વાસી'ના આ માસના (પચ્ચીસ વર્ષ પહેલાંના) હપતામાં આવેલો પંખીપરિચય તારવીએ :

દેશપરદેશનાં સાહિત્યને પાને ભલે અનેક પંખી ચડ્યાં હોય : કોઈ રૂપના જોરે તો કોઈ ગાનના બળે; પણ એમાંના કોઈનું યે સ્થાન ઈરાની બુલબુલ જેટલું ઊંચું કે વ્યાપક નથી. પછી અંગ્રેજોનું 'સ્કાઇ લાર્ક' હોય કે ભારતવર્ષનો કોયલ. ફારસી સાહિત્યમાં તો પંક્તિએ પંક્તિએ એનું નામ કોતરાએલું છે. કંઠની ઉત્તમતામાં બુલબુલની જોડે ઊભું રહી શકે એવું અન્ય કોઈ પણ પંખી જોવામાં નથી આવ્યું. શરીરશોભા વિનાના આ સાદા પંખીનું સંગીત, એના સ્વરની મીઠાશ, એની હલક, સમગ્ર પંખીસમાજમાં સદા અજોડ, અનુકરણીય છે.



ઈરાનનું બુલબુલ

બુલબુલ એટલે Nightingale. ઈરાનમાં તો એ બારે માસ રહે છે. ઇંગ્લંડ પણ ચાર મહિના પૂરતું એના આગમનથી ભાગ્યવાન બને છે. અભાગી કોઈ રહેતું હોય તો આપણે ભારતવાસીઓ જ. ભારતવર્ષમાં તો કદી યે કહીં યે આ લોકોત્તર ગાયકનો શબ્દ પણ સુણવા મળતો નથી. એના અભાવે આપણે ત્યાં કોઇના યે ઉપર ગાયકેન્દ્રનો કલશ ઢળ્યો હોય તો શામાને માથે. શામા છે તો અનુપમ ગાનારું, પણ એને સાંભળવાથી યે બુલબુલના ગાનનો રસાસ્વાદ તો સ્વપ્ને પણ નહિ સમજાય, એવું તદ્વિદોનું કહેવું છે.

આપણે ત્યાં જે પંખી 'બુલબુલ'ના નામે ઓળખાય છે તે તો અન્ય જ પંખી છે. આ ભારતીય બુલબુલ અને પેલું ઇરાની બુલબુલ બંનેનો વર્ગ એક, પણ ગોત્ર જુદાં છે. છતાં ગાન કે સ્વરની દૃષ્ટિએ આપણા બુલબુલમાં સંગીતની ઝડી વરસાવી શકે એવી એકધારી આલાપ-સરણી કે કંઠની મીઠાશ નથી. એની પાસે ગાન જેવું કંઈ હોય તો માત્ર બે જ બોલ—થોડીક મીઠાશવાળા, જે એ અવારનવાર, વચ્ચેવચ્ચે વિસામો ખાતું, ક્વચિત્ ધીમે, ક્વચિત્ ઊકળી ઊઠ્યું હોય ત્યારે ઉચ્ચ સ્વરે, બોલ્યે જાય છે. આ એનું ગાન.

નિરંતર ઘટાનું વસનારું શિથિલ રચનાવાળા ટૂંકા પગને લીધે ઝાઝું હરીફરી શકતું નથી, એટલે જમીન પર ક્યારેક જ ઊતરે છે; છતાં એના ગાનોન્માદ તથા વિસામો ખાધા સિવાય ડાળે ડાળે ભમવાની ટેવને લીધે એ ખૂબ જાણીતું પંખી છે. સ્વભાવે યુગ્મચર આ બુલબુલનાં નાનાં કે મોટાં ટોળાં જોવામાં આવતાં નથી. છતાં યે એની કજીઆખોરી જબરી છે. કજીઆખોર છે તો યે એના પાળનાર સાથે જલદી હળી જાય છે. ક્વચિત્ તીડ ગોલ્લાં જેવાં જંતુનો આસ્વાદ કરતાં છતાં સ્વભાવે એ ફલાહારી હોવાથી એને પાળવું સાવ સહેલું છે. એના કંઠનું જોર વધે એટલા ખાતર શેકેલા ચણાના લોટને ઘીમાં શેકી, બદામ-પિસ્તાં વગેરે મેળવેલો સાથવો (ચોગો) ખવડાવવાનો પણ શોખીનોમાં રિવાજ છે. ભારતવર્ષનું એ ખૂબ જાણીતું ને સામાન્ય પંખી ગણાય.

એની કેટલીક જાતો થાય છે, પરંતુ ગુજરાતમાં દગ્ગોચર થતી તો ત્રણ જ. ત્રણે બારે માસ રહેનારી. એમાંનું બાગબગીચા અને વાડીઝાડી તથા ગામ કે શહેરમાં ભરવસતિમાં નજરે પડતું સર્વવ્યાપક બુલબુલ તે (૧) લાલ છોગાવાળું બુલબુલ.

ચકલી જેવડું પણ જરા લાંબી પૂંછડીવાળું, છાંકણી રંગનાં પીંછાંમાં આછાં ટપકાંવાળું, કાળું ગળું, કાળું માથું તથા માથા ઉપર કાળી ટોપીવાળું, અને પૂછડીના મૂળમાં હેઠળના ભાગે લાલ રંગના ઉપપુચ્છ કે છોગાવાળું પંખી જુઓ તો તે આ બુલબુલ જ. નર-માદા એક



(૧)-લાલ છોગાવાળું બુલબુલ.

જ રંગી. ચાંચ પાતળી, લાંબી, કઠોર, વચ્ચેથી સહેજ વળેલી, રંગે કાળી. આંખો ઘેરી તપખીરિયા. પગ પણ એ જ રંગના.

વરસમાં બે વખત ઈંડાં મૂકે. ફાગણથી દિવાળી એમનો ગર્ભાધાનકાળ. જમીનથી પાંચ ફૂટ ઊંચે નાનાં ઝાડ-ઝાંખરાંમાં, ઘાસનાં પાતળાં મૂળિયાં કે ઘાસનાં તરણાં ગૂંથીને બનાવેલો, નાજુક છતાં સહજમાં વેરાઈ ન જાય એવો દૃઢ, વાડકી જેવડો ગોળ માળો બનાવી, એમાં નરમ પરાળ કે વાળ પાથરી, એ રતાશપડતા સફેદ રંગનાં અને ઘેરા કે આછા લીલા રંગનાં ટપકાં અને રેખાઓવાળાં ૩-૪ લંબગોળ ઈંડાં મૂકે છે. ક્વચિત્ અવાવર ઘરમાં પણ એના માળા જોવામાં આવે છે.



(૨) સફેદ ગાલવાળું બુલબુલ

એનું અંગ્રેજી નામ White Cheeked Crested Bulbul કદમાં ને રૂપેરંગે ઉપરનાને મળતું, પણ ફીકાશપડતી કાયાવાળું. લાલ છોગાને બદલે એને ખૂલતા કેસરી રંગનું પીંછું ઉપપુચ્છ હોય છે. એના ગાલ સફેદ અને માથા ઉપર આગળ ઝૂકતી મોટી અર્ધગોળ કાળી કલગી હોય છે. નર-માદા બંને એક રંગે.

આપણે ત્યાં થતું આ બીજું બુલબુલ બહુ વ્યાપક નથી, છતાં અસાધારણ પણ ન ગણાય. શરીરના આછા રંગને લીધે એ લીમડા જેવા

ઝાડમાં ફરતું હોય ત્યારે નજરે ચડવું અશક્ય છે, છતાં એના સ્વર પરથી તરત ઓળખાઈ જાય છે. 'લાલપુચ્છ'ના જેવી જ એની વાણી હોવા છતાં ઉચ્ચારની ધાટીમાં ફેર છે. વર્ષાનો આરંભ અને ગ્રીષ્મનો અવસાનકાળ એના ગર્ભાધાન માટે અનુકૂળ છે. એ પ્રસંગે જમીનથી ૪–૫ ફૂટ ઊંચે, બાવળનાં ઝાડવાં કે કંથેરની કાંટીમાં ખૂબ ઝીણી ડાળીઓ ને મૂળિયાંનો ત્રણેક આંગળ પહોળો સુંદર નાજુક માળો ગૂંથી, એમાં રતૂમડા શ્વેત રંગનાં, એક છેડે અણીદાર ૩-૪ ઈંડાં મૂકે છે. ઈંડાં પર ઘેરા રંગનાં છાંટણાં, ટપકાં ને ડાઘ હોય છે.



(૩) લાલ થોભિયાંવાળું બુલબુલ

છેલ્લે આવ્યું લાલ થોભિયાંવાળું Southern Red-whiskered બુલબુલ. ગુજરાતમાં એ બારે માસ રહે છે; પણ એ સર્વસાધારણ પંખી તો ન જ કહેવાય. ઘટાનું વસનારું એટલે બાગબગીચામાં ફરતું હોય છે. આબુમાં તો એ ડગલે ડગલે દેખાય છે. પણ ઘાડાં જંગલ એને ગમતાં નથી.

નર-માદાના રંગ ને દેખાવ સરખા. એમનો સમગ્ર વર્ણ પ્રધાનપણે પીળા કે બદામી રંગની છાયા વાળો ઘેરો. માથું અને કલગી કાળાં. કાન પર શ્વેત ધાબું. એ ધાબા ઉપર ઝૂકતું, આંખના છેડેથી લટકતું, ચળકતા લાલ રંગના વાળ જેવાં પાતળાં પીંછાંનું, થોભિયા જેવું ફૂમતું. દાઢીથી પેટ સુધીનો પ્રદેશ શ્વેત રંગે.

એના માળા જમીનથી ભાગ્યે જ છ-સાત ફૂટ ઊંચે એ બાંધે છે. વાડ અને જાળાંઝાંખરાંમાં વાટકીના ઘાટના માળામાં, તળિયે સુંવાળાં સૂકાં પાંદડાં પાથરી, તે પર કુમળા ઘાસ વચ્ચે રતૂમડા શ્વેત રંગનાં, ખૂબ ચટાપટાં કે ડાઘાડૂઘી અને છૂંદણાંવાળાં ૨-૩ ઈંડાં એ મૂકે છે. ગ્રીષ્મ ઋતુ એનો પ્રજનનકાળ.

શતરંજ

કોયડા નં. ૧૨નો ઉકેલ

સ્થિતિ: 3N4/Q7/P4N2/8/2K5/K2P4/16 **કોયડો:** સફેદે ચાલવાનું અને ત્રણ ચાલમાં મહાત કરવાનું.

ઉકેલ: ચાવી: Q-K3 ૨ માર્ક્સ

ધમકી: નથી. (waiting move ૧ માર્ક

વિકલ્પો: —૩ માર્ક્સ

(૧) 1..., KB6; 2QB1ch, KQ5; **3N-B6 mate.**

(૨) 1..., KN4; 2N-Q7,P-R4; **3 Q×P mate.** 2..., P-Q7, KB5 કે KR4; 3Q–B5 mate.

(૩) 1..., P-R4; 2Q-B1ch, K-Q5; **3N-B6 mate.** 2..., KN4; 3Q-B6 mate.

(૪) 1..., P-Q7; 2Q-K4ch, K-B4; **3Q-N4 mate.** 2..., KB6; 3N-Q5 mate. 2..., K-N4; 3Q-N4 mate.

મધ્યવર્તી વિચાર: આ કોયડાના મધ્યવર્તી વિચાર સમજતાં પહેલાં અમુક વ્યાખ્યાઓ જોઈ લઈએ: જે મ્હાત વખતે સફેદના રાજા કે પ્યાદા સિવાય દરેક મહોરું કંઈક કામગીરી બજાવતું હોય તેવા મ્હાતને Economical mate કહેવાય છે.

જે મ્હાત વખતે કાળા રાજાની આજુબાજુનાં દરેક ખાનાં ઉપર સફેદના ફક્ત એક જ મહોરાનો કાબૂ હોય અને જે ખાના ઉપર કાળાનું મહોરું હોય તેના ઉપર સફેદના કોઈ મહોરાનો કાબૂ ન હોય. તેવા મ્હાતને Pure mate–શુદ્ધ મ્હાત કહે છે.

જે મ્હાત Economical તેમજ Pure હોય તેવા મ્હાત model mate–આદર્શ મ્હાત કહેવાય છે.

આ કોયડાના ઉકેલમાં મોટી કાળી સંજ્ઞામાં છાપેલાં ચારેય મ્હાત આદર્શ અને તેમાં ત્રણ જુદી જુદી રચનાવાળા મ્હાત છે.

આદર્શ મ્હાત એ બીજા મધ્યવર્તી વિચાર સાથે અથવા પોતે મધ્યવર્તી વિચાર તરીકે

(અનુસંધાન પૃષ્ઠ ૩૯૮ને છેડે)

શતરંજના કોયડાની ઈનામી હરીફાઈનું પરિણામ

ઑગસ્ટ ૧૯૯૩થી જુલાઈ ૧૯૯૪ સુધી 'કુમાર'માં આ હરીફાઈમાં બાર કોયડા આપવામાં આવ્યા હતા, જેમાં કુલ ૫૮ વાચકોએ ભાગ લીધો હતો. કોઈ નિયમિતરીતે ઉકેલ મોકલતા, તો કોઈ ક્યારેક.

દરેક કોયડાના સંપૂર્ણ સાચા ઉકેલ માટે ૬ ગુણ (માર્ક) રાખવામાં આવ્યા હતા. દરેક હરીફને તેના ઉકેલ પ્રમાણે ગુણ આપવામાં આવેલા, જે 'કુમાર'માં પ્રકટ થયા હતા.

કુલ ૭૨માંથી ૬૦½ ગુણ મેળવીને ભાવનગરના શ્રી ઇન્દ્રવદન મોદીએ આ હરીફાઈમાં પ્રથમ ઇનામ મેળવ્યું છે. હાલ ભાવનગરમાં સેન્ટ્રલ સૉલ્ટ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં રીસર્ચ કેમિસ્ટ તરીકે કામ કરતા શ્રી મોદી શતરંજક્ષેત્રે (૧) અખિલ સૌરાષ્ટ્ર ટૂર્નામેન્ટમાં પ્રથમ, (૨) મુંબઇ યુનિવર્સિટીની આંતર-કૉલેજ હરીફાઇમાં બીજું અને (૩) અખિલ ગુજરાત ટૂર્નામેન્ટ (૧૯૯૩)માં ત્રીજું ઇનામ જીતેલા. ૧૯૯૩ના મેમાં મુંબાઇમાં રમાએલી રાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં ગુજરાતના પ્રતિનિધિ તરીકે પણ તેમણે ભાગ લીધેલો. તેઓ પત્ર દ્વારા પણ રમે છે અને તેમણે ભાગ લીધેલી પહેલી જ ટૂર્નામેન્ટમાં તેમણે પ્રથમ ઇનામ મેળવેલું.

બીજું ઇનામ ભુજના મહેન્દ્ર મહેતા(૫૮½ ગુણ)ને મળે છે. ત્રીજા અને ચોથા છે રાધનપુરના ડૉ. કે. એમ. ગાંધી અને વીરમગામના કામદારકલ્યાણ કેન્દ્રના શ્રી બૂદરભાઈ ચાવડા. બન્નેને ૫૭½ ગુણ મળે છે. પાંચમા શ્રી સતીશ દલાલ-સુરત ૪૮½ અને છઠ્ઠા શ્રી સુરેશ દવે-અમદાવાદ ૪૪½ ગુણ મેળવે છે.

શ્રી મોદી અને મહેતાને શતરંજનું એક એક પુસ્તક ઇનામમાં અપાશે. તે ઉપરાંત ઉપર જણાવેલા બધાને 'કૉરસ્પૉન્ડન્સ ચેસ એસોસીએશન ઑવ ઇન્ડિયા'નું એક વર્ષનું સભ્યપદ CCAL તરફથી આપવામાં આવે છે. એક વર્ષ માટે આ બધાંને 'ઇન્ડિયન ચેસ મૅગેઝીન' ભેટ મળશે. તેઓ CCALની પત્ર દ્વારા રમાતી ટૂર્નામેન્ટમાં તેમજ કોયડા હરીફાઈમાં ભાગ લઈ શકશે. જેઓ હાલ એ સંસ્થાના ચાલુ સભ્ય હશે તેઓને સભ્યપદ એક વધુ વર્ષ સુધી લંબાવી અપાશે.

આ ઉપરાંત ૨૦થી વધુ ગુણ મેળવનાર વાચકોનાં નામ નીચે મુજબ છે: ૭) શ્રી નીલકંઠ અતાણી–રાજકોટ (૨૯½); ૮) શ્રી હરીશ દીવાન, મુંબાઇ (૨૯); ૯) શ્રી ભૂપેન્દ્ર દોશી, મુંબાઇ (૨૪); ૧૦) કે. એમ મૂળિયા, વીરમગામ (૨૩); ૧૧) અશ્વિનકુમાર દવે માલવણ (૨૨½); ૧૨) નારણજી જોશી, રાણાવાવ (૨૧½); ૧૩) સિદ્ધાર્થ ભટ્ટ, ભાવનગર (૨૦).

૩ જેના અભ્યાસ ગુનેગારની અચૂક ઓળખ આપી શકે છે તે ખાસિયતો

લેખક • પુષ્કરભાઇ ગોકાણી

શહેરના એક સમૃદ્ધ લત્તામાં ચોરી થઈ. બારી તોડી ચોર ઓરડામાં પ્રવેશેલો. આખા ઓરડાને ફેંદી નાખી એણે ઝવેરાતની ચોરી કરી હતી. મખમલ મઢેલી એક મજબૂત પેટીને તાળું મારી એમાં ઝવેરાત મૂકેલુંહતું ને એ પેટી કપડાંના કબાટમાં રાખેલી હતી. એ કબાટને પણ કળ મારેલી હતી. બનાવટી ચાવી વડે કબાટ ખોલી, દાગીનાની પેટી તોડી ચોર ઝવેરાત ઉઠાવી ગયો હતો. પેલી પેટી તે ત્યાં જ ફેંકતો ગએલો. પોલીસ-તપાસ ચાલી ને તેમાં સિલેફોન પેપરનું એક રેપર પણ પોલીસ ડિટેક્ટિવની નજરે ચડયું. એમાંથી ચીરૂટની વાસ આવતી હતી. પૂછપરછ કરતાં જણાયું કે ઘરનાં માણસોમાંથી તો કોઈ ચીરૂટ પીતું નહોતું. આખા ખંડમાં ચોરનાં આંગળાંની કોઈ છાપ મળી નહિ. ચોર અનુભવી લાગ્યો. આંગળાંની છાપ ન પડે એ માટે એણે કદાચ હાથમોજાં પહેરીને જ કામ કર્યું હશે. આથી વિશેષ એવો કોઈ પુરાવો મળ્યો નહિ કે જે ચોરને પકડવામાં સહાય કરે. છતાં, પોલીસખાતાએ આટલી તપાસમાંથી ચાર મુદ્દા તારવ્યા: (૧) ગુનેગાર ઝવેરાતનો ચોર હતો, (૨) બારી તોડીને એ ઘરમાં પેઠો હતો, (૩) ઝવેરાત ચોરી ગયો હતો પણ દાગીનાની પેટી ફેંક્તો ગયો હતો અને (૪) તે ચીરૂટ પીતો હતો.

ગુનેગારો જે રીતે પોતાનું કામ કરતા હોય છે એમાં એમને સફળતા મળે કે ન મળે, પણ તેઓ ગુનો કરવાની પોતાની રીત જલદી બદલી શકતા નથી. આરંભમાં શીખવાથી માંડીને એમાં સિદ્ધહસ્ત થવા સુધીના લાંબા સમયના મહાવરા દરમિયાન ઘડાએલી એમની કાર્યપદ્ધતિ અને હથોટીનો વિકાસ એમની આગવી રીતે જ થતો હોઈ એમાં ઝટ ફેરફાર સંભવી શકતો નથી. જેમ સુતારીકામનો જાણનાર લુહારીકામ તુરત સ્વીકારી શકતો નથી, તેમ ઘરફોડની ફાવટવાળો ચોર ઝટ ખિસ્સાકાતરુ પણ બની શકતો નથી. અલબત્ત, આમાં પણ અપવાદ તો હોઈ શકે જ; પણ બહુધા આવું બનતું નથી. બીજું, ખિસ્સાકાતરુ, ઘરફાડુ, ખોટી સહી કરનાર, ઝવેરાત ચોરનાર કે બૅંક લૂટનાર, દરેક પોતાના કામમાં પૂરતી હોશિયારી ને યુક્તિ-પ્રયુક્તિઓ વાપરે જ છે અને એમાં એ આગવી રીતે જ વર્તે છે. અને એથી જ તે અન્ય ગુનેગારોમાં જુદો તરી આવે છે. એની બારીના સળિયા કાપવાની રીત કે તાળાં તોડવાની રીત, ચોરીના માલની એની પસંદગી, જમણે કે ડાબે હાથે કામ કરવાની ફાવટ, ગુનો કરવા માટેના સમયની પસંદગી, કામ કરતાંકરતાં બીડી-સિગારેટ પીવાની ટેવ, ને એ પેટાવ્યા પછી દીવાસળી બુઝાવવાની રીત વગેરે વગેરે સંખ્યાબંધ બાબતો ગુનેગારની આગવી ખાસિયતોની દ્યોતક બની રહે છે.

એની આવી ખાસિયતોનું જ્ઞાન ગુનાશોધનમાં અત્યંત મહત્ત્વનું બની રહે છે. સુવિકસિત ને વ્યવસ્થિત પોલીસતંત્રમાં પકડાએલા દરેક ગુનેગારની આવી ધ્યાન ચડેલી પ્રત્યેક ખાસિયતોની વર્ગીકૃત નોંધ રહે એ અનિવાર્ય છે. એમાં એની ઊંચાઈ, શરીરનો બાંધો અને રંગ, સામેથી તથા બાજુએથી દેખાતા એના ચહેરાના ફોટોગ્રાફ, એનાં આંગળાંની છાપો, વય, ભણતર, કૌટુંબિક ઇતિહાસ, અંગ પરનાં નિશાનો આદિ જેવી બાહ્ય ઓળખની નોંધ ઉપરાંત એની આગવી ખાસિયતો પણ નોંધાય છે. આ ફાઈલ જેટલી વધુ વિગતવાર, સુવ્યવસ્થિત ને વર્ગીકૃત હોય એટલી ગુનાશોધનના કાર્યમાં સરળતા થાય છે. વણનોંધાએલા ગુનેગારની આવી કોઈ પણ ખાસિયત પકડવી એ બહુ જ જરૂરી છે, એટલું જ નહિ એથી ગુનેગારની ઓળખ સરળ અને ચોક્કસ થતી જાય છે.

આરંભમાં કહેલા કિસ્સામાં પોલીસે તારવેલી ખાસિયતો ધરાવતા અગિયાર જણ વિષે પોલીસ ફાઈલમાંથી નોંધ મળી. એમાંથી બે તો હજી જેલમાં જ હતા. બાકીના નવમાંથી ચાર ચોરીને વખતે ગામમાં હાજર નહોતા. હવે રહ્યા પાંચ; એમાંથી બે જણ પાસે ચોરીના સમયે અન્ય સ્થળે હોવાની સાબિતી (ઍલિબાઇ) હતી. અલબત્ત, આ બધા બચાવની સચ્ચાઈની પણ પૂરી તપાસ થઈ જ. છેલ્લે જે ત્રણ જણ રહ્યા એમની આસપાસ હવે શંકાનું વર્તુળ ઘેરાયું. સંભવિત અગિયાર ચોરમાંથી હવે માત્ર ત્રણ વિષે જ ખાતરી કરવાની રહી. ગુનાની ફરિયાદ થયા પછી બારેક કલાકમાં તો આટલી પ્રગતિ થઇ શકી. પણ જો પેલી ખાસિયતોની વિગતો ખાતામાં નોંધાએલી ન હોય તો?

હવે છેલ્લા ત્રણ શકદારમાંથી ખરા ચોરને શોધવાનો રહ્યો. પોલીસખાતાએ ચોરીના સ્થળને બહુ બારીકીથી ફરી તપાસ્યું મળી આવેલા મુદ્દાઓને ફરીફરીને ચકાસ્યા. આખરે કપડાનો એક એવો તાંતણો હાથ લાગ્યો કે જે ઘરનાં કોઈ માણસનાં કપડાંનો નહોતો, પણ પેલા ત્રણ શકદારમાંથી એકના કોટના કપડા સાથે એનો મેળ બેસી શકતો હતો. સંભવ છે કે ખરો ચોર એ જ માણસ હતો. અલબત્ત, ચોર સામેનો આ બહુ સજ્જડ પુરાવો ન પણ ગણાય. પણ એના આધારે પેલા માણસને જે આકરી પૂછતાછ કરવામાં આવી તેની સામે ટકવું એને મુશ્કેલ બની ગયું ને આખરે એણે ચોરી કબૂલી લીધી.

ચીરૂટ પીવાની આદતે, ઝવેરાતની જ ચોરી કરવાની રુચિએ અને બારી તોડીને ઘરમાં પેસવાની રીતે એને પકડાવી દીધો. ખાસિયતની નોંધથી અલબત્ત ગુનો સાબિત ન પણ થાય, પણ ગુનેગારની સાચી ઓળખમાં એ અતિ અગત્યનો ભાગ તો જરૂર ભજવે છે જ. ખાસિયતો એ જાણે કે ગુનેગારનો 'ટ્રેડ માર્ક' બની રહે છે, જે બીજી અનેક વ્યક્તિઓમાંથી એને જુદો તારવી દે છે જ.

અનુસંધાન] **શતરંજ** [પૃષ્ઠ ૩૬૭થી

જોવા મળે છે. અહીં આદર્શ મ્હાત જ મધ્યવર્તી વિચાર છે.

J. Morave. ના રચેલા આ miniature (સાત અથવા ઓછાં મહોરાંવાળા કોયડા)-માં બહુ થોડાં મહોરાં વાપરીને ત્રણ સુંદર અને વિવિધ આદર્શ મ્હાત બતાવાયા છે.

ઉકેલ મોકલનારનાં નામ અને તેઓએ મેળવેલા માર્ક્સ: ૧) મહેન્દ્ર રાવલ, ભાવનગર; અને ૨) મહેન્દ્ર મહેતા, ભૂજ; ૩) ઇન્દ્રવદન મોદી, ભાવનગર; અને ૪) ધીરજલાલ મહેતા, તથા ૫) ન. હ. સંઘવી, મુંબાઈ એ સૌને ૬ માર્ક્સ. ૬) બૂદરભાઈ ચાવડા, વિરમગામ;-૫½ ૭) સિદ્ધાર્થ ભટ્ટ, ભાવનગર; ૮) ડૅા. કે. એન. ગાંધી, રાધનપુર; ૯) સતીશ દલાલ, સુરત-૫ માર્ક્સ. ૧૦) અવિનાશ ચાંદુરકર, ભાવનગર-૪½ ૧૧) શરદ દોશી, મુંબાઈ અને ૧૨) સોમાભાઈ મકવાણા મુંબાઈ-૪ માર્ક્સ. ૧૩) કૌશિક શાહ મુંબઈ-૦

આ કોયડા સાથે આ હરીફાઈ પૂરી થાય છે તેનું પરિણામ આ સાથે આપ્યું છે.

સુરેશ મોદી



હું છું ને જિંદગી છે, બીજી બધી છે ભ્રમણા,
ને રોજ મોત સાથે ચાલે અમારી રમણા;
કોની છે જીત એ તો હું જાણતો નથી; પણ
પંજા મિલાવી જોતાં ખીલે છે રંગ બમણા. –મકરન્દ દવે

મેઘજીભાઈ પેથરાજ: પુરુષાર્થી પ્રારબ્ધવાન

સૌરાષ્ટ્ર-ગુજરાતની શિક્ષણ અને આરોગ્યની અસંખ્ય સંસ્થાઓ સાથે જેમનું નામ જોડાએલું છે તે એમ. પી. શાહ—મેઘજીભાઈ પેથરાજનું લંડનમાં દસેક દિવસની બ્લડ પ્રેશરની માંદગી બાદ ગયા જુલાઈની ૩૦મી તારીખે એકાએક અવસાન થતાં લોકહિતમાં સાચો રસ ધરાવતા એક મોટા દાનવીરની બહુ જલદી ન પુરાય એવી ખોટ પડી છે.

જામનગરની બાજુના એક નાનકડા ગામડામાં ઓશવાળ જૈન કુટુંબમાં ઈ. ૧૯૦૪ની ૧૫મી સપ્ટેમ્બરે એમનો જન્મ થયો. પાંચ ગુજરાતી જેટલો અભ્યાસ કરી ૧૧મા વર્ષે, મહિને આઠ રૂપિયાના પગારથી શિક્ષક તરીકેની નોકરીથી એમણે જિંદગી શરૂ કરેલી. ત્રણ વર્ષની માસ્તરગીરી પછી ૧૯૧૯માં બે વર્ષની બંધણીથી આફ્રિકાની એક વેપારી પેઢીમાં નામું લખનાર તરીકે ભારતનો કિનારો એમણે ૧૪ વર્ષની ઉંમરે છોડેલો. એ જમાનામાં પરદેશમાં ખાવા-પીવાની સાથે મહિને માંડ પચીસ રૂપિયા મળે, છતાં એ નોકરી સારી ગણાતી. પણ પચીસ રૂપિયાની એ કમાઈથી એમને સંતોષ ન થયો એટલે એમણે એ દૂર પરદેશમાં ૧૮મા વર્ષે ૧૯૨૨માં સ્વતંત્રપણે સ્થાનિક પેદાશની ચીજોનો જથ્થાબંધ વેપાર શરૂ કર્યો.

ધંધામાં વિકાસ જોયા પછી જુદા જુદા ધંધાઓની ગૂંથણી કરવા માંડી. સ્થાનિક પેદાશોનો મોટા પાયા ઉપર વેપાર, નિકાસ, પરદેશી ચીજોની આયાત, નાના-મોટા ઉદ્યોગો, ખેતીવાડી, શરાફી અને બૅંકિંગ, ધીરધાર વગેરે કૈં કૈં ક્ષેત્રો કબજે કરવા માંડયાં. આ બધાંમાં બાવળની છાલમાંથી ચામડાં કમાવવાનું સત્ત્વ તૈયાર કરવાનું એમનું સાહસ સૌથી વધુ યારી આપનારું નીવડયું. એ ૩૫ વર્ષ દરમિયાન એમણે ધંધાની ૭ પેઢીઓ ભારતમાં અને ૫૫ પેઢીઓ આફ્રિકા અને દુનિયાના બીજા ભાગોમાં ઊભી કરી, વિકસાવી અને ૧૯૫૩માં નિવૃત્ત થવાની શરૂઆત કરી ત્યારે સમેટવા માંડી.



ઠીક ઠીક ઊંચાઈ, મજબૂત બાંધો, ઘઉંવર્ણો રંગ અને સૌમ્યતા દર્શાવતા સ્મિતની રેખાવાળો ચહેરો ધરાવતા એમને ખાદીના સાદા કોટ-પાટલૂનમાં જોઈ લાગે નહિ કે એ કરોડપતિ હશે. એમનું નિરભિમાન અને જીવનની જરૂરિયાતોમાં બને તેટલી સાદાઈ રાખવાની વૃત્તિ પ્રેરક હતાં. સખત કામમાં અને સ્વનિર્ણયની શક્તિમાં એમને શ્રદ્ધા હતી. ચૌદ વર્ષની ઉંમરે થએલા લગ્નનાં પહેલી વારનાં પત્ની દેવ થતાં ૨૭ વર્ષની વયે જામનગરમાં જ બીજા ગામડાનાં 'મણિબહેન' સાથે એ ફરી પરણ્યા હતા. જીવનમાં સાથ આપનાર અને સરળતા કરી આપનાર એ પત્ની માટે

સંઘરેલા અનાજની જીવાત

દુનિયાના દરેક દેશમાં સંઘરેલા અનાજમાં કીટકો અને ઉંદરોનો ઉપદ્રવ થાય છે, પણ આપણો દેશ ઉષ્ણ કટિબંધમાં આવેલો હોવાથી તથા અનાજ સંઘરવાની નવીન પદ્ધતિઓ હજુ પૂરતા પ્રમાણમાં અપનાવાઈ ન હોવાથી સંઘરેલા અનાજનો ઓછામાં ઓછો દસેક ટકા જેટલો નાશ થાય છે.

આ કીટકોની પ્રજનન શક્તિ વધુ હોઈ સામાન્ય રીતે એક વર્ષમાં ૮ થી ૧૦ પેઢીઓ પૂરી કરે છે. અને દરેક પેઢીમાં દરેક નરમાદા ૧૫૦ થી ૪૦૦ જેટલા જીવ ઉત્પન્ન કરે છે.

વળી આ જીવાતોમાંની અમુક તો મહિનાઓ સુધી ભૂખી રહી શકે છે. આવા ૧૨ થી ૧૫ જાતનાં કીટકો છે. તેમાંના કેટલાંક ભૂગાં એટલે કે બીટલ જાતનાં અને કેટલાંક ફુદાંની જાતનાં છે. (૧) ઈંડાં, (૨) ઈયળ, (૩) કોશેટો અને (૪) પ્રૌઢ કીટક એવી એ કીટકોની ચાર અવસ્થાઓ હોય છે. કેટલીક જાતોમાં પ્રૌઢ કીટકો એકથી ત્રણ વર્ષ સુધી જીવે છે. પણ બીજી અવસ્થાઓ શિયાળા સિવાય અન્ય ઋતુઓમાં એકથી દોઢ માસમાં પૂરી થઈ જાય છે. બીટલ જાતનાં કીટકોમાં ઈયળ અને પ્રૌઢ કીટક એમ બંને અવસ્થાઓ નુકસાન પહોંચાડે છે. જ્યારે ફુદાંની જાતના કીટકોમાં ફક્ત ઈયળ અવસ્થા અનાજને નુકસાન કરે છે. અને ઇંડાં મૂકીને ઉપદ્રવ વધારવાનું કામ કરે છે. એવી કેટલીક જીવાત આપણે અહીં જોઈશું.



(૧) ચોખાનું ધનેરું (રાઈસ વેવીલ): એ ઈંચના $\frac{૧}{૪}$ થી $\frac{૧}{૮}$ ભાગ જેટલું નાનું; લાલ કથ્થાઈ, કાળાં કથ્થાઈ કે તદ્દન કાળા રંગનું હોય છે. તેનું માથું લાંબું, પાતળું સૂંઢ જેવું હોય છે. પાંખ ઉપર સફેદ આછા લાલ કે પીળા રંગના ટપકાં હોય છે. પુખ્ત જીવાત ઋતુ પ્રમાણે સરાસરી બેથી પાંચ મહિના જીવે છે. એનું જીવનચક્ર શિયાળા કરતાં ઉનાળામાં ટૂંકું હોય છે.

ઘઉં, ચોખા, મકાઈ, જુવાર, જવ, બાજરી વગેરેના આખા દાણા ખાય છે પુખ્ત ધનેરું અને ઈયળ બંને દાણાને એટલા બધા પ્રમાણમાં ખાઈ જાય છે કે તે દાણા પોલા બની તેમનો ભૂકો થવા માંડે છે.

'ખેડૂતબંધુ' (ચાલુ)

હૃદયપૂર્વક જે પ્રશંસા તે કરતા એ પરથી એમના સુખી લગ્નજીવનનો ખ્યાલ આવી શકે છે.

આંકડા અને વિગતોની મેઘજીભાઈની જાણકારી અને સ્મરણશક્તિ ગજબ હતી. ગમે તેવા સામાન્ય માનવી સાથે પણ વિગત અને શાંતિથી દરેક પ્રશ્નને ચર્ચવાની એમની રીત ભારે વિવેકભરી હતી. ૧૯૪૩ના વર્ષથી પોતાની જરૂરિયાતો કરતાં યે વધુ સંપત્તિ મળવા લાગી અને સમૃદ્ધિનાં એક પછી એક શિખર સર કરતા ગયા, તેમ તેમ એમના મનના અગમ્ય ખૂણે એ વિચાર પણ વિકસતો ગયો કે સમાજનાં બીજાં ભાઈબહેનોના ઉત્કર્ષમાં વેપાર જેટલો રસ જ લઇ જીવનનાં બાકીનાં વર્ષો લક્ષ્મીના એ પ્રકારના વ્યયમાં વીતાવવાં; અને પરિણામે ધીરેધીરે પોતાની લક્ષ્મીને એ રીતે તેઓ ગોઠવતા ગયા, એનાં ચૅરિટેબલ ટ્રસ્ટ કર્યાં, ટ્રસ્ટ ખૂબ આવકવાળાં બને તેવું આયોજન કર્યું અને ધંધામાં જ્યાં જ્યાં પોતાનાં હિત હતાં ત્યાં ટ્રસ્ટનાં હિત સામેલ કર્યાં. સમાજોપયોગી કામો માટે એ વખતે ૬૦ લાખ રૂપિયા એમણે ખર્ચ્યા. ૧૯૫૪થી આજ સુધીના ૧૦ વર્ષના સૌરાષ્ટ્ર-ગુજરાતમાં એમણે લગભગ બે કરોડ રૂપિયાનાં દાન જાહેર કર્યાં હતાં જેના પરિણામે અનેક બાલમંદિરો, વિકાસગૃહો, હુન્નરશાળાઓ, દવાખાનાં, પ્રસૂતિગૃહો, વૃદ્ધાશ્રમો, શાળાઓ, કૅાલેજો, છાત્રાલયો અને લગભગ ૮૦૦ પુસ્તકાલયો આજે સૌરાષ્ટ્રમાં છે. જામનગરની મેડિકલ કૅાલેજ અને અમદાવાદમાં હવે થનાર કૅન્સર હૅાસ્પિટલ એ સૌથી મોટી સંસ્થાઓ ગણાય. આ બધી સંસ્થાઓમાં એમના બે કરોડ સામે પ્રજાના અને સરકારના મળી એથી બમણા કે ત્રણગણા બીજા પૈસા વપરાયા હશે ને એ બધી સંસ્થાઓ પાછળ સરકાર વર્ષે ૩૦ થી ૪૦ લાખ રૂપિયાનું ખર્ચ કરતી હશે.

આફ્રિકામાં એ કમાયા તેથી ત્યાં પણ સારાં દાનો કરવાની એમને તાલાવેલી રહેતી. કેન્યા ગાંધી મેમોરિયલ કૅાલેજ, છાત્રાલયો, હૅાસ્પિટલો, શાળાઓ, કન્યાશાળા, પ્રસૂતિગૃહો તથા મિડવાઈફરી અને નર્સિંગની કૅાલેજો, પ્રાથમિક શાળાઓ અને એવી બીજી સંસ્થાઓ ઊભી કરવા ત્યાંની સરકાર મારફત લગભગ ૫૦ લાખ રૂપિયા ત્યાં તેમણે વાપર્યા અને હજી યે ત્યાં બીજી સંસ્થાઓ ઊભી કરવાની તેમની ભાવના હતી.

છેલ્લાં સાડાપાંચ વર્ષથી તેઓ લંડન રહેતા. પોતાના અંતરાત્મા સિવાય જેને કોઈ પ્રેરણામૂર્તિ કે દોરનાર નહોતું, અને જે વિચારે તેને કસોટીમાં મૂકે, કસોટીમાં પસાર થાય તો નિર્ણય કરે અને નિર્ણય પછી તત્કાળ અમલ કરે એવી ઇચ્છાશક્તિ તેઓ ધરાવતા. રોજ પંદર કલાક કામ કરવા જેટલી સ્ફૂર્તિ એમણે વર્ષો સુધી ટકાવી રાખી હતી, અને છતાં યે તેઓ કહેતા કે ૫૧ ટકા પ્રારબ્ધ સામે ૪૯ ટકા પુરુષાર્થ હોય તો જ સમૃદ્ધિ શક્ય બને. (સુરેન્દ્રનગર પત્રિકા)

ઉત્તર અને દક્ષિણનું સંગીત

ભારતીય સંસ્કૃતિની એક ખૂબી એ છે કે એમાં વિવિધતાની પાછળ એકતા રહેલી છે. ભારતીય સંગીતની બાબતમાં પણ, ઉપરછલી વિવિધતા હેઠળ પાયાગત એકતા રહેલી છે. એની વિવિધ સંગીતપદ્ધતિઓ જેના પર રચાએલી છે તે સિદ્ધાંતો અને તેમની રજૂઆત કરવાની શૈલીઓમાં એટલું બધું તો સામ્ય છે કે તેઓ એકબીજામાં મળી ન જતાં નિજી વૈવિધ્ય જાળવી રાખે છે એ અદ્ભુત બીના ગણાય.

ઉત્તર અને દક્ષિણના સંગીતગુરુઓની કૃતિઓની રચનાના પાયામાં ભારત અને સારંગદેવે ઘડેલા નિયમો રહેલા છે.

મધ્યયુગમાં રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે નવી હવા ફેલાવાને કારણે દેશના સંગીતમાં પરિવર્તન આવ્યું. ઉત્તર ભારતમાં ઈરાની સંગીત સાથે સંપર્ક થવાથી ખયાલ, ઠુમરી ને ટપ્પા જેવા નવા સંગીત-પ્રકાર સર્જાયા, તો બીજી બાજુ, દક્ષિણમાં વિજયનગર સામ્રાજ્યની હકૂમત તળે પરંપરાથી ચાલ્યું આવતું સંગીત જળવાયું અને પોષાયું; એટલું જ નહિ, એ કાળમાં એક મહાન સાંસ્કૃતિક પ્રવૃત્તિ ચાલી, જે 'કર્ણાટકી સંગીત'ના સુવર્ણયુગમાં પરિણમી.

મરાઠા રાજકર્તાઓના સમયમાં દક્ષિણ ભારતને ઉત્તર ભારતના સંગીત સાથે નજદીકના સંબંધનો લાભ મળ્યો. ત્યાગરાજની રચનાઓમાં આપણને હિન્દુસ્તાની સંગીત સાથે અભિપ્રેત એવા હમીર કલ્યાણી, હિન્ડોલમ્ (માલકોસ), ખમાજ વગેરે રાગો જોવા મળે છે. દિક્ષિતારે એની રચનાઓ માટે દ્વિજવંતી, વૃન્દાવની સારંગ ને યમનકલ્યાણ જેવા ઉત્તર ભારતના વધુ પ્રચલિત રાગોનો વધારે ઉપયોગ કર્યો છે. ઘણા સમય પહેલાંથી દક્ષિણ ભારતના રચયિતાઓએ ઉત્તરના જોનપુરી, બાગેશ્રી, સોહિણી, ભીમપલાસી વગેરે જેવા આકર્ષક રાગોનો ઉપયોગ શરૂ કર્યો હતો. એ જ રીતે ઉત્તર ભારતે દક્ષિણ ભારતના હંસધ્વનિ અને સિંહેન્દ્ર મધ્યમ જેવા રાગોનો ઉપયોગ શરૂ કર્યો હતો.

સંગીતની આ બંને પદ્ધતિઓ આમ નિકટપણે સંકળાએલી હોવા છતાં તે અલગઅલગ હોવાનો વિરોધાભાસ તો જણાય છે જ. એનું કારણ શું? હિન્દુસ્તાની સંગીતના રાગ આલાપવાદી, અનુવાદી અને અંશસ્વર પર આધારિત હોય છે, જ્યારે કર્ણાટકી સંગીતમાં આ જીવસ્વરો અગત્યનો ભાગ ભજવતા હોવા છતાં વાદી અને અંશસ્વરો એટલા બધા પ્રગટ રૂપે હોતા નથી. હિન્દુસ્તાની સંગીતમાં શરૂઆત ખયાલથી થાય છે, જ્યારે કર્ણાટકી સંગીતમાં વર્ણમ્ અને તે પછી કીર્તિથી શરૂઆત થાય છે. હિન્દુસ્તાની સંગીત દક્ષિણ ભારતના શ્રોતાઓનું સદા માનીતું રહ્યું છે. આ સદીની શરૂમાં નાટયમંડળીઓ તે ગ્રામોફોન કંપનીઓએ હિન્દુસ્તાની સંગીત દક્ષિણમાં લોકપ્રિય બનાવ્યું હતું. હરિકથાઓમાં ભજન અને અભંગોનો સમાવેશ થતો હતો. દક્ષિણના રાજકર્તાઓએ પણ હિન્દુસ્તાની સંગીતકારોને આશ્રય આપ્યો હતો. સાંસ્કૃતિક અને શૈક્ષણિક સંસ્થાઓ પણ ઉત્તરમાંથી કલાકારોને બોલાવતી હતી. એ જ રીતે, ઉત્તરના રાજવીઓ ને સંસ્થાઓ દક્ષિણના સંગીતકારોને આશ્રય આપતાં.

આકાશવાણીના આગમન બાદ હવે દેશભરના શ્રોતાઓ હિન્દુસ્તાની અને કર્ણાટકી બંને સંગીતનો રસાસ્વાદ માણી શકે છે. તેના અખિલ ભારતીય કાર્યક્રમોમાં ઉત્તર તેમજ દક્ષિણના શ્રેષ્ઠ કલાકારોને સાંભળવાની તક મળે છે. —એન. એસ. રામચન્દ્રન્



નવી દિલ્હીમાં સેન્ટ્રલ સ્ટોરેજ ડેપોમાં ઊભું થએલું પ્લાસ્ટિકનું આ કુક્કા જેવું નવતર ગોદામ બ્રિટનમાં તૈયાર થએલું છે. અને હાલ ગરમ પ્રદેશમાં પ્રયોગ તરીકે તેને અહીં ઉપયોગમાં લેવાયું છે. પ્રથમ હવા ભરી ફુલાવેલા આ ગંજાવર કુક્કામાં મથાળેથી અનાજ ભરી એનું મોં બંધ કરી દેવાય છે. બહારથી જરા પણ હવા અંદર પ્રવેશી શકે તેમ ન હોઈ એમાં જીવાતનો કે ભેજનો ભય રહેતો નથી. ૬૬ ફૂટ પહોળા ને ૨૨ ફૂટ ઊંચા આ સંગ્રાહકમાં લગભગ ૫૦૦ ટન અનાજ સમાય છે. જરૂર પડે એનું સ્થળાંતર પણ થઈ શકે છે.

આ પણ પ્રાચીન કવિઓને લુબ્ધ કરનારું કમળ નાયિકાનાં નેત્રોમાં અનેક વાર ફરકયું છે. રક્ત કમલે પ્રિયતમાની નાજુક અને લાલ પાનીમાં સ્થાનસંશ્રય કર્યો છે. શાન્તાકાર ભગવાન વિષ્ણુ કમલનયન છે. કમળના બિસતંતુને ચાંચમાં ભરાવીને ઊડતા હંસો, કામસંતપ્ત શકુન્તલાને સખીઓ દ્વારા થતું કમળપત્રોનું વ્યજન અને કમળપત્ર પર અક્ષરોનું લેખન (લેખન એટલે ખોતરવું) કરતી શકુંતલા એ બધું આપણને સુપરિચિત છે. અને એ કમળપત્રોને પ્રિયંવદા કોની સાથે સરખાવે છે:

શુકોદર સુકુમાર નલિનીપત્ર

પોપટના પેટ જેવું સુકુમાર કમળનું પાંદડું. કેવી તો સૂક્ષ્મ છે કાલિદાસની અવલોકનશક્તિ!

ગુણકર્મ

કમળ શીતળ, વર્ણપ્રદ, મધુર, કફ તથા પિત્તનો નાશ કરનાર, તૃષાની શાંતિ કરનાર, બળતરાનું શમન કરનાર, તેમજ લોહીનો પ્રકોપ, ઝેરની અસર તથા લોહીમાં પિત્ત ભળવાથી ચામડી પર વિવિધ વિકૃતિઓ ફૂટી નીકળવી, એ બધાંમાં ઉપયોગી છે. સફેદ કમળમાં મધુર રસનું, શીતલ ગુણનું આધિક્ય હોવાથી પિત્તની શાંતિ માટે અતિ ઉત્તમ છે.

રાજનિઘંટુના કર્તાએ રાતા કમળમાં લોહીના દોષને દૂર કરવાનો તથા કામશક્તિ વધારવાનો વિશેષ ગુણ છે એમ લખ્યું છે.

ધન્વન્તરિ-નિઘંટુના કર્તાએ નીલકમલને રસાયણમાં શ્રેષ્ઠ, શરીરને સુદૃઢ કરનાર તથા કેશરંજક (વાળને કાળા કરનાર) માનેલું છે.

નવ્ય મત અનુસાર કમળની પાંખડીઓ હૃદયને બળ આપનાર રક્તસ્રાવને રોકનાર, પેશાબ વધારનાર તથા પેશાબને સ્વાભાવિક રંગ આપનાર છે.

ડૉ. દેસાઈના કથન અનુસાર ઉષ્ણ પ્રદેશમાં થતાં કમળોની અપેક્ષાએ ઈરાન કે કાશ્મીર જેવા પ્રદેશમાં થતાં કમળ અધિક ગુણપ્રદ છે.

કમળનું શરબત

કમળની સૂકી પાંદડીઓ ગાંધીને ત્યાંથી મળશે. એ સારી જોઇને લાવીને એમાં આઠ ગણું પાણી ઉમેરી ઉકાળવા મૂકવું. અર્ધું બાકી રહે એટલે ચોખ્ખા વસ્ત્રથી ગાળી લઈ પાંખડીઓથી બમણી સાકરની ચાસણી બનાવી યથાવિધિ શરબત બનાવી લેવું. ગરમીમાં બપોરે બહાર રખડવાથી માથે પિત્ત ચડી જઈ શિરોવેદના થાય છે, એમાં ૧ થી ૨ તોલા આ શરબત પાણી સાથે મેળવીને પીવું. એ ઉપરાંત તૃષામાં, અંશુઘાત (લૂ લાગવા)માં, શરીરમાંથી કોઈ પણ ભાગમાંથી લોહી પડતું હોય કે ચક્કર આવતાં હોય એમાં આ શરબત લાભદાયી છે. કમળનાં તાજાં ફૂલોનો સ્વરસ કાઢી જો શરબત બનાવવામાં આવે તો તે અધિક લાભકારક બને છે.

કમળ-કેસર

કમળનાં ફૂલની પાંખડીઓ વિકસિત કરવાથી એમાં કેસર જેવા તંતુઓનું વર્તુલાકાર ઝૂમખું દેખાશે. આ કમળ-કેસર પરમ પિત્તશામક છે. એને સૂકવી એનું ચૂર્ણ ભરી રાખવું. શરીરના કોઈ પણ ભાગમાંથી પડતા લોહી (રક્તપિત્ત) માં ૦ા તોલો કમળ-કેસરના ચૂર્ણમાં ૦ા તોલો સાકર નાખી દિવસમાં ત્રણ વખત બકરીના દૂધ, ગાયના દૂધ કે છેવટે ઠંડા પાણી સાથે ફાકી જવું. લોહી પડતું બંધ થશે. થોડા દિવસ પ્રયોગ ચાલુ રાખવો.

ગુદભ્રંશ અને ગર્ભાશયભ્રંશ

ગુદા (આમળ)બહાર નીકળી આવતી હોય કે સ્ત્રીઓને ગર્ભાશય સ્વાભાવિક સ્થિતિમાંથી ખસી નીચે ઊતરી ગયું હોય તો એમાં નીચેનો પ્રયોગ લાભદાયી છે.

કમળનાં પાંદડાં(ફૂલની પાંદડી નહિ)ને સૂકવી બનાવેલા ૦ા તોલા ચૂર્ણમાં એટલી જ સાકર નાખી દિવસમાં ત્રણ વખત પાણી સાથે ફાકવું. આ નિર્દોષ પ્રયોગ જે કોઈ અજમાવે તેઓ ઓછામાં ઓછો એક મહિનો લાગટ પ્રયોગ કર્યા પછી પરિણામની જાણ કરે એવી વિનંતી છે. ગુદભ્રંશમાં બાહ્ય પ્રયોગ તરીકે મૂષકતેલ (ઉંદરનું તેલ) અકસીર છે. ગર્ભાશય પણ જો યોનિમાં ઊતરી બહાર ધસી આવતું હોય તો એમાં મૂષક-તેલ અકસીર ઈલાજ છે. કમળનાં પાંદડાંનો પ્રયોગ ઉત્તમ છે અને ચક્રદત્તે તેનો ઉલ્લેખ કરેલો છે.

તાવમાં શરીરે અસહ્ય બળતરા થતી હોય ને દર્દી ત્રાસ અનુભવતો હોય તો દાહશાન્તિ માટે કમળનાં તાજાં ફૂલ પીસીને હૃદય – છાતી પર એનો લેપ કરવો. **લાભશંકર ઠાકર**

કબજિયાત મટાડવા માટે

કબજિયાતના દરદીએ નીચે પ્રમાણે ટેવો પાડવી જોઈએ:

(૧) ખોરાક ખૂબ જ ચાવીને ખાવો કારણ કે ખોરાકનાં ત્રણ અંગોમાંથી ગળ્યાં તત્ત્વો (કાર્બોહાઇડ્રેટ્સ) મોઢામાં પચે છે, નત્રિલ તત્ત્વ (પ્રોટીન્સ) જઠરમાં પચે છે અને ચરબી તત્ત્વ (ફૅટ્સ) નાના આંતરડામાં પચે છે. પાચનક્રિયાની આ કુદરતી સ્થિતિ છે. હવે, જો ખોરાક આખોભાગો જ જાય તો આ અવયવોને આ ખોરાક પચાવતાં શ્રમ પડે છે, તે નબળાં પડે છે અને પરિણામે કબજિયાત થાય છે. આથી ખોરાક જેટલો સારી રીતે ચવાશે એટલી વિશેષ લાભ થશે.

(૨) નિયમિત પાયખાને જવાની ટેવ રાખવી. કબજિયાતને કારણે આંતરડાં એટલાં શિથિલ થઇ ગયાં હોય છે કે એના નિયત ક્રમ પ્રમાણે એ કામ કરી મળને બહાર કાઢતાં નથી. અને પછી તો માણસ પણ એટલો પ્રવૃત્તિમય રહે છે કે કુદરતી હાજતે જવાની ઇચ્છા થાય તો પણ એને અટકાવી રાખે છે. પરિણામે ઝેરનો સંગ્રહ વધતો જાય છે. આથી હાજતની ઇચ્છા થાય કે ન થાય તો પણ નિયમસર પાયખાને જઈ આંતરડાને નિયમિત થવાની ટેવ પાડવી. સામાન્ય રીતે સવારના અને સાંજના આ કાર્ય પતાવવાની ચીવટ રાખવી.

(૩) ત્રીજી ટેવ ઊંઘ અને આરામની છે. બપોરના ભોજન પછી વધારે નહિ તો અરધો કલાક પણ ડાબા પડખે સૂઈ રહેવું. ઊંઘ ન આવે તો પડયા રહેવું, અને એ વખતે મગજને તમામ પ્રકારની આધિવ્યાધિ ઉપાધિમાંથી મુક્ત રાખવું. રાત્રે પણ વહેલા સૂઈ જવું. કબજિયાતના દરદીને ઉજાગરા ખૂબ જ નુકસાનકારક નીવડે છે.

(૪) એવી જ ચોથી મહત્ત્વની ટેવ પાણી પીવાની છે. ભોજન પહેલાં એક કલાક અને ભોજન પછી એક કલાકનો ગાળો જવા દઈને કબજિયાતના દરદીએ છૂટથી પાણી પીવું જોઇએ. નહિ તો ગળાનાં, હોજરીનાં અને આંતરડાંની ગરમીનાં દરદો થાય છે.

(૫) કબજિયાતના દરદીએ પોતાની બેસવાની ટેવ પણ સુધારવી જોઇએ. વાંકા વળીને બેસવાને બદલે હમેશાં ટટ્ટાર જ બેસવાનો મહાવરો રાખવો જોઇએ.

(પ્રવાસી) – ચિકિત્સક

નવો ટ્રેસિંગ કાગળ

ફાટી ન જાય, બધા જ પ્રકારની પેન્સિલોથી ઉપર લખી શકાય તથા ડ્રૉઈંગના રંગો અને ટાઈપરાઇટિંગ પણ થઇ શકે તેવો નવો ટ્રેસિંગ કાગળ ઇંગ્લૅન્ડની ઈસેક્સ ઇલ્ફર્ડ પેઢીએ બનાવ્યો છે. તેના ઉપર ખાસ પડ ચઢાવવામાં આવ્યું હોવાથી લખાણ કે આકૃતિ ભૂંસીને ફરી તે કાઢી શકાય છે.

આ માસ (સપ્ટેમ્બર) ઈતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : ઓ. હેન્રી

ઓગણીસમી સદીના પાછલાં વર્ષોના અમેરિકાની વાસ્તવિક પશ્ચાદ્‌ભૂમિ પર મંડાએલી,



નાના માણસો પ્રત્યેની કરુણા ને સંવેદનાથી યુક્ત તથા અકલ્પિત સમાપનવાળી પોતાની લાક્ષણિક ટૂંકી વાર્તાઓથી અંગ્રેજી સાહિત્યમાં વિખ્યાત વાર્તાકાર ઓ. હેન્રીનું ખરું નામ તો હતું વિલિયમ સીડની પૉર્ટર. નૉર્થ કૅરોલિનામાં ગ્રીન્સબરો મુકામે ઈ. ૧૮૬૨ની ૧૧મી સપ્ટેમ્બરે એનો જન્મ થએલો. પાછલાં વર્ષોમાં એ સીડની પૉર્ટર નામે સહી કરતો. પંદરમે વર્ષે શિક્ષણ અટકી પડ્યું. પણ એની એક કાકીએ એને સારું પ્રોત્સાહન આપ્યું. બિલ ત્યાં કાકાની દવાની દુકાનમાં કામ પણ કરતો. એ વખતમાં તો એ તદ્દન નિસ્તેજ ને માંદલો દેખાતો. પાંચેક વર્ષ પછી એને ટૅક્સાસમાં ઘેટાંઓના વાડાઓમાં રહેવાનું થએલું. અહીં એને 'કાઉ-બૉયઝ'નો સારો પરિચય થયો. ત્યાં તેણે ભારાડી ઢોરચોરોની પણ અનેક વાતો સાંભળી. દેવળના ગાયકવૃંદમાં પણ એ રહેલો ને 'જનરલ લૅન્ડ ઑફિસ'માં એણે નકશાઓ પણ બનાવ્યા.

ત્યાર પછી એ ઑસ્ટિન આવી રહ્યો. ત્યાંનાં એનાં વર્ષો મુશ્કેલીઓમાં જ વીત્યાં. એણે લગ્ન કર્યું – એક એવી યુવતી સાથે જેનાં માબાપ બંને ક્ષયમાં મરી ગએલાં અને આગળ જતાં એ પોતે પણ એનો ભોગ બની હતી. એમનું પ્રથમ સંતાન મરી ગયું. 'ધી રૉલિંગ સ્ટૉન' નામે એણે એક હાસ્યરસિક અઠવાડિક કાઢ્યું એમાં પણ નિષ્ફળતા મળી ને તેને એક બૅંકમાં નોકરી લેવી પડી. એમાં પણ હિસાબના ગોટાળાને કારણે લગભગ એક હજાર ડૉલરની જવાબદારી એના પર આવી પડી ને નોકરી ખોઈ. હ્યુસ્ટન જઈ એ ત્યાંના અખબારમાં જોડાયો. અહીં બૅંકના ગોટાળા બદલ એના પર કેસ થયો ને એ ન્યુ ઑર્લિયન્સ થઈ હોન્ડુરાસ નાસી ગયો.

બેએક વર્ષ પછી પત્નીની માંદગીને કારણે તેને ઑસ્ટિન પાછા ફરવું પડ્યું ત્યારે પેલો કેસ પણ ઊભો જ હતો. એમાં એ ગુનેગાર ઠર્યો ને ઓહિયોમાં કોલંબસની જેલમાં એને રાખવામાં આવ્યો. જેલમાં સોંપાએલી કામગીરી અંગે એને હરવાફરવાની છૂટ રહેતી અને ક્યારેક તો ગામમાં પણ જવા મળતું.

આ દરમિયાન અગાઉ એણે કેટલીક વાર્તાઓ લખેલી, પણ કોલંબસમાં એણે વધુ ગંભીરતાથી લખવા માંડ્યું. એમાં એના જેલવાસી સાથીઓ પાસેથી સાંભળેલી વાતો ને અનુભવોનો રંગ પણ પુરાયો. મનાય છે કે 'ઓ. હેન્રી'નું તખલ્લુસ એણે અહીંથી જ સ્વીકારેલું. જેલમાં એમના એક રક્ષક ઓરિન હેન્રીના નામ પરથી એને એ સૂઝ્યું હશે એમ કહેવાય છે. જો કે એણે પોતે આ તખલ્લુસ બાબત કદી સ્પષ્ટતા કરી નથી.

અહીંથી હવે વાર્તાકાર તરીકેની એની ખ્યાતિનો આરંભ થાય છે. 'બ્લૅક જેક બાર્ગેઈનર,' 'ધી એનચેન્ટેડ કિસ' તથા 'ધી ડુપ્લીસિટી ઑફ હારગ્રેવ્ઝ' આ વખતમાં જ લખાઈ છે. જેલવાસ પછી એ પિટસબર્ગની એક ભંગાર ઓરડીમાં રહેતો, ત્યાંથી ન્યુયૉર્કના તંત્રીઓને વાર્તાઓ મોકલતો. ત્યાં 'એઈન્સ્લી મૅગેઝિને' જો એ ન્યુયૉર્ક જઇને રહે તો એને એક નિયમિત આવક બાંધી આપવાની ખાતરી આપતાં ઇ. ૧૯૦૨માં એ ન્યુયૉર્ક ગયો. પછીનાં આઠ વર્ષ એ વાર્તાકાર તરીકેની એની ઝળહળતી કારકિર્દીનાં છે. ભંગાર વીશીઓ ને ભુલાએલી શેરીઓમાંથી એ જે રોમાંચકતા ખોળી લાવતો એનો વાચકોને ચસકો લાગેલો. નાના માણસો પ્રત્યેની એની કરુણામાં તેઓ સહભાગી બનતા. ને એની વાર્તાના અકલ્પિત અંત માટે તો એમને ભારેનું કુતૂહલ રહેલું.

'કૅબિજિઝ ઍન્ડ કિંગ'માં એણે મધ્ય અમેરિકાની વાતો મૂકી. 'ધી ફોર મિલિયન'માં તત્કાલીન ન્યુયૉર્કનું આલેખન છે. 'ધી ટ્રિમ્ડ લૅમ્પ', 'હાર્ટ ઑવ ધી વેસ્ટ', 'ધી વૉઈસ ઑવ ધી સિટી', 'રોડસ ઑવ ડેસ્ટિની', 'ઑપ્શન્સ', 'સ્ટ્રિક્ટલી બિઝનેસ', 'વ્હીલીગિગ્સ', 'ધી ગિફ્ટ ઑવ ધી મૅગી' વગેરે એની વિખ્યાત કૃતિઓ છે. 'ધી જેન્ટલ ગ્રાફ્ટર'માં જેલવાસ દરમિયાન સાંભળેલી વાતો પરથી એણે વિનયી ધુતારા જેફ પીટર્સની આસપાસ વાર્તાઓ ગૂંથી છે. 'હ્યુસ્ટન પોસ્ટ'ના સંગ્રહમાંથી લેખકના નામ વિનાની કેટલીક વાર્તાઓ પણ ૧૯૩૬માં ઓ. હેન્રીને નામે પ્રકટ થઇ છે, પરંતુ એ ખરેખર જ એની છે એમ ચોક્કસપણે કહી ન શકાય.

એ માયાળુ ને સંવેદનશીલ માણસ હતો. રાતે શેરીઓમાં રખડી એ લોકોને નીરખતો ને એમનામાંથી વાર્તાનું વસ્તુ ખોળી કાઢતો. 'બગીચાના બાંકડેથી, બત્તીના થાંભલેથી કે છાપાંના સ્ટૉલ પરથી એને ઘણી વાર્તાઓ જડી હતી.' જાહેરાતથી તે દૂર નાસતો. પોતાની પેઠે જ શાંતિને માણી શકનાર મિત્ર સાથે જમવામાં એને આનંદ થતો. એ બાળક જેવો કપટરહિત ને ક્યારેક તો સાવ નિરાધાર જેવો લાગતો. ઈ. ૧૯૧૦ની પાંચમી જૂને ન્યુયૉર્કમાં એનું અવસાન થયું.

પ્રસંગવિશેષ : યુદ્ધભૂમિ પર ટૅન્કનો પ્રથમ ઉપયોગ, ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૧૬

તોપમારા વડે અતિશય ખરાબ બનાવી મૂકેલા માર્ગો, કાંટાળા તારનાં જાળાં અને ખાઇઓમાંથી વછૂટતી જર્મન ગોળીઓ સામે ખુલ્લામાં ધસવું એમાં ભયંકર ખુવારી હતી. આ પરિ-



સ્થિતિમાં આગળ ધપી શકે, એવું કોઇ બખ્તરિયા સાધન જરૂરી હતું. બ્રિટિશોએ એ શોધી કાઢ્યું. ગુપ્તતા જાળવવા એને 'ટૅન્ક'ની સંજ્ઞા અપાઇ. એમાં પણ નર અને માદા એવી બે જાત હતી. ભારે કામગીરી બજાવતી નર ટૅન્કમાં છ-છ રતલી ગોળા ફેંકતી બે તોપો હતી, જ્યારે માદા ટૅન્કમાં ચારચાર વાઈકર્સ મશીનગનો. આડશની દીવાલો ને તારનાં જાળાં તોડી આગળ વધી માર્ગ કરવામાં નર અને પાછળ આવી મશીનગનો વડે શત્રુદળનો ખુરદો બોલાવવામાં માદા કામ લાગતી. ૨૬ ફૂટ લાંબી, ૨૮ ટન વજનની, આઠ માણસો સમાવી શકે તેવી ને કલાકે ચાર માઈલના વેગવાળી એ ટૅન્કોમાં ખાડાટેકરા ચડવાઊતરવા પૈડાંને બદલે લોખંડી પટ્ટા હતા. પ્રથમ વિશ્વયુદ્ધમાં ૧૯૧૬ની ૧૫મી સપ્ટેમ્બરે ફ્રાંસની ભૂમિ પર જર્મનો સામે વહેલી સવારના ધુમ્મસમાં જ્યારે આ બ્રિટિશ ટૅન્કોનો ઓચિંતો હુમલો થયો ત્યારે આ નવતર બખ્તરગાડી અને એની કામગીરી જોઇ જર્મનો દિઙ્‌મૂઢ બની ગએલા. એ પ્રાથમિક ટૅન્કો પછી અનુભવે એમાં ઉત્તરોત્તર અનેક સુધારાવધારા થતા રહ્યા છે.

વાચકો લખે છે (અનુસંધાન પૃષ્ઠ ૩૪૦થી)

Maco magazine corporation વગેરે પુસ્તિકાઓ તથા Dr. Wernher von Braun, Willy Ley, Dr. Leslie R. Shophed વગેરેનાં લેખો ને પુસ્તકો એ વિષયની આધારભૂત માહિતી આપશે.

હિન્દી : વિજ્ઞાન-લોક, (કોઈ વાર) વિજ્ઞાન-જગત, નવનીત વગેરે.

ગુજરાતી : 'કુમાર'ના જૂના અંકો તથા ક્યારેક સોવિયેટ દેશ જેવાં અન્ય માસિકો.

(અમદાવાદ) —સુશ્રુતકુમાર પટેલ]

ઑગસ્ટ અંકના પાછલે પાને 'અશ્વ'નું ચિત્ર જોઇ સ્વ. ભાઈ મધુકર શેઠ યાદ આવી ગયા. એમનાં ઘોડાનાં આલેખનો કેટલાં સુંદર હતાં!

શેક્સપીઅરની જે વાર્તામાળા શરૂ કરી છે તે માટે તમને ખૂબ જ અભિનંદન મોકલું છું. જે લોકોને એ સાહિત્યકારની કૃતિઓનો પરિચય નહિ હોય તેવાને તો ખૂબ જ જાણવાનું મળશે. બાળકોને પણ એમાં ખૂબ મઝા આવે છે. એક સંતોષ ને આનંદની વાત છે કે અમારા ત્રણે બાબાઓને 'કુમાર'માં ખૂબ રસ છે; એટલે ભવિષ્યની અમારા ઘરની પેઢીમાં પણ 'કુમાર'નું સ્થાન નિશ્ચિત જ છે. માત્ર નાના બાબાની ફરિયાદ છે કે હવે પહેલાં જેમ 'બાળવિભાગ' કેમ આવતો નથી? 'કંકાવટી'પેઠે એક પાનું બાળકોનું રાખો તો?

ચંદ્રવદનની 'બાંધગઠરિયાં' જેવી વાંચવાની ગમતી તેવી 'રંગગઠરિયાં' ગમતી નથી.

'ઉસ્તાદ અલ્લાઉદ્દીનખાં' અને 'ચંગહસબંદ'નાં જીવનચરિત્રો ખૂબ જ ગમ્યાં. જીવનચરિત્રો વિષે તો આજે વર્ષોથી કુમારની વિશિષ્ટતા એવી જ સુંદર રહી છે.

(બોરીવલી) —લોપા વસા

જુલાઈ અંકમાં પ્રખર સંગીતકાર ઓંકારનાથજીનો પરિચય આપ્યો છે. તેમાં બધી વિગતો સરસ રીતે મુકાઈ છે, પણ એક ઊણપ રહી ગઈ છે કે મધ્યવર્તી સંગીત-નાટક અકાદમીનું બહુ જ માનવંતું ગણાતું વાર્ષિક પારિતોષિક પણ તેમને મળી ગયું છે.

(વડોદરા) —નારાયણ ગ. જોશી

મારી પાસે 'કુમાર'ના નીચેના અંકો છે, કોઈ વાચકને તેનો ખપ હોય તો યોગ્ય કીમતે આપી શકીશ: ૪૫૬, ૪૫૮, ૪૫૯, ૪૬૦, ૪૬૨ ૪૬૪, ૪૬૫, ૪૬૬, ૪૬૮, ૪૬૯, ૪૭૦, ૪૭૧.

—એસ. એન. શાહ (૧૧૨ જી. બી. રોડ વિલેપારલે વેસ્ટ–મુંબાઇ ૫૬ AS)

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીનો 'માંસ' વિષેનો લેખ : સુશ્રુતે ભલે 'પશુઓમાં માદાનું માંસ ને પક્ષીઓમાં નરનું માંસ શ્રેષ્ઠ કહ્યું હશે; પરંતુ ભારતમાં તો માંસાહારી પ્રજા પશુઓમાં નરનું ને પક્ષીઓમાં માદાનું માંસ વખાણે છે.

લોકો બતકીનાં ઇંડાં કરતાં મરઘીનાં ઇંડાં વધુ પસંદ કરે છે તો તેનું શું કારણ? આમ જોઇએ તો બતકીનાં ઇંડાં મોટાં ને કિંમતમાં પણ મરઘીનાં ઇંડાં કરતાં સસ્તાં છે. આવું જ લાલ ખજૂર કાળા ખજૂર કરતાં ચારગણું સસ્તું છે ને છૂટથી મળે છે. કહેવાય છે કે કાળું ખજૂર વધારે ગુણવાળું છે; પરંતુ લાલ ખજૂર કરતાં કેટલા વધારે પ્રમાણમાં ગુણવાળું છે તે જો મારા જેવા જિજ્ઞાસુ વાચકને ડૉ. શિવપ્રસાદ જણાવશે તો મોટો ઉપકાર થશે.

(વિક્રોલી) —જમશેદ મે. હુમસીઆ

મને છેલ્લાં ૩-૪ વર્ષ થયાં માથામાં ભમરીની જગ્યાની આસપાસ અમુક જાતના પોપડા બંધાવાની અને એમાં ખણજ થઈ આવવાની વ્યાધિ થઇ છે. પોપડા થાય એટલે તે ઉખેડી નાખવાની ચળ ઊપડે છે. ચામડીના સ્પેશ્યાલિસ્ટની દવાની અસર થતી નથી. પોપડા નીચેની ચામડી લાલ થઈ જાય છે ને કોઇ વાર લોહી પણ નીકળે છે. ખરજવા જેવી આ બીમારી છે એમ લાગે છે. પણ હજુ ખરજવાની દવા કરી નથી. ખાસ કરીને સવારે અને સાંજના ઘણી ચળ આવે છે. કોઈ ભાઈ આ વ્યાધિની દવા જણાવશે તો આભાર થશે.

(વીલેપારલે) —પુરંજન ધી. વકીલ

'નેહરુ સ્મારક અંક' જોઇને મારી ૧૮ વર્ષની એકની એક બેબી તો બહુ ખુશ થઈ ગઈ. "હાઈક્લાસ 'કુમાર' આવ્યું છે, નેહરુવાળું." એમ બોલી ઊઠી. પૂઠાનું 'જગજ્જ્યોત વિલીન થઈ' એ સૂચક ચિત્ર બહુ ગમ્યું. સમગ્ર અંક જોતાં આંખ ભીની થઈ. શ્રી દેસાઈનું કાવ્ય ઘણું સુંદર છે.

(ચૂડા) —મીન પિયાસી

પગની કણી વગર વાઢકાપે નાબૂદ કરી શકાય? તેનો ઉપાય કોઇ અનુભવી કે જાણકાર વાચક જણાવશે તો આભારી થઇશ.

(અમદાવાદ) —સુશ્રુત પટેલ

રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને કૃપયા મને ૧૯૬૩ની ગાંધીજયંતીના દિને ટૂંક મુલાકાત આપી હતી, ત્યારે મેં 'પ્રાર્થનાના રહસ્ય' માટે So many things are wrought by prayerનું હાર્દ સમજાવવા વિનતિ કરી. તેના ઉત્તરમાં તેમણે જે સંદેશો આપ્યો હતો તે આપના અનેક વાચકોને રસપ્રદ લાગશે: "પ્રાર્થનામાં સંપત્તિ, તંદુરસ્તી અથવા તો એવી કોઈ વસ્તુ ન માગવી, 'પરંતુ પ્રભુ તને ગમે તે રીતે મારો ઉપયોગ કર' એવી આપણી માગણી કરવી. પીડાવાળો, જિજ્ઞાસુ, ધનની ઇચ્છાવાળો ને જ્ઞાની, એ ચાર પ્રકારના ભક્તોમાં સહાયોગી અને અનન્ય ભક્તિવાળા જ્ઞાનીને ગીતામાં ઉત્તમ કહ્યો છે, કારણ કે તેની પ્રાર્થના ઉપયુક્ત પ્રકારની હોય છે."

(મુંબાઈ) —શિવલાલ બી. કારીઆ

અગાઉ આપને 'કુમાર'ના જૂના અંકો ફરીથી છાપવા માટે વિનંતી કરેલી. મારું નમ્ર સૂચન છે કે જેમ અગાઉ 'કુમાર' ચાલુ રહેવાની યોજના બહાર પાડી વાચકોને તેના શેરો ખરીદવા વિનંતી કરેલી તેવી જ રીતે 'કુમાર'ના જૂના અંકો રીપ્રિન્ટ કરવા આવી કોઇ યોજના ઘડી કાઢો તો 'કુમાર'ના વાચકો તેને જરૂર ઉષ્માભર્યો આવકાર આપશે.

(રાજકોટ) —કે. પી. જાદવ

[• બધા જ લેખો સાથેના જૂના અંકો યથાતથ છાપવા શક્ય તેમજ વ્યવહારુ નથી, પરંતુ ત્રણત્રણ વર્ષની ચૂંટણી એક એક ગ્રંથમાં છાપી શકાય. આવા ચયનગ્રંથ વિષે વાચકો પોતાના અભિપ્રાય જણાવશે તો આભાર થશે.]

મે અંકમાં માસ્તર ઉસ્માન બચલ ખુડખુડિયાની ઓળખમાં બે લીટી વધુ:

પંચગની મુસ્લિમ હાઈસ્કૂલમાં તે ડ્રૉઇંગનો પીરિયડ લેતા ત્યારે હું એમનો વિદ્યાર્થી હતો. વર્ગમાં દાખલ થતાંવેંત ખિસ્સામાંથી ચપ્પુ, રબ્બર અને પેન્સિલ બહાર કાઢી, હાથમાંની ડિક્શનેરી સહિત બધું ટેબલ ઉપર મૂકીને પછી કહેતા: 'તલવારના ઝાટકા મારવામાં આવે તો યે તમે બીજે ક્યાં યે નહિ જોતાં મારી સામે જ જોતા રહેજો.' આ એમનું પેટન્ટ વાક્ય હોય એમ એ હમેશાં બોલતા. મેં જીવનના અનેક પ્રસંગે તે ઉપયોગમાં લીધું છે.

કામથી ફારેગ થયા પછી તે તુરત પોતાના કમરામાં ચાલ્યા જતા. ન એ બીજે ક્યાંય નજરે ચડે કે ન કમરામાં કોઇને બોલાવે.

ચિત્રકળા પ્રત્યે તો એમને અનહદ પ્રેમ. વિદ્યાર્થીઓ પ્રત્યે એમની લાગણી અપાર હતી. ગંભીર એવા, કે વર્ગમાં કામ ચાલતું હોય ત્યારે કોઈની મજાલ નહિ કે કોઈ ચૂં કે ચાં કરી શકે; ને રમૂજી એટલા કે વર્ગમાં એકાદ વખત તો વિદ્યાર્થીઓને હસાવ્યા વગર ન રહે.

(કરાચી) —અ. સત્તાર ભૂરા

તોટક

સુખ-બીજ મૂકયું સહુ દુ:ખ વિષે,
જગનાં સુખમાં દુ:ખ મિશ્ર દિસે.

ભગવાન બુદ્ધના પૂર્વજન્મની એક જાતક-કથા એવી છે કે એક જન્મે તેઓ પોપટ હતા ત્યારે ચણવા ઉપરાંત ચાંચમાં દાણા લઇને વારંવાર તે ઊડી પણ જતા હતા. આથી કુતૂહલવશ ખેતમાલિકે તેમને પકડી મંગાવી ખુલાસો પૂછતાં ઉત્તર મળ્યો : 'હું જે લઈ જાઉં છું એમાંથી દેવું વાળું છું, બીજાને થોડું ધીરું છું અને થોડું કોઠારમાં ભરું છું.' આ ઉત્તરમાં માલિકને કાંઈ સમજ ન પડતાં, પોપટે સ્પષ્ટતા કરી: 'મારાં ઘરડાં માબાપ અપંગ છે તેમને ખવડાવીને દેવું ભરું છું; મારાં બચ્ચાંને હજી પાંખ નથી આવી તેમને ખવડાવીને ધીરું છું, અને થોડા દાણા અમારાં ટોળાંમાંનાં અપંગ અનાથને આપું છું તેકોઠારમાંભર્યાસમજું છું'.

કહેવતોના અર્થ: 'કમાડ કરતાં ઉલાળો ભારે'–મુખ્ય મુદ્દા કરતાં નાની વાતને વધારે વજન અપાતું હોય, મુખ્ય પ્રસંગ કે વસ્તુના મહત્ત્વ કરતાં વધારેપડતાં ખર્ચ કે તકલીફ વેઠવાં પડતાં હોય, યા તો પ્રમાણ બહાર વાત જતી હોય તે વખતે આવી કહેવતો વપરાય છે. બીજી બે: 'માથા કરતાં પાઘડી મોટી'; 'ટકાની ડોશી ને ઢબુ મૂંડામણ'; 'માથા કરતાં હેલ ભારે' 'સોના કરતાં ઘડામણ મોંઘું' વગેરે.

કંકોત્રીઓ અને નિમંત્રણોમાં 'સહકુટુંબ પરિવાર સહિત' પધારવાનું લખાય છે તેને બદલે 'સકુટુંબપરિવાર' લખાવું જોઇએ.

અનેકાર્થી શબ્દ: **ચપલા**=ચપળ સ્ત્રી; લક્ષ્મીનું એક નામ; એક અક્ષરમેળ છંદ; આઠ હાથની લાંબી ધજા; કડવા કણબીની એક જાત; જીભ; ભાંગ; ભૂખ્યા માણસની નાડી; પ્રાચીન ભારતમાં બનતી એક પ્રકારની હોડી; વિદ્યુત.

ગણિતગમ્મત

$૧^૨ - ૦^૨ = ૧ + ૦$
$૨^૨ - ૧^૨ = ૨ + ૧$
$૩^૨ - ૨^૨ = ૩ + ૨$
$૪^૨ - ૩^૨ = ૪ + ૩$
$૫^૨ - ૪^૨ = ૫ + ૪$
$૬^૨ - ૫^૨ = ૬ + ૫$
$૭^૨ - ૬^૨ = ૭ + ૬$
$૮^૨ - ૭^૨ = ૮ + ૭$
$૯^૨ - ૮^૨ = ૯ + ૮$
$૧૦^૨ - ૯^૨ = ૧૦ + ૯$

અને એ પ્રમાણે આગળ.

—કાન્તિલાલ મનસુખરામ જોષી

મકાનમાલિક: 'અમને અહીં કશો ઘોંઘાટ ન જોઇએ, તમને કંઈ છોકરાં છે?'

ભાડૂત થવા આવનાર: 'ના'.

'હાર્મોનિયમ, રેડિયો, ગ્રામોફોન?'

'જી, ના.'

'બીજા કશા વાજિંત્રનો શોખ છે? કૂતરો, બિલાડી, પોપટ કંઇ પાળેલું છે?'

ભાડૂત: 'ના જી, પણ મારી ફાઉન્ટન પેન તરડાઇ ગઈ હોઈ ક્યારેક અવાજ કરે છે!'

રસાયન

તાંબા-પારાની ભસ્મો એ કંઈ રસાયન નથી. રસાયનનો સાચો અર્થ તો જે ઔષધોના સેવનથી ઘડપણ ને વ્યાધિ દૂર રહે, એ છે. 'રસાયન'ની માર્મિક સમીક્ષા કરતાં વાગ્ભટ કહે છે કે 'સત્યવાદી, અક્રોધી, અધ્યાત્મમાં જેને લગની છે અને ઈંદ્રિયો થકી જે આત્મવશ છે, જે શાંત ને સદાચારી છે – આવા માણસને કોઈ રસાયનની જરૂર નથી. એનું જીવન તો નિત્ય રસાયન છે.

મોરોક્કોના શાહ મુલ્લાં ઇસમાઇલ ઈ. ૧૭૨૭માં ગુજરી ગયો ત્યારે તેને ૫૪૮ છોકરા અને ૩૪૦ છોકરીઓ હતી! પ્રાચીન ઇજિપ્તના ફારોહ રામેસીસને ૧૬૨ છોકરાં હતાં. જ્યારે ઈ. ૧૯૧૦માં સયામનો રાજા ચૂડાલંકાર ગુજરી ગયો ત્યારે ૩૦૦૦ પત્નીઓથી તેને ૩૭૦ છોકરાં હતાં, જેમાં ૧૩૪ છોકરા અને ૨૩૬ છોકરીઓ હતી. પુરાણમાં વર્ણવેલા સગર રાજાના ૧૦૦૦ પુત્રોની વાતની પણ અહીં નોંધ લેવી ઘટે!

ચીની ભાષામાં મજૂર માટે વપરાતા શબ્દનો અર્થ 'શ્રમ વેચનાર' થાય છે.

Arrangagliotio Natininnavnik Sysarammas Sivik–ગ્રીનલૅંડમાં પ્રકટ થતા આ પત્રનું નામ દુનિયામાં સૌથી લાંબું.



...ત્યાંનો રિચાર્ડ જૉય નામનો કદાવર શરીરનો એક દાણચોર ખલાસી એટલો બળૂકો હતો કે એકવાર એક ટન કરતાં યે વધુ વજન તેણે ઊંચકી બતાવેલું. 'કેન્ટિશ સૅમ્સન' તરીકે એ ઓળખાતો. દાણચોરી કરતાં જ એ મરાયો હતો.

'બ્રૉડસ્ટેર્સમાં સેંટ પીટર્સ મુકામે 'સૅમ્સન જૉય'ની કબર.....

યુનાઇટેડ સ્ટેટ્સના ત્રીજા પ્રમુખ થૉમસ જેફરસનના પૂર્વજો વેલ્સના સ્નૉડોન પરગણામાંથી આવેલા

ડોરસેટમાં આવેલા શેરબૉર્ન કૅસલનું આ ખંડેર અસલ સર વૉલ્ટર રૅલેનું ઘર હતું.

ઇંગ્લંડની લીલીવાડી ગણાતા કેન્ટનાં સુંદર દશ્યોમાં આ અજબ આકારનાં ઘર 'ઑસ્ટ-હાઉસ' જાણીતાં છે. બીઅર દારૂ બનાવવા માટેનો 'હૉપ' ફૂળ સૂકવવા તે ખાસ બંધાય છે.

'હૉપ' ફૂળની ખાસ પેદાશ ધરાવતા કેન્ટમાં થૅનેટના ટાપુ પર બ્રિટનની જૂનામાં જૂની દારૂ બનાવવાની ફૅક્ટરી છે. ૧૬૪૩માં બીઅર પર કર લાગ્યો એના યે પહેલાં ૧૬૩૪માં રામ્સગેઈટ મુકામે 'ટૉમસન ઍન્ડ વૉટન' નામે એક પેઢીનો એ કૌટુંબિક ઉદ્યોગ સ્થપાએલો, તે દર્શાવતું એનું સુરાપાત્ર.



વિલ્સન ડૅમથી નવ માઈલ પર આવેલો પ્રવરા નદીનો **રેધા ધોધ**
ફોટો-કલાકાર **આશ્વન મહેતા**

પર્વતારોહણનો શોખ ધરાવનાર પ્રકૃતિપ્યાસા આ ફોટો-કલાકારે જળધોધના સમગ્ર વિન્યાસનું સૌંદર્ય માણી શકાય એવા કોણથી લીધેલા આ ચિત્રમાં ખરબચડા કાળમીંઢ ખડકોની ભૂમિકા પર રમતા દૂધ-ઊજળા ફેનિલ જલરાશિની રમતિયાળ લીલાને જાણે સજીવ કરી છે. ચિત્રને મથાળે દૂર ક્ષિતિજમાં વેરાએલાં ઝાડવાંથી માંડી નીચલા ડાબા ખૂણામાં, કાળી ભૂમિકા ઉપર કૂદતા ધોધની ઊજળી સજીવતાને ટેકો આપતાં ઝાંખરાં સુધીનું છાયા-પ્રકાશ અને વસ્તુ-સમૂહનું સંયોજન નોંધપાત્ર છે.

'કુમાર' સપ્ટેમ્બર ૧૯૬૪ • સળંગ અંક ૪૮૯ • છૂટક નકલની કિં. રૂ. ૧-૨૫ KUMAR Regd. No. G. 55